# વહાલાં પંખીડાં

- ઉષા પી. હેરી



9BGU2 ના.

# વહાલાં પંખીડાં

લેખિકા

ઉષાબહેન પ્રફુલ્લભાઈ હેરી

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
(ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ)
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

પ્રકાશક
ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

વહાલાં પંખીડાં
પ્રથમ આવૃત્તિ : મે, ૧૯૮૬
નકલ ૧૦૦૦
દ્વિતીય આવૃત્તિ : એપ્રિલ, ૧૯૯૦
નકલ ૧૧૦૦
ત્રીજી આવૃત્તિ : ૧૯૯૮
નકલ ૧૦૦૦
મૂલ્ય : રૂા. ૧૫-૦૦

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

મુદ્રક :
મેટ્રોનિક્સ
ભરવાડા હાઉસ,
હાઈકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૪૬ ૫૧ ૨૭



### સ્વ. રેવ પ્રફુલ્લભાઈ હેરીની પ્રેમભરી યાદમાં

તેમનાં પત્ની શ્રીમતી ઉષાબહેન પી. હેરીએ રૂા. ૧૦,૦૦૦/-નું દાન "વહાલાં પંખીડા" પુસ્તક પ્રકાશન માટે આપેલ છે. દાતા પોતે જ આ પુસ્તકનાં લેખિકા છે અને આમ પોતાનાં પતિ પ્રત્યે આભાર અને પ્રેમ વ્યક્ત કરતા આ પુસ્તક વહાલાં બાળકોને સમર્પિત કર્યું છે.

રેવ. પ્રફુલ્લભાઈ હેરી પોતે એક પ્રખર વક્તા અને પાળકસેવા ક્ષેત્રે ઉપયોગી એવા પુસ્તકો અને લેખોનાં લેખક હતા. તેમની રજુઆત પ્રત્યેક સાંભળનાર કે વાચકો માટે ખૂબ લાભદાયી અને આનંદપ્રદ બની રહેતી અને એ જ દિશામાં આ પુસ્તક સાર્થક બની રહેશે તેવી પ્રાર્થના અને શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ. ઘણાંને માટે આ પુસ્તક આશીર્વાદનું કારણ બની રહે અને ઈશ્વરપિતાનો મહિમા થાય એ જ અભ્યર્થના સહ.

# આવકાર

શ્રીમતી ઉષાબહેન પ્રફુલ્લભાઈ હેરીના આ પ્રથમ પુસ્તકને આવકારતાં સ્વાભાવિક રીતે જ એક બાલસાહિત્ય પ્રેમી તરીકે મને આનંદ થાય. હકીકત તો એ છે કે પ્રમાણમાં ગુજરાતી ખ્રિસ્તી બાલસાહિત્ય અત્યંત અલ્પધન છે, તેમાં આ પુસ્તકથી એક કીમતી ઉમેરો થાય છે.

વિશ્વનો દરેક માણસ જાણે છે કે બાળકોને વાર્તાઓ ખૂબ ગમે છે. તે જ પ્રમાણે દરેક પુખ્ત વ્યક્તિમાં પણ એક સનાતન શિશુ ધબકતું હોય છે. આથી માત્ર બાળકોને જ નહિ પરંતુ મોટાંઓને પણ વાર્તાઓ ગમતી હોય છે. એટલે આ બાલવાર્તાઓ બધાંને ગમશે તેવો મને વિશ્વાસ છે.

બાળકમાં ભારોભાર જિજ્ઞાસા-કુતૂહલ હોય છે, એમાંય એનો વિશેષ રસ હોય છે એની આસપાસની દુનિયામાં. બાળકોના મનોજગતમાં ને આંખોમાં હંમેશાં રમતાં હોય છે. એની આસપાસની દુનિયાની પળેપળમાં ધબકતાં પશુઓ ને પક્ષીઓ, પ્રકૃતિની ક્ષણેક્ષણે નવાં નવાં રૂપ ધરતી રમણીયતાઓ ને જીવનના નાના નાના છતાં ઊંડે ઊંડે ખૂબ મહત્ત્વ ધરાવતા પ્રસંગો. લેખિકાએ બાળકોના આ ભાવજગતને બરોબર ઝીલ્યું

છે, અને તેથી જ આ, નાનકડા સંગ્રહમાં 'લોભી ભૂંડ,' 'આળસુ ચકલો,' 'ઘુવડ, બુલબુલ, ચકલી ને કોયલ વગેરે વચ્ચેની ગીત સ્પર્ધાને નિરૂપતી 'વિજેતા' 'ચાન અને પાલી' (કૂકડો ને કૂકડી) જેવી હૃદયસ્પર્શી વાર્તાઓ છે. તો લેખિકાએ તો વિશેષ ધ્યાનમાં રાખ્યાં છે જીવન મૂલ્યો; ને જુદા જુદા જીવન પ્રસંગો લઈને તેમણે 'જીનવાલજીન', 'સંત પેટ્રિક', 'પ્રાર્થનાનો પ્રત્યુત્તર', 'અજાણ્યો મિત્ર' જેવી સુંદર વાર્તાઓ પણ આપી છે. આ જીવનઘટનાઓને નિરૂપતી કથાઓમાં માત્ર ભારતમાં જ નહિ દુનિયાના ઘણા દેશોની સફરે બાળકોને લઈ જાય છે, તે પણ આ સંગ્રહની એક નોંધપાત્ર વસ્તુ છે.

લેખિકાની શૈલી સરળ ને ભાવવાહી છે. બાળકોને સમજાય તેવી ભાષામાં તેમણે આ કથાઓને આલેખી છે.

આ સંગ્રહથી ગુજરાતના ખ્રિસ્તી-અખ્રિસ્તી બાળકોને ઘણો લાભ થશે - જીવનના સાચા ઘડતરની બાબતમાં યોગ્ય ને છતાં રસમય શિક્ષણ મળી રહેશે તેવી મને શ્રદ્ધા છે. લેખિકા પાસેથી ભવિષ્યમાં આવા ઉત્તમ સંગ્રહો મળી રહે તે જ આપણ સૌને ગમશે.

– ભગવતપ્રસાદ ચૌહાણ
સેક્રેટરી

# લેખિકાના બે બોલ

સૌ પ્રથમ જ્યારે શ્રી ચંદ્રકાંત પથિક બાલવાડીના તંત્રી હતા ત્યારે તેમણે મારા પતિ રેવ. પ્રફુલ્લ હેરીને બાલવાડીમાં વાર્તા લખવા માટેનું આમંત્રણ આપ્યું ને સૌ પ્રથમ ૧૯૭૮ની સાલમાં તેમણે પ્રથમ બાલવાડીમાં વાર્તા આપી જેમાં ઘણી ત્રુટીઓ હોવા છતાં શ્રી ચંદ્રકાંતભાઈએ તેને સપ્રેમ સ્વીકારીને મારા પતિને દર મહિને વાર્તા લખવા માટે ઉત્તેજન આપ્યું. પરંતુ થોડા મહિના બાદ આ કામ મારા પતિએ મને સોંપ્યું. મને નાનાં બાળકોમાં કામ કરવાનું ગમે છે. તેમના જેવા થવું ને તેમના રસ પ્રમાણે તેમને વાર્તા કહેવી એમાં મને ખૂબ આનંદ આવતો. આથી તેમણે મને વાર્તા લખવાનું કહ્યું. ને તેમણે બાળકોને યોગ્ય બોધ લખવો વગેરેમાં ખૂબ મદદ કરી. આમ મેં બાલવાડીમાં વાર્તા લખવાનું કામ ઉપાડી લીધું.

પરંતુ ત્યાર બાદ શ્રીમતી જ્યવંતીબહેને ખ્રિસ્તીબંધુમાં વાર્તા આપવા માટે મને આમંત્રણ આપ્યું. ઘણી પ્રાર્થના કર્યા બાદ મને લાગ્યું કે પ્રભુ આ રીતે તેની સેવા મારા દ્વારા કરાવવા માગે છે ને તેથી પ્રાર્થના સાથે દર મહિને મેં ખ્રિસ્તીબંધુમાં વાર્તા આપવાનું શરૂ કર્યું. આનાં પરિણામે ગુજરાતમાંથી ને ગુજરાતના બહારના પણ ઘણાં બધાં નાનાં અને મોટાં, વડીલો અને જુવાનો તરફથી મને ઉત્તેજનના શબ્દો સાંભળવા મળ્યાં. વળી આ વાર્તાઓ દ્વારા તેમને આત્મિક આશીર્વાદ મળ્યો છે તેમ પણ જાણ્યું. આ વાર્તાઓ પોતે વાંચે છે એમ જ નહિ પણ પોતાનાં બાળકોને પણ કહી

સંભળાવે છે. વળી કેટલાંક તો બાળવાર્તાને માટે ખ્રિસ્તીબંધુની દર મહિને ખૂબ આતુરતાથી રાહ જોઈ રહે છે. આવા આવા શબ્દો સાંભળી મને ખૂબ ઉત્તેજન મળ્યું. સાથે સાથે આ નાનું શું કાર્ય વધુ ખંતથી ને નિયમિત રીતે કરવા માટે પ્રભુની સહાય માંગવા માટેનો વધુ બોજ મળ્યો.

આશરે બે વર્ષ પછી ટ્રાકટ સોસાયટીની કાર્યવાહક કમિટીએ આ વાર્તાઓને પુસ્તકના રૂપમાં પ્રગટ કરવાનો નિર્ણય કર્યો. એ નિર્ણયને કૃત્યમાં મૂકવા માટે પ્રિન્સિપાલ ભગવતપ્રસાદ ચૌહાણ સાહેબે ખૂબ જહેમત ઉઠાવી. પુસ્તકની પ્રસ્તાવના લખવા બદલ અને મારા જેવી ઊગતી લેખિકાને વધુ પ્રોત્સાહન મળે માટે જે સુંદર શબ્દોથી મારી વાર્તાઓને સજાવી તે બદલ હું તેમનો અંતઃકરણથી આભાર માનું છું. વળી શ્રી ઈમાનુએલ સી. ક્રિસ્ટીએ તેનું પ્રૂફરીડીંગ કરવામાં પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો તે બદલ તેમનો પણ આભાર માનું છું.

અને ખાસ તો આ વાર્તાઓ લખવા માટે જેઓએ મને ખૂબ પ્રેરણા આપી છે, ઉત્તેજન પમાડ્યું તથા પ્રાર્થના દ્વારા ખૂબ ટેકો આપ્યો છે એવા મારા જીવનસાથી પ્રફુલ્લની ખૂબ આભારી છું.

આજે આ પુસ્તક મારાં બે બાળકો ચિરંજીવી સેમી ને ક્રિસ્ટીનાને અર્પણ કરતાં હું આનંદ અનુભવું છું ને મારી આશા તથા પ્રાર્થના છે કે આ વાર્તાઓ દ્વારા સમગ્ર ગુજરાતના ને ગુજરાતની બહાર વસેલા બધાં જ ગુજરાતી બાળકો અને મોટેરાંઓને માટે આશીર્વાદ સમાન બની રહો એ જ અભ્યર્થના સાથે.

તારીખ : ૯-૫-૧૯૮૬

ઉષાબહેન પ્રફુલ્લભાઈ હેરી
જી. યુ. એસ. ટી.
અમદાવાદ-૬

# બીજી આવૃત્તિ

જણાવતાં પુષ્કળ આનંદ થાય છે કે ગુજરાતના ખ્રિસ્તી સમાજમાં ખ્રિસ્તી બાળસાહિત્ય પ્રત્યેનો પ્રેમ વધતો જાય છે. આથી પરમપિતાની સ્તુતિ કરીએ છીએ. બાળકો તો પ્રભુએ આપેલું ધન છે. એમને બાળપણથી સારા સંસ્કારો મળે અને તે પ્રભુ ઈસુની માફક જ્ઞાનમાં અને કદમાં, ઈશ્વરની અને માણસોની પ્રસન્નતામાં વધતાં જાય તે જરૂરી છે.

'વહાલાં પંખીડા'ની આ બીજી આવૃત્તિ થાય છે તે માટે લેખિકા બહેન ડીકનેસ ઉષાબહેન પ્રફુલ્લભાઈ હેરી આપણાં અભિનંદનને પાત્ર છે. પ્રથમ આવૃત્તિ પછી તેમના પતિ સ્વ. રેવ. પ્રફુલ્લભાઈ હેરી હૃદયરોગના હુમલામાં દુઃખદ અવસાન પામ્યા. તે પોતે એક સારા લેખક અને ઉમદા વક્તા હતા. સદ્ગત પ્રફુલ્લભાઈ હેરીના સ્મરણાર્થે શ્રીમતી ડીકનેસ ઉષાબહેન હેરીએ રૂા. ૧૦,૦૦૦/-નું મોટું દાન આપ્યું છે, જે બદલ ઉષાબહેનનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. આશા અને પ્રાર્થના છે કે ગુજરાતના ખ્રિસ્તી બાળકો માટે આ પુસ્તક એક મહાન વારસો બની જશે.

- ભગવતપ્રસાદ ચૌહાણ
સેક્રેટરી

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પ્રાર્થનાનો પ્રત્યુત્તર | ૧ |
| અજાણ્યો મિત્ર | ૪ |
| વીતી ગયેલી પળ | ૮ |
| વિમાનનો અદ્‌ભુત બચાવ | ૧૨ |
| પ્રાર્થનાવાદી ખેડૂત | ૧૫ |
| લોભી ભૂંડ | ૧૮ |
| જ્યોર્જ વોશિંગ્ટન | ૨૧ |
| અદ્‌ભુત બદલાણ | ૨૪ |
| આળસુ ચકલો | ૨૭ |
| માછીમારોનો ટાપુ | ૩૧ |
| નાનો મરઘો | ૩૫ |
| ખિસકોલી અને બચ્ચાં | ૩૮ |
| રાજા અને શાણો વજીર | ૪૧ |
| આફતો દ્વારા આશીર્વાદ | ૪૩ |
| કઠિયારાઓનો બચાવ | ૪૬ |
| સોનાનો ચાંદ | ૫૧ |
| રે અને ડોરા | ૫૪ |
| ટોમ અને દાદાજી | ૫૭ |

| | |
|---|---|
| હર્ષદની ઘડિયાળ | ૬૦ |
| તેડું | ૬૨ |
| જૂનાં જોડાં | ૬૬ |
| ચાન અને પાલી | ૬૯ |
| ખાણિયાઓની નાતાલ | ૭૪ |
| કુશળ શિલ્પકાર | ૭૯ |
| જીનવાલજીન | ૮૧ |
| બે મિત્રો | ૮૬ |
| ના'વાનો કૂંડ | ૮૯ |
| અવેજ | ૯૨ |
| ઊંઘણશી ઓક | ૯૫ |
| વિજેતા | ૯૮ |
| સંત પેટ્રીક | ૧૦૨ |
| મરણનો દૂત | ૧૦૫ |
| મહાન બલિદાન | ૧૦૮ |
| ઈરાનનો શહેનશાહ | ૧૧૧ |
| સાચી મિત્રતા | ૧૧૪ |

# .પ્રાર્થનાનો પ્રત્યુત્તર

**એ**ક નાનો છોકરો હતો. તેનું નામ ડેનીશ. આ ડેનીશને નાનપણમાં જ ટી. બી.નો રોગ લાગુ પડ્યો, ને તે નાના છોકરાની માંદગી દિવસે દિવસે વધવા લાગી, અને આથી તે હવે જાણે નહિ જીવે એવી સ્થિતિ આવીને ઊભી રહી. પરંતુ આ ડેનીશનાં માબાપ ખૂબ ધાર્મિક હતાં. તેઓ ઈશ્વર પર પ્રેમ કરનાર હતાં ને તેથી તેઓ તેમના આ નાના દીકરાની માંદગી માટે આગ્રહથી પ્રાર્થના કરતાં હતાં, ને પ્રભુ આગળ આંસુઓ સહિત તેમના આ નાના દીકરાને સાજાપણું આપવા માટે પ્રભુને રાતદિવસ વિનંતી કરતાં હતાં. અને ખરેખર જ પ્રભુએ તેમની પ્રાર્થના સાંભળી, ને નાના ડેનીશને આ ભયંકર રોગમાંથી બચાવી લીધો. અને આથી માબાપની આંખોમાંથી આભારસ્તુતિનાં આંસુઓ સુકાતાં ન હતાં. તેઓ ઈશ્વરની સ્તુતિ કરતાં નાના ડેનીશને પાછો સહીસલામત હોસ્પિટલમાંથી ઘરે લઈ આવ્યાં. પરંતુ નાના ડેનીશની જિંદગી બચાવવા માટે જે ભારે દવાઓ અને ઈન્જેકશનો આપવાં પડ્યાં હતાં તેને લીધે તેના પગોમાં ખોડ આવી ગઈ, ને હવે તે પોતે

ઘોડી વગર ચાલી શકતો નહોતો, ને તેથી માબાપનાં મનમાં આ સંબંધી થોડો વસવસો રહી ગયો.

પરંતુ તેથી ડેનીશના ભણવામાં કે તેના રોજના જીવનનાં જુદાં જુદાં કામોમાં કોઈ તકલીફ નહોતી, ને તેથી તે સરસ ભણ્યો. હવે તો તે જુવાન છોકરો થયો હતો અને હવે કોલેજનો અભ્યાસ શરૂ કરવાની તૈયારીમાં હતો, તે જ અરસામાં તેના દેશ પર દુશ્મન રાજ્યે ચઢાઈ કરી. આથી ડેનીશના દેશની સરકારે કાયદો કર્યો કે, દેશના સર્વ જુવાનોએ લશ્કરમાં ફરજિયાત ભરતી થવું પડશે. કોલેજના સર્વ વિદ્યાર્થીઓને લશ્કરમાં ભરતી થવા માટે મોકલવામાં આવ્યા.

હવે જ્યારે ડેનીશનો વારો આવ્યો ત્યારે તેને તો લશ્કરમાં ભરતી કરવા માટે તેના પગની ખોડને લઈને નાપસંદ કર્યો, પણ તેના બધા જ મિત્રોને ફરજિયાત લશ્કરમાં જવું પડ્યું. ખરેખર, તેની શારીરિક ખોડને લઈને ડેનીશ તો બચી ગયો. તેના માબાપ હવે ડેનીશના શરીરમાં જે ખોડ હતી તેના માટે પ્રભુનો ખૂબ આભાર માનવા લાગ્યા, કારણ કે ત્યાર પછી ભયંકર લડાઈ ચાલી, તેથી ડેનીશના બધા જ કોલેજિયન મિત્રોની ટુકડીને સરહદ પર લડવા જવું પડ્યું, ને એવા સમાચાર આવ્યા કે દેશને ખાતર લડતાં તેના બધા જ મિત્રો માર્યા ગયા, ને એક પણ પાછો આવ્યો નહિ.

આ સમાચાર આવ્યા તે સાંભળતાં જ ડેનીશના અંતરાત્મામાંથી અવાજ આવ્યો કે, જો ડેનીશ, આજે તું ખોડ વગરનો હોત, તો તારી પણ આ જ સ્થિતિ થાત. તેની શારીરિક ખોડ તેના માટે

આશીર્વાદરૂપ બની રહી હતી તેનું તેને તેનાં માબાપને ભાન થયું. ત્યાર પછી ડેનીશ તેને જે ગાવાનું ને ગીતો રચવાનું સુંદર તાલંત મળ્યું હતું તેનો ઉપયોગ કરી ઈશ્વરસ્તુતિનાં ગીતો રચવા લાગ્યો, ને તેને સુંદર રાગો આપી ગાવા લાગ્યો, ને તે રીતે તે ઈશ્વરની સુવાર્તા ફેલાવવા લાગ્યો.

વહાલાં બાળકો, ઘણી વખત આપણે પણ આપણા જીવનમાં ઈશ્વરના ઇરાદાઓ સમજી શક્તાં નથી, પણ જેમ પ્રેરિત પાઉલ કહે છે તેમ, "જેઓ તેના પર પ્રેમ કરે છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે."

# ‘અજાણ્યો મિત્ર’

**એ**ક મોટા શહેરમાં વિમાનઘર હતું. આ વિમાનઘર પરથી દરરોજ કેટલાંય વિમાનો દેશપરદેશ ઊડતાં. વળી કેટલાંક બગડી ગયેલાં વિમાનોને સમારકામ માટે રાખવામાં આવતાં. આમ જુદા જુદા માણસો વિમાનઘરમાં જુદી જુદી સેવાઓ બજાવતા હતા. એવા જ એક વિભાગમાં થોડા પાયલટ વિમાનનું સમારકામ કરતા હતા. ને સમારકામ થઈ ગયા પછી નિયત કરેલા હવાઈ માર્ગ પર તેઓ તેમની ચકાસણી કરવા માટે ઉડાડી લઈ જતા ને તે રીતે બરાબર તેની કસોટી કર્યા પછી લાંબા ઉડ્ડયન માટે તે વિમાનને પસંદ કરવામાં આવતું. આમ રોજ પાયલટ અને તેના સાથીદાર માટે તે હવાઈમાર્ગ રોજનો રસ્તો થઈ પડ્યો હતો. રોજ એ જ ખેતરો, મકાનો, રેલવે સ્ટેશન, રેલગાડીઓ અને તે જગામાં વસતા લોકો, આ બધું જ જાણે તેમને માટે જૂનું ને જાણીતું થઈ ગયું હતું.

એક દિવસ એ જ રીતે એક પાયલટ તેના સાથીદાર સાથે એક વિમાન લઈને તેની ચકાસણી કરવા માટે નિયત કરેલા

રોજિંદા હવાઈમાર્ગ પર નીકળી પડ્યો. આ વિમાન ખૂબ નીચું ઉડ્ડયન કરી રહ્યું હતું ને વળી તેની ગતિ પણ ધીમી હતી. આ જાતના ઉડ્ડયનથી તેઓ ટેવાઈ ગયેલા હોઈ વાતો કરતાં કરતાં રસ્તો કાપી રહ્યા હતા. નીચે જમીન પર રહેતા લોકો પણ આ વિમાનોના ઉડ્ડયનથી ટેવાઈ ગયા હતા.

એટલામાં પેલા પાયલટે બારીમાંથી નીચે જોયું તો તેને આશ્ચર્ય થયું. તેણે તેના સાથીદારને એકદમ કહ્યું, જો જો પેલા ખેતરમાં આવેલા મકાન પર શું દેખાય છે ? અરે! ધુમાડો ખૂબ નીકળતો હોય એમ લાગે છે! પાછું વાળ વિમાન અને જરા નીચે ઉડ્ડયન કરીએ, પેલા સાથીદારે કહ્યું.

પાયલટ કહે હા, આગ જેવું જ લાગે છે. કારણ કે મને કંઈ બળતું હોય તેવો પ્રકાશ પણ દેખાય છે. આમ કહી એકદમ તે વિમાન નીચું લાવ્યો ને ખેડૂતના મકાન પર જ ઘરરરર...હ ઘરરરર... કરી વિમાને ચકરાવા લેવા માંડ્યા ને પછી તરત ખેતર તરફ આગળ વધ્યું ને પાછું આવી જ્યાંથી ધુમાડો નીકળતો હતો તેના પર ચકરાવા લેવા માંડ્યું. પાયલટ કહે જો જો પૂળા રાખવાનું ગોદામ છે, તેમાં જ આગ લાગી છે. અને જો તે વધશે તો ઘરને પણ આગ લાગશે ને બધું બળીને ખાખ થઈ જશે. મને લાગે છે, ખેડૂત ને તેનાં ઘરનાંને આની ખબર નથી.

તેથી પાયલટે તો ઉપર, નીચે ને ગોળ ગોળ ચકરાવો લઈને એટલું બધું નીચે પ્લેન ઉડાડવા માંડ્યું કે, ખેડૂતના ઘરમાં રસોડાનાં

બધાં વાસણો પણ ખખડવા લાગ્યાં. પાછું ચકરાવો મારી (પ્લેન) વિમાન તે ઘર પર પાછું ઉડાડવા માંડ્યું. આ વખતે ખેડૂતની પત્ની ઘરની બહાર નીકળી, શું બની રહ્યું છે તે જોવા લાગી. ખેડૂતની પત્નીને જોઈ પાયલટ કહે હા, હવે મને લાગે છે કે તે બહેનને ખબર પડી છે કે આપણે કેમ આટલું બધું નીચું વિમાન તેના ઘર પર ઉડાડીએ છીએ.

એટલામાં પેલી સ્ત્રી ઘરમાંથી દોડીને બહાર આવી સફેદ રૂમાલ હાથમાં રાખી હલાવવા લાગી. તેથી પાયલટ ને તેના સાથીદારને ખાતરી થઈ ગઈ કે તેઓ શા માટે આટલું બધું નીચું વિમાન ઉડાડી રહ્યા છે તે કારણની તે સ્ત્રીને ખબર છે. તેઓ નીચે બરાબર ધ્યાન રાખીને જોઈ રહ્યા હતા એટલામાં તો સાત આઠ ફાયરબ્રિગેડના બંબા ને બીજી મોટરો આવી ને આગ હોલવી નાખી. પછી પેલું વિમાન છેલ્લી એક વાર આગ હોલવાઈ ગઈ કે નહિ તેની ખાતરી કરી જતું રહ્યું, ને તેઓ બંનેએ આજે આગમાંથી એક ઘરને ઉગારી લીધું હતું, એ વિચારથી પોતાની જાતને ખૂબ ધન્ય માનતા હતા.

તે દિવસથી ખેડૂત અને તેની પત્ની રોજ એ વિમાનની રાહ જોતાં ને જ્યારે વિમાનનો અવાજ સંભળાતો કે તરત તેઓ ઘરની બહાર આવી સફેદ રૂમાલ હલાવતાં ને પોતાનો આભારી ભાવ પ્રગટ કરતાં.

વહાલાં બાળકો, આ વર્ષ દરમિયાન તમને જ્યાં કઈ તક મળે ત્યાં મુશ્કેલીમાં કે સંકટમાં આવી પડ્યાં હોય તેવા

જરૂરિયાતવાળાંઓને તમારાથી જે કંઈ મદદ થઈ શકે તે જરૂરથા કરજો ને તેમ તમે પણ તેમના અજાણ્યા મિત્રો બની શકશો. વળી આત્મિક રીતે પણ હજુ જેઓ સંકટમાં આવી પડેલાં છે તેઓને ખ્રિસ્ત ઈસુ તેમના તારનાર છે એ વધામણી સંભળાવી સર્વકાળના નાશમાંથી તમે તેમને બચાવી શકશો.

# વીતી ગયેલી પળ

રશિયા દેશની આ વાત છે. બાઈબલમાં મારથા જેમ હંમેશાં ઘરકામમાં અને રસોઈમાં ગૂંથાયેલી હતી, તેમ ત્યાં પણ એક ખેડૂત સ્ત્રી હંમેશાં પોતાના ઘરકામમાં જ મશગૂલ રહેતી.

એક સાંજે તે ઘર વાળતી હતી ત્યાં તેના બારણે ટકોરા પડ્યા. તે તો જલદી જલદી બારણું ખોલવા ગઈ અને બારણું ઉઘાડ્યું તો તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. ત્રણ ઊંચા કદાવર અને ખૂબ જ કીમતી પોષાકો પહેરેલા પુરુષો તેના બારણા આગળ ઊભા હતા. તેમાંથી એક જણે પૂછ્યું કે, ‘‘બહેન અમે ખૂબ દૂર દેશથી મુસાફરી કરતા કરતા આવ્યા છીએ. અને ખૂબ જ થાકી ગયા છીએ ને અમને ભૂખ પણ લાગી છે. જો તમારી પાસે ખાવાનું હોય તો મહેરબાની કરી અમને થોડું આપો.’’

‘‘ભલે પધાર્યા મારા સાહેબો.’’ એમ કહી તે બહેને તેમને પોતાના ઘરમાં બોલાવીને બેસાડ્યા. તે જલદી જલદી તેમના માટે રસોઈ કરવા લાગી ને સરસ રસોઈ તૈયાર કરી એ ત્રણે જણને જમાડ્યા. પછી તેમની સાથે વાત કરતાં પૂછવા લાગી, ‘‘પણ તમે

આટલી લાંબી મુસાફરી કરી જાઓ છો ક્યાં?" એકે કહ્યું, "અમે એક નવીન તારો પૂર્વમાં ચમકતો જોયો છે. અમે એમ માનીએ છીએ કે આ તારો તે એક મહાન રાજાની વધામણીરૂપે દેખાયો છે તેથી અમે ભેટસોગાદો લઈ તે રાજાને અર્પણ કરવા જઈએ છીએ."

પેલી સ્ત્રી તો તાકીને આ ત્રણે જણને જોઈ જ રહી ને બોલી, "આ અદ્‌ભુત બાળકને જોવા મારે પણ આવવું છે."

પેલા ત્રણે જણે કહ્યું, "તો તમે પણ અમારી સાથે ચાલો, એકાદ કલાકમાં જ આપણે આપણી મુસાફરી શરૂ કરીશું." એટલે પેલી બહેન તો વિચારમાં પડી ગઈ કે, 'અરે એક કલાકમાં તો હું તૈયાર થઈ શકીશ કે નહિ? કારણ કે મારે મારું ઘર સ્વચ્છ અને વ્યવસ્થિત કરવાનું છે. વળી મારા પડોશીઓને કહેવું પડશે કે હું બહાર જાઉં ત્યારે મારું ઘર જોતા રહે. વળી એ નાના બાળરાજા માટે કંઈક સુંદર ભેટ પણ લઈ જવી પડશે.' તેથી મનમાં ને મનમાં તે કહેવા લાગી, 'મને નથી લાગતું કે એક કલાક આ બધાં કામ માટે પૂરતો થાય.'

તેથી એક કલાક પછી પેલા ત્રણ જ્ઞાની માણસોએ તો મુસાફરી શરૂ કરી ત્યારે પેલી સ્ત્રી તેમને કહે છે કે, 'સાહેબો હું તમારી પાછળ આવું છું, ને હું તમારી સાથે થઈ જઈશ.'

બીજા દિવસે પેલી સ્ત્રીએ તો તેનું ઘર વાળ્યું અને પોતું કર્યું. ત્યાર પછીના દિવસે તેની પાસે જે કંઈ રાચરચીલું હતું તેમાંથી પેલા બાળરાજા માટે કોઈ કીમતી ભેટ શોધવા લાગી. પછી તેની પાસે જે સારામાં સારાં કપડાં હતાં તે તેણે પહેર્યાં ને પછી પોતાની

મુસાફરી શરૂ કરી. પણ બિચારી પેલા ત્રણ અજાણ્યા પુરુષો જે રસ્તે ગયેલા તે રસ્તો ભૂલી ગઈ. પેલા ત્રણ જ્ઞાની પુરુષો તો તારાને જોતા જોતા મોટા ભાગે રાતે જ મુસાફરી કરતા હતા. તેથી ખાસ કોઈ માણસોએ તેમને જોયા નહોતા. પેલી સ્ત્રી તો ઘણાં બધાં ઘરોએ જઈ પૂછ્વા લાગી કે, ભાઈ કીમતી વસ્ત્રો પહેરેલા ત્રણ માણસોને અહીંથી પસાર થતા જોયા? પણ બધા ઘરેથી એક જ જવાબ મળતો, 'ના, એવા કોઈ માણસોને અમે જોયા નથી.'

આમ પૂછ્તી પૂછ્તી તે સ્ત્રી તો આગળ ને આગળ જવા લાગી. આ સ્ત્રીને દોરવણી આપી શકે એવો તારો પણ ન હતો કે જેને જોઈને તે સાચા માર્ગે જઈ શકે ને તેથી તે તો ભૂલી પડી.

બિચારી એ સ્ત્રી તો ખૂબ જ દુઃખી અને નિરાશ થઈ ગઈ ને વિચારવા લાગી કે અરેરે હવે મને બાળરાજાનાં દર્શન કરવા નહિ મળે. તેને પોતાની જાત પર ધિક્કાર આવ્યો કે હું શા માટે મારું ઘર સાફ કરવા રહી અને મોડી પડી.

પણ આ ખેડૂત સ્ત્રીએ તો બાળરાજાની શોધ કરવાનું ચાલુ જ રાખ્યું.

વહાલાં બાળકો, રશિયા દેશમાં આવી દંતકથા ચાલે છે કે આ ખેડૂત સ્ત્રી હજુ પણ એ બાળરાજાની શોધ જ કરી રહી છે. અને તેથી દર નાતાલે સવારે તે દરેક નાના બાળકની મુલાકાત લે છે. અને તેમને સુંદર ભેટો આપી જાય છે અને તેમ કરી બાળરાજા ઈસુને જે ભેટ તે આપવા માગતી હતી તે તે દરેક નાના બાળકને દર નાતાલે આપીને પોતે જે તક ખોઈ નાખી હતી

તેને માટે આશ્વાસન લે છે. અને તે હજુ પણ આશા રાખે છે કે એક દિવસ તે બાળરાજા ઈસુને મેળવી શકશે.

પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારવાની તક દરેકને માટે છે. આજે જ તેની આગળ પાપની કબૂલાત કરી તેને અંગત તારનાર તરીકે સ્વીકારો. નહિ તો તક જતી રહશે; પસ્તાવું પડશે માટે પ્રભુને સોંપાઈ જાવ.

માથ્થી ૧:૨૧ ને તું તેનું નામ ઈસુ પાડશે કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે.

# વિમાનનો અદ્ભુત બચાવ

**એ**ક નાનું ગામડું હતું. આ ગામમાં લોકો પોતાનાં ખેતરોમાં ઘરો બાંધીને રહેતા. તેમનાં ઘરોની બાજુમાં તેમનાં ગાય, ભેંસ, ઘોડા, ઘેટાંબકરાં વગેરેને રાખવા માટેની ગભાણ બાજુમાં તબેલો ને વાડો હોય ને પછી મોટાં મોટાં ખેતરો હોય. આ ખેતરોને તારની વાડ હોય. કોઈ કોઈને વળી લાકડાના પાટિયાની વાડ બનાવી હોય. આમ ગામ લોકો મહેનતુ અને ખાધેપીધે સુખી હતા.

આ નાનકડા ગામમાં ડેવિડ કરીને એક છોકરો રહેતો હતો. ગામથી દૂરની એક શાળામાં તે રોજ ઘોડા પર બેસીને નિશાળે જતો. પાછો ઘરે આવીને તેના પિતાનાં ઘેટાં, બકરાં, ગાયો, ભેંસો ચરાવવા જતો. તેમને પાણી પીવડાવતો ને સાંજે અંધારું થવા આવે એટલે બધાં ઢોરને ગણીને પાછા વાડામાં પૂરી દેતો.

રોજ સાંજે આમ અંધારું થાય ત્યાં સુધી તે કામ કરતો. આથી અંધારામાં પણ દૂર સુધી જોઈ શકાય તે માટે તેના પિતાએ તેને એક બહુ જ પાવરફુલ એવી મોટી બેટરી (ટોર્ચ) લાવી આપી

હતી. આ બેટરીના પ્રકાશથી એક પણ ઘેટું કે બકરું ખોયા વગર અંધારામાં પણ તે તેમને સહીસલામત ઘેર લાવતો.

તેના ઘર પરથી રોજ સાંજે એક વિમાન પસાર થતું હતું. તે જોવાની ડેવિડને ખૂબ મજા પડતી. આથી રોજ સાડા સાત વાગ્યાના સુમારે તે પ્લેનને જોવા અચૂક ખેતરની વાડ પર બેસતો ને વિમાનને જોઈને ખુશ થતો. એક દિવસ એવું બન્યું કે ડેવિડ તે સાંજે પ્લેનની રાહ જોતો બેઠો હતો એટલામાં તો દૂરથી આવતું એ પ્લેન જાણે તેના ખેતર પર આવી ચક્કર ફરવા લાગ્યું. આથી ડેવિડને ખૂબ નવાઈ લાગી કે આજે આમ કેમ? આજે મારા ઘર પરથી આ વિમાન પસાર થઈ જવાને બદલે આમ ચકરાવા કેમ માર્યા કરે છે? અંધારું હતું તેથી વિમાનની નાની લાલ લીલી બત્તીઓ સિવાય બીજું કશું જોઈ શકાતું ન હતું. આથી ડેવિડ તો દોડતો પોતાના ઘરમાં ગયો ને પેલી ખૂબ જ પાવરફુલ બેટરી લઈ આવ્યો ને પાછો પોતાની જગા પર બેસી જઈ તે બેટરીનો પ્રકાશ વિમાન સામે ધરવા લાગ્યો ને જોવા લાગ્યો કે વિમાનનું શું થયું.

એટલામાં તો વિમાનના પાયલટે ડેવિડની આ પાવરફુલ બેટરીના પ્રકાશમાં નીચે જોયું તો ખુલ્લું મેદાન જેવું દેખાયું. જેથી ધીમે ધીમે પોતાનું વિમાન નીચે આણ્યું ને ડેવિડના ખેતરમાં જ ઉતાર્યું. વિમાન જમીન પર ઊભું રહ્યું કે તરત તેનો પાયલટ ને બીજા બે ત્રણ માણસો પૂછપરછ કરતાં જણાવ્યું કે વિમાનમાં કંઈક મુશ્કેલી ઊભી થઈ છે. વળી આગળ જઈ શકે તેમ નથી.

ત્યાર બાદ વિમાનના પાયલટે ડેવિડનો ખૂબ આભાર માન્યો ને કહ્યું કે તારી બેટરીના પ્રકાશથી જ અમે સફળ રીતે નીચે

ઊતરી શક્યા. જો બેટરીનો પ્રકાશ મળ્યો ના હોત તો આજે આ વિમાનનો ગંભીર અકસ્માત થાત ને અમે બધા માર્યા જાત. ભાઈ ડેવિડ, આજે તેં જ અમને બચાવી લીધા છે. અમે ખરેખર તારો આભાર માનીએ છીએ.

થોડા દિવસો પછી વિમાનની યાંત્રિક ખામી દૂર કરવામાં આવી અને ફરીથી વિમાન ઊંચે આકાશમાં ઊડવા લાગ્યું. હવે રોજ વિમાન ડેવિડના ઘર પરથી પસાર થતું ત્યારે પાયલટ ડેવિડને યાદ કરતો.

વહાલાં બાળકો, દાઉદભક્ત લખે છે, "ઈશ્વરનું વચન દીવારૂપ છે તે આપણા માર્ગને સારુ અજવાળારૂપ છે" (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫). જીવનના માર્ગ પર પ્રભુનું વચન આપણને દોરે છે. બાઈબલનાં વચનો રોજ રોજ વાંચીએ, મુખપાઠ કરીએ કે જે આપણને મુશ્કેલીઓમાંથી બચાવે છે.

# પ્રાર્થનાવાદી ખેડૂત

એક ખેડૂત કુટુંબની આ વાર્તા છે. આખા ગામમાં તેઓ સારા વિશ્વાસુ ખ્રિસ્તી હતા. ખેડૂત પોતે પ્રાર્થનાવાદી માણસ હતા. પોતાના કુટુંબ માટે સવાર સાંજ નિયમિત પ્રાર્થના કરતા હતા. પ્રભુ પાસે માગતા કે તેમના કુટુંબની પ્રત્યેક વ્યક્તિ પ્રભુ ઈસુને ઓળખે. દરેક નાનાથી મોટા પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકારે એવી પ્રાર્થના કરતા હતા. ઘરમાં દરેકને આ જાણ થાય માટે તેમણે એક વાક્ય લખીને લટકાવ્યું હતું. આ વાક્ય તો યહોશુઆના પુસ્તક, અધ્યાય ૨૪ અને કલમ ૧૫મી હતી. મોટા અક્ષરે લખ્યું હતુંઃ

"પણ હું ને મારા ઘરનાં યહોવાની જ સેવા કરીશું."

આ ખેડૂતનો દીકરો બીલ તોફાની હતો. તેને પ્રભુની પ્રાર્થનામાં કોઈ જ રસ ન હતો. તેનું હૃદય કઠોર હતું. જ્યારે બાઈબલની વાતો આવે ત્યારે બંડખોર બનતો હતો. આથી તેના પિતાજી ખૂબ જ દુઃખી રહેતા હતા. ઘણી રાત્રિઓ પ્રાર્થાનામાં આંસુ સારતા હતા. એક વખતે પ્રાર્થનામાં જ તેમને દીકરા બીલ સંબંધી વિચાર

આવ્યો. જો મારો દીકરો બીલ પોતાનું જીવન પ્રભુને સોંપી દે તો કેવું સારું!! ત્યારે તો બીલના જીવન દ્વારા પ્રભુની સેવા થશે. બીલનું જીવન અત્યારે જગતમાં વેડફાઈ જશે. પણ જો તે બદલાણ પામશે તો પ્રભુના રાજ્યની વૃદ્ધિ માટે તેનું જીવન ઉપયોગી થશે.

એવામાં એક પ્રસંગ બન્યો. બીલ અને પિતા બંને ઘેર હતા. કુટુંબના સભ્યો બહાર ગયા હતા. ત્યારે ઘરમાં બેઠા બેઠા પોતાની ખેતીવાડી સંબંધી વાતો કરતા હતા. ત્યારે અચાનક બાપની નજર પેલા વાક્ય ઉપર ગઈ. "હું ને મારા ઘરનાં તો યહોવાની જ સેવા કરીશું." આ વાંચતાં તેમની આંખોમાં આંસુ આવ્યાં. તેમણે કહ્યું, "દીકરા બીલ, તારી પાછળ ભીંત ઉપર જે વાક્ય છે તે સંબંધી હું વિચાર કરું છું કે આપણા કુટુંબ માટે આ વાક્ય સાચું છે? હું તને જૂઠું કહીશ નહીં. પણ તેની બાજુમાં જ બીજા શબ્દોમાં લખીને મૂકીશ. જે આ પ્રમાણે હશે. "બીલ સિવાય." મારા દીકરા આ લખતાં મને દુઃખ લાગે છે, પણ ઈશ્વરને મારે સાચું જ કહેવું જોઈએ કે બીલ તો પ્રભુની સેવામાં નથી. પિતાએ કહેલી આ વાત દીકરાના હૃદયને અસર કરી ગઈ. તેનું મન અશાંત હતું. પોતાનું જીવન દુષ્ટતા અને પાપ તરફ જઈ રહ્યું છે, તેનો વિચાર કરવા લાગ્યો. પોતે નાશના માર્ગમાં જઈ રહ્યો છે; તેનું ભાન થયું. તે જ ઘડીએ તેણે પોતાનું જીવન પ્રભુને આપી દીધું. માફી પામીને નવું જીવન શરૂ કર્યું. આથી ઘરમાં આનંદ આનંદ થઈ રહ્યો. તેના પિતાજીને પણ પ્રાર્થનાનો જવાબ મળ્યો. હવે તો બીલ દરરોજ પોતાનું બાઈબલ વાંચતો, પ્રાર્થના કરતો, અને ખેતરનાં કામકાજમાં મદદરૂપ બનતો. હવે કૌટુંબિક પ્રાર્થનામાં વિશ્વાસ અને આશા તથા શાંતિ મળતાં હતાં.

વહાલાં બાળકો, બાઈબલનું એ જ વાક્ય તમારા જીવન માટે છે. તમે પણ તમારા કુટુંબના સભ્ય છો. શું પ્રભુની સેવામાંથી તમે બાકાત છો? આ નાતાલે બાળ ઈસુને શું તમારા હૃદયમાં સ્થાન નહિ આપો? તો આજે જ પસ્તાવા સહિત પ્રભુ ઈસુ પાસે આવો અને પાપની માફી પામો. અને બીલની માફક તમે પણ પ્રભુની સેવામાં ઉપયોગી પાત્ર બનશો.

# લોભી ભૂંડ

**એ**ક નાનું ભૂંડ હતું. દેખાવે એવું સુંદર લાગે! તેનો રંગ ગુલાબી અને શરીરે મજબૂત હતું. તે તેની મા અને બીજાં છ ભાઈ-બહેનો સાથે રહેતું હતું. પરંતુ આ તગડું ભૂંડ ખૂબ જ લોભી હતું. જ્યારે ખાવાનો સમય થાય ત્યારે તેની મા બધાં બચ્ચાંને ખાવાનું વહેંચી આપે પણ આ જાડું ગુલાબી ભૂંડ જલદી જલદી પોતાનું ખાવાનું ખાઈ લે અને પછી પોતાનાં ભાઈ-બહેનોના ખોરાકમાંથી પણ પડાવી લે. તેનાં ભાઈ-બહેનોને મારે, લડાઈ કરે, ઝઘડો કરે ને ખાવાનું ઝૂંટવીને પડાવી લઈ ખાઈ જાય; એટલે બિચારાં તેનાં ભાઈ-બહેનો દયામણા ચહેરે જોઈ રહે અને ભૂખ્યાં રહે.

તેમની મા રોજ પેલા ગુલાબી ભૂંડને ઠપકો આપે, કોઈક વાર શિક્ષા કરે, વળી કોઈ વાર પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન કરે. પણ પેલા ભૂંડમાં તો કાંઈ સુધારો થાય નહિ. એ તો રોજ ને રોજ વધારે ને વધારે બગડવા લાગ્યું. આથી હવે તો તેની માએ નક્કી કર્યું કે આને વધારે કડક શિક્ષા કરવી જ પડશે.

બીજા દિવસે તેની માએ બધાં જ ભાઈબહેનોને ખાવાનું આપ્યું પણ પેલા જાડા ગુલાબી ભૂંડને ખાવાનું આપ્યું જ નહિ. અને જ્યારે તે ખાવા માટે જવા લાગ્યું તો માએ તેને એક બાજુ હડસેલીને કાઢી મૂક્યું. આજે તને બધાંની સાથે ખાવાનું નહિ મળે. જા જતું રહે અહીંથી. એમ કહીને માએ સોટી દેખાડી તેને કાઢી મૂક્યું.

તે દિવસે બીજા બધાં જ ભાઈબહેનોને પૂરતું ખાવાનું મળ્યું. હવે પેલા જાડા ગુલાબી ભૂંડને તો કકડીને ભૂખ લાગેલી. તેથી તેણે આસપાસ નજર કરી તો એક મરઘી દાણા ખાતી હતી. તેણે મરઘીને કહ્યું, મરઘીબહેન, મરઘીબહેન મને થોડું ખાવાનું આપોને. પણ બધાં જ પક્ષીઓ ને પ્રાણીઓ આ લોભી ભૂંડને ઓળખતાં હતાં. એટલે મરઘી તો ગુસ્સે થઈ ગઈ ને તેને બરાબર ધમકાવીને કહે, જા, જતું રહે અહીંથી. તને ખાવાનું નહિ મળે.

ભૂંડ તરત જ દોડતું બતક પાસે ગયું અને કહેવા લાગ્યું, બતકબહેન, મને બહુ ભૂખ લાગી છે મને થોડું ખાવાનું આપોને. પણ બતકે પણ તેને ગુસ્સે થઈને કાઢી મૂક્યું. આથી એ લોભી ભૂંડ તો બાજુમાં એક કાળી ટર્કી ફરતી હતી તેની પાસે ગયું ને ખાવાનું માગવા લાગ્યું. પણ ટર્કી તો એકદમ તાડૂકી ઊઠી ને કહે, હટ, લોભી ભૂંડ! તું બધાંનું ખાવાનું પડાવી લે છે; તારે તો આજે ભૂખ્યાં જ રહેવાનું છે.

હવે તો ભૂંડભાઈ સાવ નિર્ગત થઈ ગયા ને ભૂખને લીધે થાકીને બેસી પડ્યા. એટલામાં તેણે એક સફેદ હંસને ત્યાં ફરતો જોયો. તેને થયું કે આ હંસ તો જરૂર મારા પર દયા કરશે જ.

એટલે મહાપરાણે ઊભા થઈ ભૂંડભાઈ તો ધીમે ધીમે હંસની પાસે ગયા ને કહેવા લાગ્યા, હંસભાઈ મારા પર દયા કરો. મને બહુ ભૂખ લાગી છે. મને કંઈ ખાવાનું આપોને.

એટલે હંસ તો એકદમ પેલા ગુબાલી ભૂંડ તરફ ધસી આવ્યો ને સારી એવી ચાંચો મારી તેને નસાડી મૂક્યું. બિચારું ગુલાબી ભૂંડ હવે તો લોહીલુહાણ થઈ ગયું ને લથડતું લથડતું સાવ નિર્ગત થઈ ગયેલું એવું સીધું પોતાના ઘરે આવ્યું ને મા આગળ આવી રડવા લાગ્યું.

સાંજ પડી ગઈ હતી. માએ જોયું કે આજે આને બરાબર શિક્ષા થઈ છે તેથી માએ તો ચૂપચાપ સાંજનું જમવાનું તેનાં બધાં જ બચ્ચાંને આપ્યું. અને પેલા જાડા ગુલાબી ભૂંડને પણ આપ્યું. બિચારા ભૂંડે તો ચૂપચાપ શાંતિથી ખોરાક ખાઈ લીધો ને ત્યાર પછી તે કદી કોઈનું પડાવી લેતું નહિ. હવે તો મા તેને જે આપે ને જેટલું આપે તેનાથી જ તે સંતોષી રહેતું.

વહાલાં બાળકો, લોભી સ્વભાવ તે પાપ છે. કદાચ તમે નાનાં છો. પરંતુ તમારો સ્વભાવ લોભી છે, બીજાં બાળકો પાસે, તમારા મિત્રો પાસે કે પડોશી પાસે જે છે તેવી વસ્તુઓ, તેવા જ રમકડાં કે તેવાં જ કપડાં માટે તમે રડો છો, કે તમારા મમ્મી પપ્પા પાસે, હઠીલાઈ ને આડાઈ કરી તે વસ્તુઓ માગો છો. એ જ લોભ છે. માટે પસ્તાવો કરો. માફી માગો ને હવેથી તમારી પાસે જે છે તેને માટે પ્રભુનો આભાર માનો ને સંતોષી રહો.

# જ્યોર્જ વોશિંગ્ટન

**એ**ક દિવસ અમેરિકા દેશના પ્રેસિડેન્ટ જ્યોર્જ વોશિંગ્ટન પોતાના નિત્યક્રમ મુજબ ઘોડા પર બેસીને ફરતા ફરતા તેઓ એક નદીના કિનારેથી પસાર થઈ રહ્યા હતા; ત્યારે નદી કિનારાનું સુંદર કુદરતી સૌંદર્ય જોવા માટે થોડો સમય ત્યાં જ ઊભા રહી ગયા.

કિનારેથી તો રંગબેરંગી માછલીઓ પાણીમાં તરતી દેખાતી હતી. વળી કેટલાંક પક્ષીઓ પાણી પર આવી નાની માછલીઓ પકડવાનો પ્રયત્ન કરતાં હતાં. કેટલીક હોડીઓ આમતેમ નદીમાં ફરતી હતી. જળકુકડીઓ પાણીમાં તરતી હતી ને વળી ડુબકી મારી પાણીમાં ઊંડે ઊતરતી હતી. ઠંડો પવન વૃક્ષોમાંથી પસાર થતો હતો. તેને લીધે મધુર સંગીત જેવો સાદ સંભળાતો હતો. આ બધું જોઈ જ્યોર્જ વોશિંગ્ટન તો એક ક્ષણ માટે જાણે સમગ્ર દેશની ચિંતા મૂકી કુદરતમાં જ ખોવાઈ ગયા.

પરંતુ ત્યાંથી થોડે આગળ ચાલ્યા ત્યાં તો એમનો એ બધો જ આનંદ જાણે ઓસરી ગયો. એક મોટું ભારેખમ લાકડું નદીના

કિનારે આવીને પડેલું હતું. એ ત્રણ માણસો બિચારા ક્યારનાય ખસેડવાનો ને ઊંચકવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. પણ ગમે તેટલો પ્રયત્ન કરવા છતાંય તે જરાય ખસતું ન હતું.

જ્યોર્જ વોશિંગ્ટને આ જોયું તેથી તે ત્યાં ઊભા રહ્યા ને કહેવા લાગ્યા, ''તમારાથી કેમ આ લાકડું ખસતું નથી!'' તો પેલા ત્રણ જણ કહે, ''સાહેબ અમને એક ચોથા માણસની જરૂર છે.'' જ્યોર્જ વોશિંગ્ટને કહ્યું, ''તો આ ચોથો માણસ તમારી પાસે ઊભો છે તો ખરો.'' પછી પેલી ચોથી વ્યક્તિ તરફ ફરી તેને કહે, ''ભાઈ, તું આમ જોયા કરે છે તેના કરતાં તેમને આ લાકડું ઊંચકવામાં મદદ કરાવ ને!''

એટલે તરત પેલો માણસ કહે કે, ''હું તો એમનો ઉપરી છું. હું કંઈ અહીં આ લાકડું ખસેડવા માટે નથી.''

આ સાંભળી જ્યોર્જ વોશિંગ્ટન એકદમ પોતાના ઘોડા પરથી નીચે ઊતરી પડ્યા ને પેલા ત્રણ માણસોને લાકડું ઊંચકવામાં ને જ્યાં તેને ખસેડીને લઈ જવાનું હતું ત્યાં લઈ જવા મદદ કરી. પછી તરત જ પોતાના ઘોડા પર પાછા ચઢી ગયા ને જતાં જતાં કહેવા લાગ્યાં કે, ''હું જ્યોર્જ વોશિંગ્ટન, આ દેશનો પ્રેસિડેન્ટ છું ને ભવિષ્યમાં પણ જ્યારે તમને મદદની જરૂર હોય ત્યારે મને જરૂરથી જણાવજો.'' આ સાંભળી પેલા ત્રણ માણસો બોલવા લાગ્યા ''સાહેબ, આપનો ઘણો જ આભાર, સાહેબ આપનો ઘણો જ આભાર.'' પણ પેલા બિચારા ઉપરીનું તો મોં સાવ પડી ગયું ને તે તો આ સાંભળી શરમાઈ જ ગયો.

વહાલાં બાળકો, આપણો પ્રભુ તો રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ હતો છતાં તેણે કહ્યું કે, "માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને ને ઘણાંઓની ખંડણીને સારુ પોતાનો જીવ આપવાને આવ્યો છે." અને પ્રભુ ઈસુએ આ પૃથ્વી પર આવીને તે સાબિત કરી આપ્યું. આપણે પણ નાનાં છીએ ત્યારથી જ એકબીજાના ભાર ઊંચકતા શીખીએ. નમ્રતાથી એકબીજાને મદદ કરતાં શીખીએ તો કેવું સારું!

# અદ્‌ભુત બદલાણ

ઈ. સ. ૧૮૭૨ની સાલની આ વાત છે. અમેરિકાના એક ગામડામાં હેનરી વર્લી નામના એક ઉપદેશની સુવાર્તિક સભા યોજવામાં આવી હતી. હેનરી વર્લી, ખૂબ પ્રાર્થના અને બોજ સહિત આ ગામમાં પ્રભુનો સંદેશો લઈને આવ્યા હતા.

સભાનો સમય થયો એટલે ખુલ્લા આકાશ તળે એક ખેતરમાં ગામના લોકો ધીમે ધીમે ભેગા થવા લાગ્યા. ગામમાં મોટા ભાગે અભણ ખેડૂતો ને મજૂરી કરનારા ગરીબ લોકોની જ વસ્તી. તેથી લોકો સીધા ખેતરમાંથી કામ કરીને જ આ સભામાં આવ્યા હતા. કેટલાક મજૂરો મજૂરીએથી સીધા મેલાંઘેલાં કપડામાં જ આવીને નીચે ધૂળમાં જમીન પર જ ગોઠવાઈ ગયા હતા.

કેટલાંક ઢોર લઈને પાછા ઘેર જતાં માણસો ઢોરને પણ ઘેર પહોંચાડવાની પરવા કર્યા વિના જ પોતે આ સભામાં ઉપદેશકનું સાંભળવા રોકાઈ ગયાં હતાં. કોઈના હાથમાં લાકડી હતી, તો વળી કોઈના હાથમાં દાતરડું, તો કોઈના હાથમાં કુહાડી, આમ બિચારા ગરીબ લોકો થાકેલા હોવા છતાં જેને જ્યાં જગા દેખાઈ

ત્યાં લાકડાંની ગંડેરી પર, તો વળી કોઈ ઝાડના થડને અઢેલીને બેઠાં હતાં ને ઉપદેશકનું સાંભળતાં હતાં.

કેટલાક જુવાનિયાઓ પાછળ ટોળે વળીને ઊભા હતા. જ્યારે એક જુવાન છોકરો તો પાસે પડેલા ઘાસના પૂળા પર બેઠો બેઠો ખૂબ ધ્યાનથી સંદેશો સાંભળી રહ્યો હતો.

હેનરી વર્લી ૧ યોહાન ૨:૧૭ પર પ્રભુનો સંદેશો આપતા હતા. "જગત તથા તેની લાલસા જતાં રહે છે, પણ જે દેવની ઇચ્છા પૂર્ણ કરે છે તે સદા રહે છે." આ કલમ વાંચી ઉપદેશક તરત પેલા પૂળા પર બેઠેલા છોકરાની સામે તાકી રહીને ખૂબ ભારપૂર્વક કહેવા લાગ્યા કે, "જે કોઈ વ્યક્તિએ પ્રભુ ઈસુને પોતાનું સંપૂર્ણ સ્વાર્પણ કર્યું છે તે વ્યક્તિના જીવનથી, તેના જીવન માટે, તેના જીવનમાં અને તેના જીવન દ્વારા ઈશ્વર શું શું કરી શકે છે તે જોવાનું હજી દુનિયાને બાકી છે."

ઉપદેશકે તો આ વાક્ય તે સભામાં બેઠેલાં બધાં માણસોને માટે કહ્યું હતું. પરંતુ પેલા પૂળા પર બેઠેલો જુવાન કે જેના તરફ જોઈને તેઓ એ વચન બોલેલા, તેના હૃદયમાં પવિત્ર આત્માએ એ વચન દ્વારા કાર્ય કર્યું. ને તેના હૃદયમાંથી તેને અવાજ સંભળાયો કે ઉપદેશકે તો કહ્યું હતું કે કોઈપણ માણસ એટલે કે ભણેલો કે અભણ, હોશિયાર કે ઠોઠ, આવડતવાળો કે આવડત વગરનો, પણ જે કોઈ માણસ પ્રભુની ઇચ્છા મુજબ વપરાવા માગે છે તેને પ્રભુ તેની સેવા કરવા માટે તેડે છે.

અને તે જ ઘડીએ તે જુવાને પોતાના હૃદયમાં પ્રાર્થના કરી

કે હે પ્રભુ મારું જીવન તારી સેવા માટે આપવા માગું છું. તારા પવિત્ર આત્માની મદદ મને આપ.

આ જુવાને કરેલા સ્વાર્પણનો પ્રભુએ સ્વીકાર કર્યો ને થોડાં જ વર્ષોમાં તેના જીવન દ્વારા પ્રભુએ અજાયબ જેવું કાર્ય કર્યું. આ જુવાન તે ડવાઈટ એલ. મૂડી. તેણે પોતાના જીવન માટે ઈશ્વરની ઈચ્છા જાણી તેથી તેને ખાતરી થઈ કે હવે મારી પોતાની ઈચ્છાઓ ને મહત્ત્વકાક્ષાંઓ મરી જવી જોઈએ. તેણે દુનિયા તરફ પીઠ ફેરવી ને આંખોની લાલસા, શરીરની વાસના, જીવનનો અહંકાર આ બધાને તજીને તેણે તેનાં કાર્યો ને વિચારો સંપૂર્ણપણે પવિત્ર આત્માના અંકુશ નીચે મૂકી દીધાં ને તેથી તો પ્રભુએ તેને હજારો આત્માઓને માટે આશીર્વાદની નહેર સમાન બનાવ્યો.

વહાલાં બાળમિત્રો, પ્રભુ ઈસુના શિષ્યો બનવું બહુ અઘરું છે, કારણ કે આપણી આસપાસ દુનિયાના ખૂબ બધાં આકર્ષક વાનાંઓ છે. છતાં વહાલાંઓ જ્યારે તમે સન્ડેસ્કૂલમાં જાઓ કે પ્રભુમંદિરમાં જાઓ, કે પછી કોઈ સુવાર્તિક સભામાં ભાગ લેવા જાઓ ત્યારે મૂડીની જેમ પ્રભુનો સંદેશો ધ્યાનથી સાંભળજો. કદાચ પ્રભુનો પવિત્ર આત્મા તેનાં વચનો દ્વારા તમને પણ તેની સેવા માટે તેડવા માગતો હોય ને તમને પણ મૂડીના જેવા આત્માઓ જીતનાર બનાવે.

# આળસુ ચકલો

**ચી**ન્ટુના ઘરની બારી પર એક ચકલો અને ચકલી રહે. ચકલાભાઈ તો દિવસે આંખો બંધ રાખી બેસી જ રહે. અને રાત્રે મઝેથી ઊંઘ્યાં કરે. ભૂખ લાગે એટલે ચીન્ટુભાઈના રસોડામાં જઈ જે કંઈ ખાવાનું આતતેમ પડ્યું હોય તે ખાઈ લે અને તરસ લાગે ત્યારે ચોકડીમાં મૂકેલી ડોલમાંથી પાણી પી આવે. અને બિચારી ચકલી તો સવારથી ઊઠે ત્યારથી તે અંધારું થાય ત્યાં સુધી કામ કામ ને કામ જ કર્યા કરે, ને સાંજે થાકીપાકી આવે, પણ પેલો આળસુ ચકલો તો કાંઈ કરે નહિ. તેથી બિચારીને નિરાંતે વિસામો લેવાની પણ જગ્યા મળે નહિ. માત્ર પેલા મકાનની બારી પર બેસીને જ જ્યાં ત્યાં રાત વિતાવે.

બહુ દિવસો સુધી આમ ને આમ ચાલ્યું. પછી એક દિવસ તો બિચારી ચકલીથી કહ્યા વગર રહેવાયું જ નહિ. તેથી હિંમત કરી કહે, જુઓને આ બીજાં બધાં પક્ષીઓ કેટલાં સુંદર સુંદર માળા બનાવીને રહે છે અને કેવી નિરાંત અનુભવે છે ને આપણે? આપણે ક્યાં સુધી આમ ને આમ રહીશું? હવે તો તમે ઊંઘમાંથી

ઊઠો, કંઈ કામ કરો, આપણે માટે નાનો એવો રહી શકાય તેવો માળો બાંધો કે જેથી આપણે આનંદથી રહી શકીએ.

ચકલાએ તો અડધી પડધી ઊંઘમાં જ આ બધું સાંભળ્યું ને પછી કહે સારું, ચાલો, ત્યારે આમતેમ તપાસ કરીએ ને આપણે માટે ઘર શોધી કાઢીએ. એટલે બીજે દિવસે તો પરોઢ થયું કે તરત બિચારી ચકલી તો જાગી ગઈ. આઘીપાછી થયા કરે પણ કેમ કરતો પેલો ચકલો તો જાગે નહિ. આખરે તાપ થવા આવ્યો એટલે ચકલીએ ચકલાને ઢંઢોળીને જગાડ્યો ને કહે ઉઠોને આજે આપણે ઘર શોધવા નથી જવાનું? મહાપરાણે ચકલો જાગ્યો ને આળસ ખંખેરી, પાંખો ફફડાવી, લાંબું બગાસું ખાઈને જરા હોશમાં આવ્યો.

પછી બંને જણે ઊડવા માંડ્યું. પહેલાં તો ચિન્ટુભાઈના ગાર્ડનમાં જ દરેક ફૂલઝાડ પર શોધ કરી પણ ક્યાંય સારી જગ્યા દેખાઈ નહિ. એટલામાં તો વાડના ઝૂંડમાં એક સુંદર દરજી ચકલીનો માળો ચકલાભાઈએ તો જોયો એટલે ફરરરર કરતાં ઊડીને ત્યાં જઈ પહોંચ્યા ને ચકલીને કહે, જો આ છે ને સુંદર માળો, હવે આપણે અહીં જ રહીશું. આમ બોલતો હતો ત્યાં તો અંદરથી દરજી ચકલીએ માથું બહાર કાઢ્યું ને બોલી; એય તમે કોણ છો? આ તો મારું ઘર છે. તમે અંદર આવી શકતાં નથી. ચાલો જાઓ અહીંથી જતાં રહો. એટલે બિચારી ચકલી તો સાવ છોભીલી પડી ગઈ ને પાછાં બંને જણાં ઊડતાં ઊડતાં આમતેમ બીજા ઝાડ પર તપાસ કરવા લાગ્યાં.

ત્યાં તો એક બોરડીના ઝાડ પર સુગરીના ઘણા બધા માળા લટકતા દેખાયા, તેથી ચકલાભાઈ તો ખુશ ખુશ થઈ ગયા ને ચકલીને કહેવા લાગ્યા, કે તું નકામી ચિંતા કરી જીવ બાળે છે. જો કેટલા બધા માળા છે, આમાંથી એક તો આપણને જરૂર રહેવા મળશે જ.

પણ જેવાં તેઓ બંને એ બોરડીના ઝાડ પર જઈને બેઠાં કે દરેકે દરેક માળામાંથી નાનાં નાનાં બચ્ચાંઓ ચીં- ચીં- ચીં- ચીં કરતાં ચીસો પાડી બહાર ડોકિયાં કરવા લાગ્યાં ને તેમનો અવાજ સાંભળી તેમનાં મમ્મીપપ્પા દોડી આવ્યાં ને પેલા ચકલા ને ચકલીને તો બરાબર ચાંચો મારી મારીને ભગાડ્યાં.

હવે તો ચકલી ને ચકલો બંને ખબૂ થાકી ગયાં હતાં. તેથી એક ઘટાઘોર ઝાડની છાયામાં જઈને બેઠાં ને થાક ખાવા લાગ્યાં. બિચારી ચકલી કહે આમ કોઈનો માળો પડાવી લેવા માગો છો તો ચાલો ને આપણે જાતે જ આપણો માળો બનાવીએ. તમે પણ મને મદદ કરાવો તો આપણને ગમે તેવો સરસ માળો બનાવીએ. તેથી જરા ચકલાના ગળે વાત ઊતરી ને બીજા દિવસે સવારથી જ ચકલી ને ચકલો બંને કામે લાગી ગયાં. ને જોતજોતાંમાં તો બંનેએ એક સુંદર ઘટાઘોર ઝાડની ડાળીઓની વચ્ચે સરસ નાનો માળો બનાવ્યો ને પછી નિરાંતે તેમાં રહેવા લાગ્યાં. હવે તો ચકલો પણ સુધરી ગયો ને ચકલીને ખૂબ મદદ કરવા લાગ્યો. ને પછી તો તેઓ બંને ખૂબ આનંદથી રહેવા લાગ્યાં.

વહાલાં બાળકો, બાઈબલ કહે છે, "હે આળસુ તું કીડી પાસે જા, તેના માર્ગોનો વિચાર કરીને બુદ્ધિમાન થા." માટે જો તમારામાંથી

કોઈ આળસુ બની ગયું હોય તો આજે જ ઊંઘમાંથી જાગજો. અંગ્રેજીમાં એક કહેવત છે તેનો અર્થ આ પ્રમાણે થાય છે કે "આળસુ મન તે શેતાનનું કારખાનું છે." તેથી તમે આળસુ બની શેતાનને માટે સાધનરૂપ બનશો નહિ.

# માછીમારોનો ટાપુ

**એ**ક ટાપુ હતો. તેમાં ઘણા માછીમારો રહેતા હતા. તેથી તે ટાપુ માછીમારોના ટાપુ તરીકે ઓળખાતો હતો. ઘણાં વર્ષો પહેલાં પરદેશથી આવેલા મિશનેરીઓ દ્વારા તેમને સુવાર્તા મળી હતી અને તેથી માછીમારોની મોટા ભાગની વસ્તી પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરનારની હતી. તેમાં થોડા ઘણા ભણેલા પણ માણસો હતા. તેઓ બાઈબલ વાંચી શકતા. બાળકો પણ સુંદર રીતે ગીતો ગાતાં. ટાપુ મધ્યે વસતા આ માછીમારોનું ખ્રિસ્તી જીવન આનંદિત હતું. તેમનો મુખ્ય ધંધો માછલાં પકડવાનો હતો તેથી ટાપુ ઉપર લાંબાં લાંબાં દોરડાં બાંધી માછલાં સૂકવતા અને આજુ-બાજુના બીજા ટાપુઓ પર ને પાસેના દરિયાકિનારાના ગામોમાં જઈ વેચતા.

હવે નાતાલના દિવસો આવી રહ્યા હતા. ઠંડીનું વાતાવરણ જામતું હતું. દરિયાઈ હવામાનને લીધે ઠંડો પવન ફૂંકાતો ને ઘણીવાર ધુમ્મસ પણ છવાઈ જતું. સાંજના સમયે માછીમારો પાતાના ઝૂંપડાંની બહાર થોડો અગ્નિ સળગાવી તાપણું પણ

કરતા. ગામની મધ્યમાં જ એક નાનું સુંદર પ્રભુમંદિર પણ બાંધવામાં આવ્યું હતું. રવિવારે સવારે દેવળનો ઘંટ વગાડવામાં આવતો ત્યારે દૂર સુધી દરિયામાં તેનો અવાજ સંભળાતો. દેવળ એક ટેકરી ઉપર બાંધેલું હતું તેથી તેનો દેખાવ ખૂબ સુંદર દેખાતો. ટાપુ ઉપરથી બીજી જગ્યાએ જવા માટે હોડીઓ અને તરાપાઓનો ઉપયોગ કરતા. માછલાં પકડવા માટે મોટા વહાણ જેવડી હોડીઓ વાપરતા ને જુવાનો ને બાળકો પણ ઘણીવાર નાની નાની હોડીઓ લઈ દરિયામાં સહેલગાહે જતાં.

સન્ડેસ્કૂલનાં બાળકો તથા જુવાનો ઘણીવાર હોડીઓમાં બેસીને બાજુના ટાપુ ઉપર ઉજાણી માટે જતા. નાતાલ પાસે આવી રહી હતી તેથી નાતાલની ખરીદી માટે તોરણો અને તારા લેવા પણ તેઓ દૂરના મુખ્ય શહેર સુધી જતાં. હવે તો નાતાલની ઉજવણી માટે બધાં જ પોતાનાં ઘરો સાફસૂફ કરવામાં, શણગારવામાં, ઘરમાં મીઠાઈઓ ને સારું સારું જમવાનું બનાવવામાં ખૂબ જ રોકાયેલાં હતાં. ટાપુ ઉપરનું વાતાવરણ ખૂબ જ આનંદિત હતું. નાતાલનાં ગીતોની પ્રેક્ટિસ કરવા માટે જુવાનો અને બાળકો ભેગાં થતાં હતાં. નાતાલનો આનંદ, બધાનાં હૃદયમાં છવાઈ ગયો હતો. હવે ડિસેમ્બર મહિનાની ચોવીસમી તારીખ આવી પહોંચી હતી. કાલે તો નાતાલનું મહાપર્વ ઈસુના જન્મની ઉજવણી કરવા સૌ તૈયાર હતાં. ઘરો રંગરોગાન કરી નાખ્યાં હતાં. ઘેર ઘેર તારા લટકાવ્યા હતા. ઘરોમાં સુંદર તોરણો બાંધ્યાં હતાં.

બરાબર ચોવીસમી તારીખે જ કેટલાંક યુવક-યુવતીઓ ને થોડાં નાનાં બાળકો એક હોડીમાં બેસી ઉજાણી કરવા માટે નજીકના ટાપુ ઉપર ગયાં. આખો દિવસ ખૂબ રમ્યાં, ગીતો ગાયાં, સુંદર

ભોજન કર્યું ને સાંજ પડવા આવી એટલે બધાં પાછાં ઘેર આવવા માટે હોડીમાં બેસવા લાગ્યાં. પરંતુ શિયાળાની સાંજ અને જલદીથી અંધારું થઈ જાય તેથી થોડે જ સુધી હોડી ચાલી એટલામાં તો અંધારું થઈ ગયું. ને એકાએક વાતાવરણ બદલાઈ ગયું ને ધીમે ધીમે થોડી જ વારમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું. કશું દેખાય નહિ. ઠંડી પણ પુષ્કળ લાગવા માંડી. બાળકો ગભરાવા લાગ્યાં.

જુવાનોએ બધાને હિમ્મત આપી. પ્રાર્થના કરવા લાગ્યાં. હોડી થોડીક આગળ ચલાવી પણ માર્ગ ભૂલ્યાં હતાં. ઠંડીનો ચમકારો સખત હતો. હાથ ઠરી ગયેલા તેથી હલેસાં પણ બરાબર મારી શકાતાં નહિ. રાત્રિ દરમિયાન ઠંડો પવન ફૂંકાવા લાગ્યો, ને હોડી આમતેમ ઝોલાં ખાવા લાગી. મોડી રાત સુધી પ્રયત્નો કર્યા છતાં તેઓ પોતાના ટાપુ ઉપર પાછા ફરી શક્યા નહિ. ટાપુ ઉપર તેમનાં માતાપિતા અને બધા જ લોકો ચિંતા કરવા લાગ્યાં. શું થયું હશે? હોડી ગૂમ થઈ ગઈ હશે? કે ડૂબી ગઈ હશે? બધાંને અનેક પ્રકારની ચિંતા થવા લાગી. ટાપુ ઉપર પણ બધા લોકો પ્રાર્થના કરવા લાગ્યા.

આ બાજુ હોડીમાં બેઠેલાં બાળકો, જુવાનો, યુવતીઓ બધાં ગભરાઈ ગયાં હતાં. કેટલાંક રડવા લાગ્યાં. એમ કરતાં કરતાં પરોઢ થવા આવ્યું હતું. પણ ગાઢ ધુમ્મસમાં કશું જ દેખાતું ન હતું. નાતાલની એ તો પરોઢ હતી અને વહેલી સવારે દેવળમાં જવાનું હતું. તેથી ટાપુ ઉપરના દેવળમાં ઘંટ વાગવાનો શરૂ થયો. આ ઘંટનો અવાજ પેલાં હોડીમાં બેઠેલાં બાળકો ને જુવાનોએ સાંભળ્યો ને તેઓ ખૂબ આનંદમાં આવી ગયાં. જે દિશામાંથી તે

અવાજ આવતો હતો કે દિશા તરફ હવે તેઓએ હંકારવા માંડ્યું. ને ફક્ત થોડા જ સમયમાં તેઓ પોતાના ટાપુ પર આવી પહોંચ્યાં. કિનારા પર તેમનાં માતાપિતા તથા ભાઈબહેનો ને સગાં-સંબંધીઓ રાહ જોતાં હતાં. તેઓ સહીસલામત પોતાનાં વહાલાંઓને નાતાલની સવારે મળી શક્યાં તેથી ખુશ ખુશ થઈ ગયાં ને પ્રભુનો આભાર માનવા લાગ્યાં.

હવે બધાં આનંદથી દેવળમાં ગયાં ને પ્રભુનો ખૂબ આભાર માન્યો ને નાતાલનો સાચો આનંદ તેમને મળ્યો. કારણ કે તેઓની જિંદગી જોખમમાંથી બચી ગઈ હતી.

વહાલાં બાળકો, આ વર્ષ દરમિયાન પ્રભુએ ઘણી બધી રીતે તમને સંભાળ્યાં છે ને બચાવ્યાં છે. અકસ્માતોથી, જોખમોથી, માંદગીથી. તો આવો, આજે આ નાતાલના દિવસે આપણે આભારી હૃદયે પ્રભુ ઈસુને જીવન અર્પણ કરીએ.

# નાનો મરઘો

**એ**ક પોલ્ટ્રીફાર્મ હતું તેમાં એના માલિકે ઘણાં મરઘા-મરઘીઓ, બતકો રાખ્યાં હતાં. આ પોલ્ટ્રીફાર્મમાં એક નાનો મરઘો હતો. એક દિવસે સવારે તે બહુ વહેલો જાગી ગયો પણ સૂરજ હજુ ઊગ્યો ન હતો તેથી ખૂબ અંધારું હતું. હવે આ નાના મરઘાને અંધારું જરાય ગમે નહિ એટલે એ ખૂબ મૂંઝાવા લાગ્યો ને મનમાં કહેવા લાગ્યો. અજવાળું કેમ થતું નથી, અજવાળું કેમ થતું નથી? એવું તે વિચારતો હતો પણ એમ તે કાંઈ અજવાળું થાય!

એટલામાં તો તેને વિચાર આવ્યો કે લાવને બાજુ પરની ભીંત છે, તેના પર ચઢીને બોલવા માંડું તો સૂરજ દાદા જાગે અને અજવાળું આપે. એટલે તે તો બાજુ પરની ભીંત પર ચઢી ગયો ને બોલવા પ્રયત્ન કરવા લાગ્યો. પણ કંઈ અવાજ નીકળે નહિ. ખાલી કુઅ... કુઅ... કુઅ એવો જ અવાજ મહાપરાણે થોડો આવે પણ મોટેથી તેનાથી બોલાય નહિ. પણ તેને લાગ્યું કે ના હજુ વધારે જોર કરી વધુ ઊંચી ડોક કરી ફરી પ્રયત્ન કરું કે જેથી

બરાબર બોલાય. એટલે એણે તો ફરી પાછી તેનાથી જેટલી ડોક ખેંચાય તેટલી વધારે ડોક ખેંચી ઊંચી કરી. ને પછી જેટલું જોર તેનામાં હતું તે બધું ભેગું કરી બોલવા લાગ્યો કૂકડે કૂક કૂકડે કૂ...!

એટલામાં તો સૂરજદાદા વાદળાં પાછળથી ઉપર ચઢવા લાગ્યાં; એટલે પેલા નાના મરઘાના આનંદનો તો પાર રહ્યો નહિ. એણે તો વધારે ને વધારે જોર કરી બોલવા માડ્યું; એટલે પોલ્ટ્રીફાર્મનાં બધાં જ પક્ષીઓ ઊઠી ગયાં. બધાં તેમના દાણા ખાવા લાગ્યાં, પણ પેલો નાનો મરઘો તો પોતાની ડોક ઊંચી રાખી આમથી તેમ ફરે પણ કોઈની સાથે બોલેય નહિ. તેથી બધાં મરઘા-મરઘી, બતકો તેમનાં બચ્ચાં વિચાર કરવા લાગ્યાં કે અરે, આજે આ મરઘાને થયું છે શું? આપણી સામે જોતો નથી. દાણા પણ ખાતો નથી ને બસ ઊંચી ડોક રાખીને ફર્યા કરે છે. એટલે બધાં પક્ષીઓ તેની આસપાસ વિંટળાઈ ગયાં ને પૂછ્વા લાગ્યાં. "અરે, નાના મરઘા, આજે ભાઈ કેમ તું કંઈ ખાતો નથી, બોલતો નથી ને ઊંચી ડોક રાખીને ફર્યા કરે છે ? પેલો નાનો મરઘો કહે અરે, આજે તો મેં એક મહાભારત કામ કર્યું છે ને એના જ વિચારો મને આવ્યા કરે છે. એટલે પેલાં પક્ષીઓ કહે, "એવું તે શું મહાભારત કામ આજે સવારમાં કર્યું?" પેલો નાનો મરઘો કહે "હું તમને તે કહીશ નહિ પણ જો તમારે જોવું હોય તો કાલે બહુ વહેલા અંધારામાં ઊઠી જજો પછી હું તમને બતાવીશ."

બીજે દિવસે સવારે તો અંધારામાં બધાં જ પક્ષીઓ ઊઠી ગયાં કે તરત જ પેલો મરઘો બાજુની ભીંત પર ચઢી ગયો ને જોરથી પોતાની ડોક ઊંચી રાખીને કૂકડે કૂક કૂકડે કૂક એમ બોલવા લાગ્યો.

એટલામાં જ પીળા રંગના કપડાં જાણે ના પહેર્યાં હોય તેવા ચળકતા રંગ લઈને સૂરજદાદા વાદળાં પાછળથી આકાશમાં ઉપર આવ્યા એટલે તરત પેલો નાનો મરઘો કહે જોયું ને મેં કેવા સૂરજદાદાને જગાડ્યા!

બધાં કહેવા લાગ્યાં ખરેખર હોં. તેં જ સૂરજદાદાને જગાડ્યા, તેં તો કમાલ કરી નાખી!

એ જ દિવસથી બધા મરઘાઓ વહેલા ઊઠી સૂરજદાદાને ઊઠાડવા લાગ્યા અને કૂકડે કૂક, કૂકડે કૂક બોલવા લાગ્યા.

વહાલાં બાળકો, આ મહિનાથી શરૂ થતા નવા વર્ષમાં તમે પણ વહેલા ઊઠવાની ટેવ પાડો. પ્રભુ ઈસુ ઘણા વહેલાં ઊઠીને ઉજ્જડ ઠેકાણે જઈને પ્રાર્થના કરતા હતા. તમે પણ સવારમાં પ્રાર્થના કરવાની ટેવ પાડો.

વહેલી સવારે તમારું બાઈબલ વાંચો. અને પ્રભુ તમને આશીર્વાદો આપશે. નવા વર્ષમાં આ નિર્ણય કરો.

# ખિસકોલી અને બચ્ચાં

**એ**ક ખિસકોલી અને તેનાં બચ્ચાં સુખચેનમાં રહેતાં હતાં. નાનાં દરમાં તેમનું ઘર હતું. બચ્ચાં નાનાં હતાં આથી તેમને ઘર બહાર નીકળવાનું મળતું નહિ. ધીમે ધીમે તેઓ મોટાં થયાં. હવે તેઓ દરમાંથી બહાર આવી ફરવા લાગ્યાં. બહાર અજવાળું, ખુલ્લી હવા, સુંદર ફૂલઝાડ, બધું જોઈને બચ્ચાં તો રાજી રાજી થઈ ગયાં. હવે બચ્ચાં જુવાન થયાં હતાં. તેમનું હરવાફરવાનું પણ વધી ગયું હતું. ખિસકોલી માને કહેતાં, “મા, મા અમે તો હવે હોશિયાર થઈ ગયાં.”

વસંતઋતુ બેઠી હતી. કુદરતી વાતાવરણ ખૂબ જ સુંદર લાગતું હતું. તેમની મમ્મીએ એક દિવસે કહ્યું, “બેટા, આજે તો આપણે પર્વતની તળેટીમાં એક ઝરણું વહે છે, ત્યાં ફરવા જઈશું.” પછી મા અને બચ્ચાં તૈયાર થઈ ફરવા નીકળ્યાં. બચ્ચાંને ખૂબ જ મજા પડી, રમ્યાં, કૂદ્યાં અને પછી થાક્યાં એટલે મોટા લાકડા પર બેઠાં. થાક ખાવા માટે મોટા લાકડાની મોટી ગંડેરી સરસ હતી. પાંચેય જણાં થાક ખાવા તેના પર બેઠાં.

એક બચ્ચું માને કહે, "મા, મા જુઓ હવે તો અમે બધું જાણતાં થઈ ગયાં, હવે અમારે કશું શિખવાનું બાકી રહેતું નથી." મા કહે, "હા બેટા, તમે તો બહુ ઝડપથી બધું શીખી લીધું. પરંતુ હજુ કેટલીક બાબત બાકી છે, જે મારે તમને શીખવવાની છે. અગત્યની વાત મારે તમને કરવાની છે. સાંભળો ત્યારે." બચ્ચાં તો પાસે પાસે બેસીને સાંભળવા આતુર હતાં. ખિસકોલીએ કહ્યું, "જુઓ બેટા, આપણાં જીવનો હંમેશાં જોખમમાં હોય છે. શિકારી બાજ પક્ષી આવીને હુમલો કરે તો કેવી રીતે અને ક્યાં સંતાઈ જવું તે શિખવાની જરૂર છે. ધારો કે કોઈ દુશ્મન હમણાં જ આવી જાય તો તમે શું કરશો?

એક બચ્ચું કહે, "હું ઝડપથી દોડીને આપણા ઘરમાં જ પેસી જાઉં." ખિસકોલી કહે, "પણ ઘરથી દૂર હોઈએ ત્યારે ઘર સુધી દોડવાનો સમય જ ન હોય એવું બને." બીજું બચ્ચું કહે, "તો મા અમારે શું કરવું?"

ખિસકોલીએ કહ્યું, "હંમેશાં ફરતાં ને રમતાં તમારે યાદ રાખવું જોઈએ અને સંતાવાની જગ્યા શોધી કાઢવી જોઈએ. આપણાં જેવાં નાનાં પ્રાણીઓ પેસી શકે તેવા દર, અથવા ઝાડની નીચે, ઝાડીમાં કે ગુફા જેવી જગ્યામાં સંતાઈ જવું. વળી સંતાવાની જગાની આસપાસ જ કૂદકા મારવા જેથી તરત જ આશરો મળે." તેઓ વાતો કરતાં હતાં એટલામાં જ કંઈ દોડવાનો અવાજ આવતાં ખિસકોલી તથા બચ્ચાં થડના પોલાણમાં સંતાઈ ગયાં અને જોવા લાગ્યાં. એક વરૂ એક સસલાની પાછળ પડ્યું હતું. સસલું તો ઝડપથી દોડીને નાસી ગયું. વરૂ થોડી વારે ત્યાંથી ચાલ્યું ગયું. ખિસકોલીએ બચ્ચાંને કહ્યું, "જુઓ આમ જ સલામત, જગ્યાની

બાજુએ રમવું અને તરત જ આશરો મેળવી લેવો. જીવનમાં આપણાં જેવાં નાનાં પ્રાણીઓ માટે ભય છે. જુઓ થડના પોલાણમાં આપણને કેવો આશરો મળ્યો. ત્યાં સંતાયાં તેથી બચી ગયાં." પછી થોડી વારે ત્યાંથી નીકળીને તેઓ પોતાને ઘેર ગયાં.

વહાલાં બાળકો, આપણે નવા વર્ષમાં પ્રવેશ્યાં છીએ. જીવનમાં ઘણી વાર આપણને બીક લાગે તેવી બીનાઓ બને ત્યારે આપણે પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખીએ. દાઉદ ભક્ત કહે છે, "દેવ આપણો આશ્રય છે, આપણો આશ્રય યાકૂબનો દેવ છે. તે આપણી સંતાવાની જગ્યા છે. પ્રભુ પોતે આપણો ગઢ ને કિલ્લો છે. તેના પરના વિશ્વાસથી આપણે સલામત છીએ." બાળકો, હંમેશાં બીક લાગે ત્યારે પ્રાર્થના સહિત પ્રભુની પાસે આવજો, ત્યાં જ ખરી સલામતી છે.

# રાજા અને શાણો વજીર

એક હતો રાજા. તેનો વજીર ખૂબ જ વફાદાર અને શાણો હતો. બંને ગાઢ મિત્રો હતા. અચાનક એવું બન્યું કે વજીરે રાજાની નોકરી છોડી દીધી. બસ, વજીર તો હંમેશાં ઈશ્વરનું ભજન કર્યા કરે. રાજાએ અમીરોને પૂછ્યું, ‘‘વજીર હમણાંથી દરબારમાં દેખાતા જ નથી. કેમ શું થયું છે?’’ જાણવા મળ્યું કે વજીર પોતાનો હોદ્દો છોડીને ઈશ્વરનું ભજન કરવામાં જ મશગૂલ રહે છે. રાજાએ વજીરની મુલાકાત કરી, ને પૂછ્યું, ‘‘અરે વજીર, મારાથી તને શું ઓછું આવ્યું કે તેં મારી નોકરી છોડી દીધી?’’ વજીરે જવાબ આપ્યો, ‘‘મહારાજ, પાંચ કારણોને લીધે મેં આમ કર્યું છે.’’

પ્રથમ, તો જ્યારે હું આપની સેવા કરતો ત્યારે આપ બેસતા અને હું આપની હજૂરમાં ઊભો રહેતો હતો. હવે ઈશ્વરની સેવામાં હું બેસું છું.

બીજું, કે આપ જે વખતે ખાણું ખાતા તે વખતે હું જોયા કરતો પરંતુ હવે મને એવો ધણી મળ્યો છે કે જે પોતે ખાતો નથી પણ મારું ગુજરાન ચલાવે છે.

ત્રીજું, કે આપ જ્યારે સૂતા ત્યારે હું આપનો પહેરો ભરતો હવે મારો ધણી એવો છે કે હું જ્યારે સૂઈ જાઉં છું ત્યારે તે મારું રક્ષણ કરે છે.

ચોથું, કે મને હંમેશાં બીક હતી, કે જો આપનું મરણ થાય તો દુશ્મનો તરફથી મારે ઘણું સહન કરવું પડે, પણ હવે જે પ્રભુની નોકરી કરું છું તે અમર છે. મારા દુશ્મનોથી મારું રક્ષણ કરે છે.

પાંચમું, કે મેં કોઈ પણ ગુનો કર્યો હોત તો આપે મને માફી આપી ન હોત, જ્યારે જે ઈશ્વરનું ભજન કરું છું, તે દયાળુ છે, મારો પશ્ચાતાપ જોઈ મને માફી આપે છે."

વહાલાં બાળકો, જે પ્રભુ ઈસુની સેવા આપણે કરીએ છીએ તે કેવા પ્રેમાળ છે! આપણા પ્રભુ વિશ્વાસુ છે. તે આપણા રક્ષક છે. અને આપણી સર્વ ગરજો પૂરી કરે છે. આપણાં જીવનો તેમની જ સેવા અને ભજન અર્થે અર્પણ કરીએ એવું તે ઇચ્છે છે.

# આફતો દ્વારા આશીર્વાદ

**આ**જે લંડન શહેર વિશ્વમાં એક મહાન શહેર છે. પરંતુ તે જ લંડન શહેર થોડાં વર્ષો પૂર્વે ગંદકીથી ભરપૂર હતું. નગરના રસ્તાઓ સાંકડા હતા. લંડન શહેરના અમુક રહેવાસીઓ આરોગ્ય સંબંધી બેકાળજી રાખતા. પોતાનાં ઘરોમાંથી કચરો ને નકામી વસ્તુઓ ગટરમાં ફેંકતા. તે સમયે ખુલ્લી ગટરો હોવાથી એ વસ્તુઓ ત્યાં જ સડી જતી. પરિણામે લંડનમાં શીતળા અને મરકી જેવા જીવલેણ રોગ ફાટી નીકળતા.

ઈ. સ. ૧૬૬૫ની વસંતઋતુમાં લંડન શહેરમાં મરકીનો ભયંકર રોગ ફાટી નીકળ્યો. ઉનાળો આવતામાં તો રોગે ઘણાના ભોગ લીધા. કેટલાય લોકો નગર છોડીને ચાલ્યા ગયા. નગરના લત્તાઓ, શેરીઓમાં માણસનું નામનિશાન રહ્યું નહિ. વેપાર ધંધા બંધ થયા. વનવગડાની જેમ ત્યાં ઘાસ ઊગી નીકળ્યું. લંડન શહેરનો દેખાવ સ્મશાન જેવો બની ગયો. ભેંકાર, સુનકાર વ્યાપી ગયો. જ્યાં લોકોની ભીડથી રસ્તાઓ ધમધમી ઊઠતા ત્યાં એક ચકલુંય ફરકતું નથી. મરકીના રોગે કાળો કેર વરતાવ્યો હતો.

જે ઘરમાં મરકીનો રોગ લાગુ પડ્યો હોય, તેના બારણા પર પ્રાર્થના લખવામાં આવતી. "હે પ્રભુ! અમારા પર દયા કર." ત્યાર બાદ મહિનાઓ સુધી એ ઘરમાં અવર-જવર બંધ રહેતી. ઘરની એક નાની બારી ખુલ્લી રાખી, જોઈતી ચીજ વસ્તુઓ મેળવી લેતા. રાત્રિના અંધકારમાં મુડદાં લઈ જવા માટેની ગાડીઓ નીકળતી. શેરીએ શેરીએ, હૃદયભેદક અવાજ સંભળાતો, "શબને બહાર લાવો" અને શબ એકઠાં કરી એક જ ખાડામાં દાટવામાં આવતાં. રોગ તો વધતો જ ચાલ્યો. રોજ હજારો માણસ મરવા લાગ્યાં. ઉનાળો પૂરો થયો અને છેક ડિસેમ્બરની ઠંડીમાં આ રોગ દૂર થયો. લોકો બહારગામથી પાછા ફર્યા. જીવન વ્યવહાર પૂર્વવત ચાલુ થયો પણ આ અણધારી કુદરતી આફતથી એકલા લંડનમાં જ એક લાખ માણસો મરણ પામ્યા હતા.

હજુ આ આફત દૂર થઈ ન હતી ને ત્યાં તો ઈ. સ. ૧૬૬૬ના સપ્ટેમ્બર મહિનામાં લંડનબ્રીજ પાસે આવેલી ભઠિયારાની દુકાનમાં આગ લાગી. નગરના સાંકડા રસ્તા, લાકડાનાં ઘરો અને પવન જોરથી ફૂંકાવા લાગ્યો. આગની ઝપટમાં કેટલાંય ઘરો બળીને ખાખ થઈ ગયાં. અસંખ્ય ઘરો, દુકાનો, દેવળો, પ્રચંડ ભડકા સાથે કડડ ભૂસ થઈને પડ્યાં. ચોમેર ધુમાડાના ગોટેગોટા, બાળકો ને સ્ત્રીઓની ચીસોથી વાતાવરણ ધ્રૂજી ઊઠ્યું, પચાસ માઈલ સુધી લોકોએ ગામડાંઓમાંથી આગ જોઈ હતી. ત્રણ ત્રણ દિવસ સુધી આગ ચાલુ રહી.

૪૦૦ જેટલા મહોલ્લાઓ આગથી બળી ગયા. ત્યાં સપાટ મેદાન થઈ ગયું. સંત પૉલનું પ્રખ્યાત પ્રભુમંદિર પણ બળીને નાશ પામી ગયું. બે લાખ લોકો ઘર વગરના બની ગયા હતા.

પણ આ આગ લંડન શહેર માટે બીજી રીતે આશીર્વાદરૂપ થઈ. આગને લીધે મરકીનાં જંતુઓ નાશ પામ્યા. શહેરની નવી રચના કરવામાં આવી. રસ્તાઓ નવા અને પહોળા બનાવ્યા. લાકડાંને બદલે ઇંટોનાં ઘર બાંધ્યાં. પ્રખ્યાત શિલ્પકાર ક્રિસ્ટોફરે એ નવા દેવળનો નકશો બનાવ્યો. સંત પૉલનું દેવળ જોવાલાયક સ્થળોમાં એક છે.

બાળકો, જીવનના પ્રસંગો ઘણીવાર કપરા ને મુશ્કેલ આવે છે, પરંતુ જેમ આગમાં જંતુઓ બળી ગયાં અને લંડન શહેરમાંથી મરકીનો રોગ દૂર થયો, એક રીતે તો ફાયદો જ થયો. વળી ભસ્મીભૂત થયેલા નગરને ફરીથી વસાવ્યું. નવાં નવાં મકાનો બન્યાં અને સુંદર દેવળ બન્યું. વહાલાં બાળકો, જીવનના દરેક સમયે ઈશ્વર પર શ્રદ્ધા રાખજો. મુશ્કેલીઓ દ્વારા પણ ઈશ્વર આશીર્વાદ આપે છે.

# કઠિયારાઓનો બચાવ

કઠિયારાની વસ્તીવાળું એક નાનું ગામ હતું. આ ગામમાં બધાં લાકડાં કાપનારા મજૂરો ને તેમના કુટુંબો રહેતાં હતાં. ગામ નદીકિનારે આવેલું હતું. આ નદી તો ખૂબ ઊંડા ઊંડા કોતરોવાળી હતી. આ નદીની આજુબાજુના બધા વિસ્તારમાં જંગલો આવેલાં હતાં. ત્યાંના ગામના લોકોનો મુખ્ય ધંધો લાકડાં કાપવાનો હતો. જંગલો પુષ્કળ હોઈ આ વિસ્તારમાં ખૂબ વરસાદ પડતો હતો. આ કઠિયારાઓનું ગામ ખૂબ નિચાણવાળા ભાગમાં આવેલું હતું. ત્યાં દર ચોમાસે ખૂબ વરસાદ પડવાને કારણે નદીમાં પૂર આવતું, અને ગામને પારાવાર નુકસાન થતું હતું. દર વર્ષે ઘણા લોકોની જાનહાનિ થતી, ઢોરઢાંક તણાઈ જતાં, ને ઘરો પણ પડી જતાં. ગમે તેટલાં મજબૂત લાકડાનાં ઘરો બાંધેલાં હોય છતાં વત્તાઓછા પ્રમાણમાં કંઈ ને કંઈ તો નુકસાન થતું જ. આમ દર ચોમાસે લોકો ખૂબ ગભરાતા. આથી ગામના કેટલાક ડાહ્યા માણસોએ સરકારમાં માગણી કરી કે તેઓને બીજે વસવાટની વ્યવસ્થા કરી આપવામાં આવે.

સરકારે આ વિસ્તારને માટે દસ માણસોની એક કમિટી બનાવી કે જે ચોમાસું આવતાં પહેલાં આ વિસ્તારના લોકોને સમજાવે ને તેમને તૈયાર કરે કે, તેઓ, સરકારે સલામત જગાએ રહેવાની વ્યવસ્થા કરી છે ત્યાં, રહેવા જાય. આમ કેટલાક જુવાન માણસો આ વિસ્તારમાં વસતા લોકોને સમજાવવા માટે ગયા. મોટા ભાગનાં કુટુંબો તેની વાત માની પોતાના ઘરની સર્વ ચીજવસ્તુઓ ને તમામ ઘરવખરી સાથે બીજે રહેવા ગયાં.

પરંતુ આ ગામમાં એક કુટુંબ હતું. તેમાં ઘરડાં માજી ને તેમના દીકરાઓ અને તેમનાં કુટુંબો રહેતાં હતાં, સારું એવું બહોળું કુટુંબ હતું. આજે ચાર ચાર પેઢીથી આ કુટુંબ આ જગામાં જ રહેતું. આ વિસ્તારની દરેકે દરેક જગાનાં તેઓ જાણકાર હતાં. પોતાના વડવાઓ જે જમીન જાગીર, ઘર વગેરે મૂકી ગયા હતા તેમાં તેઓ રહેતાં હતાં, ને મહેનત કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમનું મોટું લાકડાનું બાંધેલું મકાન તે પણ જાણે તેમને માટે તેમના વડવાઓના સુસ્મરણરૂપ હતું. વળી પોતાનાં લગભગ બધાં જ સ્વજનો જેઓ મૃત્યુ પામ્યાં હતાં. તેમની કબરો પણ પાસેના કબરસ્તાનમાં હતી. તે ગામમાં આવેલા નાના દેવળની સંભાળ રાખવી તે પણ આ કુટુંબનું કામ હતું. આમ આ કુટુંબને તો આ વિસ્તારની જમીનના એક એક રજકણ સાથે એટલી બધી આત્મીયતા થઈ ગયેલી કે જ્યારે એક જુવાન માણસ એમના ઘરે તેમને સમજાવવા આવ્યો ત્યારે પેલાં વૃદ્ધ માજી અને તેમના દીકરાઓ તો તેમના પર ખૂબ ગુસ્સે થઈ ગયા ને તેને ધમકાવીને લડી ઝઘડીને કાઢી મૂક્યો.

પેલો બિચારો જુવાન માણસ તો ત્યાંથી જતો રહ્યો અને પોતાની ઓફિસે જઈ આ વિશે ખબર આપી. થોડા વખત પછીથી બીજા એક જુવાનને આ માણસોને સમજાવવા મોકલ્યો. પણ તેઓએ તેનું યે અપમાન કર્યું ને તેનું કાંઈ જ સાંભળ્યું નહીં, ને તેને પણ ત્યાંથી હાંકી કાઢ્યો. તેથી તેણે પણ પાછા આવીને પહેલાંના જેવો જ નિરાશાજનક રિપોર્ટ આપ્યો. હવે આ ઓફિસમાં જે મુખ્ય માણસ હતો તે તો એક ખ્રિસ્તી જુવાન હતો. તેને થયું કે હવે તો વરસાદ આવું આવું જ થઈ રહ્યો છે, ને આ વખતે તો વિસ્તાર વધારે ભયમાં છે. જો આ કુટુંબને તાત્કાલિક ત્યાંથી નહિ ખસેડીએ તો જરૂર એ આખું કુટુંબ રેલના પાણીમાં તણાઈ જશે. આથી તે ભાઈએ વિચાર્યું કે આ વખતે તો હું જાતે જ જઈશ.

એક દિવસ તે તો આ વિસ્તારમાં આવ્યો. આખું ગામ ખાલી થઈ ગયેલું. કોઈ જ ત્યાં મળે નહિ. માત્ર આ એક જ કુટુંબ ત્યાં હતું. વળી કુટુંબના જુવાનો તો લાકડાં કાપવા ગયેલા. તેથી તે તો સીધો જ્યાં તેઓ કામ કરતાં હતાં ત્યાં જ ગયો, ને ખૂબ નમ્રતાથી ને પ્રેમથી એમની સાથે વાત કરી ને તેમને સમજાવ્યું. તેથી જુવાન માણસો તો માની ગયા કે હા જરૂરથી જ્યાં તમે અમને વસવાટની વ્યવસ્થા આપશો ત્યાં અમે રહેવા જઈશું. પણ મહેરબાની કરી તમે જઈને અમારાં ઘરડાં માને સમજાવો. તેઓ તો આ જગા છોડવા તૈયાર જ નથી. તેથી પેલો માણસ તો પેલાં વૃદ્ધ બાનુ પાસે ગયો. પહેલાં તો તેણે તેમની સાથે ખૂબ મિત્રતાભરી વાતો કરી. તેમના કુટુંબ વિષે માહિતી મેળવી તેઓ કેટલા સમયથી અહીં રહે છે? શું કરે છે? વગેરે પૂછપરછ કરી. ભૂતકાળના

તે બાનુના જીવનના બધા જ પ્રસંગો તેમણે એક પછી એક આ જુવાન આગળ કહ્યા. આમ બધું તેમનું સાંભળ્યા પછી તે જુવાને આ વૃદ્ધ બાનુને ખૂબ પ્રેમથી સમજાવ્યાં કે જુઓ હવે આ ગામ માટે આ છેલ્લું જ ચોમાસું છે ને આ વખતે તો ભયંકર રેલ આવવાની છે. ત્યારે આ ગામનું નામનિશાન મટી જશે. તેથી તમારો જીવ બચાવવો હોય તો અહીંથી જલદીથી નીકળી જવું જ જોઈએ.

મહાપરાણે એ ઘરડાં માજી આખરે માન્યાં તો ખરાં ને એમનું પોતાનું જે કાંઈ હતું, તેના પોટલાં વાળવા માંડ્યા અને એક પછી એક પોટલાં બાંધી હેલિકોપ્ટરમાં મોકલી આપ્યાં. હવે છેલ્લે તેમને હેલિકોપ્ટરમાં બેસવા જવાની ઘડી આવી એટલે તે તો આખા ઘરમાં પાછાં ખૂણે ખૂણે ફરી આવ્યાં. હજુ કશું રહી જતું તો નથી ને! ધીમે ધીમે પડવા માંડેલો વરસાદ હવે વધી રહ્યો હતો. હેલિકોપ્ટરનો ચાલક તો ઉતાવળ કરતો હતો. જલદી કરો, જલદી કરો, હવે સમય નથી. જલદી આ જગ્યા છોડી દેવી પડશે નહિ તો આપણે બધાં જ મુશ્કેલીમાં આવી પડીશું. આખરે પેલા જુવાને ઘરડાં માજીનો હાથ પકડ્યો અને પરાણે તેમને હેલિકોપ્ટર સુધી દોરી લાવ્યો. રસ્તામાં કેટલીય વાર તો માજી પાછાં ફરી ફરીને આંખોમાં આસુઓ સાથે તેમના એ જૂના ઘરને ટીકી ટીકીને જોતાં હતાં, પણ આખરે તેઓ હેલિકોપ્ટરમાં બેઠા અને તરત જ હેલિકોપ્ટર ઊંચે આકાશમાં ચડ્યું, ને સલામત જગા તરફ ઊડવા માડ્યું. હા, દૂર દૂર જતાં સુધી એ ઘરડાં માજી તેમના એ જૂના

મકાનને પાણીની ચઢતી રેલમાં તણાતું જોઈ રહ્યાં, ને તેમની આંખોમાંથી આંસુઓ સરી પડ્યાં.

વહાલાં બાળકો, જે જીવનથી આપણે ટેવાઈ ગયેલાં છીએ તે જીવન આપણે મન ભલે સલામત હોય પણ પ્રભુ જે બધું જાણે છે, તે આપણા ભવિષ્યને જોઈ શકે છે, આપણે બિનસલામત છીએ અને પાપનાં વમળ આપણી આસપાસ ફરી વળ્યાં છે તેવું જોઈ શકે છે, તેથી પ્રભુ ઈસુ જે ખડક છે જ્યાં આપણે સલામત છીએ ત્યાં તે આપણને લઈ જવા બોલાવે છે. શું તમે આજે તૈયાર છો? સદોમ અને ગમોરાહ શહેરનો જેવો મોટો નાશ થયો એવો નાશ આપણાં પાપી જીવનનો થાય તે પહેલાં આપણે તેમાંથી નીકળી જઈએ ને આપણા તારનાર ને ખડક પ્રભુ ઈસુમાં આપણો આશરો મેળવીએ તો કેવું સારું!

# સોનાનો ચાંદ

**એ**ક વાર એક માણસ જંગલમાં થઈને જતો હતો. ગાઢ જંગલમાં થઈને જતાં, તેણે ઝાડીમાં એક નાનું રીંછનું બચ્ચું જોયું. તેથી તેને થયું કે લાવને આ રીંછનું બચ્ચું લઈ જાઉં ને મારા શહેરના પ્રાણીસંગ્રહાલયમાં તે આપીશ ને ખૂબ પૈસા મેળવીશ. એટલે એ તો ધીમે રહીને પેલા બચ્ચા પાસે ગયો ને તેને પકડી લીધું ને પોતાના કોટના મોટા ખિસ્સામાં મૂકી દીધું. પણ આ નાનું બચ્ચું તો બૂમો પાડવા માંડ્યું ને ખૂબ તોફાન કરવા લાગ્યું. તેના તીણા તીણા નખથી તેણે તો પેલા માણસનો કોટ ફાડી નાંખ્યો ને તેના હાથે ખૂબ નહોર માર્યા.

એટલામાં તો તેની મા ચીસો સાંભળી દોડતી આવી પહોંચી. તેને જોઈ પેલા માણસે તરત તેના હાથમાંથી પેલું નાનું બચ્ચું નીચે મૂકી દીધું ને તેણે તો નાસવા માંડ્યું. પણ પેલી રીંછણ તો કંઈ તેને છોડે? એ તો ખૂબ જ ગુસ્સે ભરાયેલી. તેથી તેણે તો પેલા માણસને પકડી પાડ્યો ને તેના પર હુમલો કરી તેને બચકાં ભરવા લાગી ને નહોર પણ ખૂબ માર્યા.

ત્યાં તો ફરી તેણે તેનાં બચ્ચાંનો રડવાનો અવાજ સાંભળ્યો. તેથી તે તો એ માણસને મૂકી પાછી બચ્ચાં પાસે દોડીને બચ્ચાંને મોંથી ઊંચકીને જંગલમાં તેની ગુફા તરફ નાસી ગઈ. બિચારો પેલો માણસ તો લોહીલુહાણ થઈને પડેલો ને તેનામાં તો ઊભા થવાની પણ શક્તિ ન હતી તેથી પડ્યો પડ્યો મદદ માટે બૂમો પાડતો હતો.

તે જ વખતે એક ખેડૂત બાજુના ગામમાંથી જંગલમાં લાકડાં કાપવા આવ્યો હતો. તેણે આ બૂમો સાંભળી. તેથી તેને થયું કે અરે, આ ભયંકર જંગલમાં અત્યારે કોણ બૂમો પાડે છે? લાવને જોઉં તો ખરો. એમ કહી તે તો જે દિશામાંથી આ બૂમો આવતી હતી તે દિશા તરફ ગયો ને જોયું તો એક માણસ લોહીલુહાણ હાલતમાં ત્યાં પડ્યો હતો. ગાઢ જંગલ ને રાની પશુઓની બીક તેથી સમય બગાડવો પાલવે એવું નહોતું. તેથી જરા પણ વિચાર કર્યા વગર પેલા ખેડૂતે તો તેને પોતાના ખભા પર ઊંચકી લીધો ને પોતાના ગામ ભણી તેણે તો ચાલવા માંડ્યું.

પણ તેનું ગામ તો પર્વતની તળેટીમાં હતું. પર્વતનો આખો ઢોળાવ ચઢીને છેક તેના ગામ પહોંચવાનું હતું. અને આ તો નાનું સૂનું કામ નહોતું. વળી તેની પાસે કોઈ જાનવર પણ નહોતું કે જેના પર આ માણસને બેસાડીને જઈ શકે. વળી પાસે આવું બીજું કોઈ ગામ પણ નહોતું કે ત્યાં તે જઈ શકે તોપણ તેણે તો હિંમત કરીને પોતાના ગામ તરફ ચાલવા માંડ્યું. પર્વતનો ઢોળાવ ચઢતાં ચઢતાં તો તે હાંફી ગયો. કેટલીક વાર તો તેને એમ થઈ જતું કે પોતે જ બેભાન થઈને પડી જશે તોપણ ખૂબ હિંમત રાખીને મજલ કાપ્યા પછી તે ગામ પહોંચ્યો તો ખરો.

જેવો તે ગામમાં પહોંચ્યો કે ગામ લોકો ભેગા થઈ ગયા ને તે બંનેને પાણી પિવડાવ્યું, ને પેલા ઘાયલ થયેલા માણસની સેવાચાકરી કરવા લાગ્યા. તેના ઘા ધોઈ સાફ કર્યા ને દવા લગાડી પાટા બાંધ્યા ને તેને સારું ના થાય ત્યાં સુધી તેમની સાથે જ રોકાવા આગ્રહ કર્યો. ગામલોકોએ વળી પેલા ખેડૂતને તેની બહાદુરી ને હિંમત બદલ ખૂબ શાબાશી આપી. ગામના મુખીએ ગામના બધા લોકોને ભેગા કર્યા, સભા બોલાવી ને તેમની આગળ ખેડૂતનું બહુમાન કર્યું ને તેણે બતાવેલી હિંમત બદલ તથા એક માણસનો જીવ બચાવવા બદલ તેને સોનાનો ચાંદ ભેટ આપ્યો ને તેના પર માનભર્યા શબ્દો લખેલા હતા. મુખીએ ખેડૂતના ગળામાં ચાંદ પહેરાવ્યો ને કહ્યું કે તમે હંમેશા આ પહેરી રાખજો.

વહાલાં બાળકો, બાઈબલ કહે છે કે પોતાના મિત્રને સારુ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી. આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણે માટે પોતાનું બલિદાન આપ્યું કે જેથી આપણને જીવન મળે. આવો, આપણે બીજાઓ ઉપર એવો જ પ્રેમ દેખાડીએ ને સ્વર્ગીય મુગટનાં વારસદાર બનીએ.

# રે અને ડોરા

**રે** નામનો એક નાનો છોકરો તેની મા સાથે રહેતો હતો. સ્વભાવે રે ખૂબ પ્રેમાળ અને લાગણીવાળો હતો ને તે હંમેશાં બીજાને મદદ કરતો. તેનાં મા વિધવા હતાં, પરંતુ તે કપડાં સીવવાનો ધંધો કરીને બંનેનું ગુજરાન ચલાવતાં.

એક દિવસ તો એની માએ થોડાં સરસ મઝાનાં ભજિયાં બનાવ્યાં. રેને તો ભજિયાં ખૂબ ભાવે તેથી તેને તો ક્યારનીય ઉતાવળ આવેલી કે ભજિયાં ક્યારે બને ને હું ખાઉં! કારણ કે મા તો ગરીબ ને આખો દિવસ કપડાં સીવવાનાં ને ઘરકામમાંથી બિચારીને ભજિયાં બનાવવાની નવરાશ જ નહોતી મળતી, કે તેના દીકરા માટે ભજિયાં બનાવે. વળી તેટલા પૈસા પણ પાસે ના હોય. પરંતુ કોઈ વાર સગવડ હોય ત્યારે મા હંમેશાં તેના દીકરાને ભાવતી વાનગી બનાવી આપતી. મા ભજિયા બનાવતાં હતાં તે દરમિયાન રે રસોડાની બહાર જ એકલો એકલો રમ્યા કરતો હતો.

એટલામાં તો કોઈનો જોરજોરથી રડવાનો અવાજ સંભળાયો. રેને લાગ્યું કે જરૂર કોઈ નાનું છોકરું જ રડે છે તેથી રમવાનું છોડી

તે બાળક પાસે ગયો. જોયું તો એક નાની છોકરી સાવ કાદવથી ખરડાયેલી ઊભેલી ને મમ્મી મમ્મી કરીને રડતી હતી. રે પૂછવા લાગ્યો 'તું કેમ રડે છે? શું થયું? તારું નામ શું?' તેથી પેલી નાની છોકરી કહે ''માલે માલા ઘેલ જવું છે. મમ્મી પાસે જવું છે.'' પણ રેએ પૂછ્યું 'તારું નામ શું છે?' 'ડોલા.' 'તું આટલી બધી કાદવ કાદવ કેવી રીતે થઈ?' 'પેલો કાદવ છે ને તેની મહીં હું પલી ગઈ. માલે મમ્મી પાસે જાઉં છે હેં એ... એ...' એમ કરી પાછી ડોરા તો જોર જોરથી રડવા લાગી.

બિચારો નાનો રે તે પણ તેની કાલીઘેલી ભાષામાં ડોરાને સમજાવવા માંડ્યો. ચાલ, ચાલ, તું મારા ઘરે ચાલ. હું તને ત્યાં હાથપગ, મોઢું ધોવડાવીશ. તને ખાવાનું આપીશ ને પછી હું તને તારી મમ્મી પાસે લઈ જઈશ. એમ કહી રે તો ડોરાને પોતાના ઘરે લઈ આવ્યો ને પહેલાં તેને નળ પાસે લઈ જઈ તેના હાથપગ મોં બધું બરાબર ધોયું ને તેનો રૂમાલ આપી તેના હાથપગ, મોં બધું બરાબર લૂછ્યું. પછી તેના ઘરમાં બેસાડી માએ જે ભજિયાં બનાવેલાં તે ખાવા આપ્યાં. એટલે ડોરા તો ચપોચપ બધાં જ ભજિયાં ખાઈ ગઈ, માત્ર એક જ ભજિયું બાકી રાખ્યું. મા તો તે દરમિયાનમાં બાજુમાં જ શાક માર્કીટ હતું ત્યાં શાક લેવા ગયેલાં. ને રે તો ડોરાનું ઘર શોધવા બાજુની એક શેરી સુધી ગયેલો. ત્યાં તેણે કોઈને ડોરા, ઓ ડોરા એવી બૂમ પાડતાં સાંભળ્યાં. એટલે પાછળ વળીને જુએ તો એક મોટા મકાનની ઓસરી પરથી એક બહેન બૂમો પાડતાં હતાં. રે કહે ઊભાં રહો, હું ડોરાને લઈ આવું છું.

એમ કહી તે તો સીધો દોડ્યો પોતાને ઘરે ને ડોરાનો હાથ પકડીને તેની મમ્મી પાસે લઈ આવ્યો. ડોરાએ તો રે એ તેને શું

શું આપ્યું તે બધું તેની માને કહી સંભળાવ્યું. ડોરાની મમ્મી તો ખુશ થઈ ગઈ ને રેનો ખૂબ આભાર માન્યો ને ઘરમાં જઈ ચોકલેટ લઈ આવી ને રેને આપી તે લઈ રે તો પાછો પોતાના ઘરે દોડ્યો.

એટલામાં તો મા બજારેથી આવી ગયેલાં ને તેમણે જોયું તો થાળીમાં માત્ર એક જ ભજિયું હતું. એટલે રેએ તો ડોરાની વાત માને કરી. મા તો ખુશ થઈ ગયાં ને રેને માટે બીજાં ભજિયાં બનાવ્યાં. રે પણ ખુશ ખુશ થઈ ગયો.

વહાલાં બાળકો, તમે પણ તમારા સાથી ગરીબ મિત્રોને મદદ કરી શકો છો ને? જરૂર પ્રભુ તમને તેનો આશીર્વાદ અને આનંદ પમાડશે.

# ટોમ અને દાદાજી

**ટો**મ નાનો છોકરો હતો. તે રોજ પોતાના દાદાના ખેતરમાં ફરવા જતો હતો. એક ટેકરીની બાજુએ તળેટીમાં ટોમનું ઘર હતું. જ્યારે ટેકરીની બીજી બાજુએ તેના દાદાનું ઘર આવેલું હતું. દાદાને ઘેર જવાનો રસ્તો આખી ટેકરીને ફરતે આવેલો હતો.

એક દિવસ ટોમ દાદાને ઘેર જવા નીકળ્યો. રસ્તામાં વિચાર કરવા લાગ્યો, કે આવો લાંબો રસ્તો કોણે બનાવ્યો હશે? ટેકરીને ફરતે ચાલતાં ચાલતાં થાકી જવાય છે. સમય પણ બગડે છે. દાદાને ઘેર જતાં પણ કેટલું મોડું થાય છે. ટોમના મનમાં ઘણા પ્રશ્નો થયા. તેણે વિચાર્યું, કે આના કરતાં તો ટેકરી ઉપર થઈને પેલી પાર જવાનું સહેલું થાય.

વિચાર કરતો કરતો તે ચાલ્યો જતો હતો, ત્યાં જ દાદાજીનું ઘર આવી ગયું. ટોમ તો ત્યાં પહોંચતાની વારમાં જ દાદાને ટેકરી વિષે પૂછવા લાગ્યો, "દાદા મારા ઘરથી અહીં સુધી આવવાનો રસ્તો ઘણો લાંબો છે. આવો લાંબો રસ્તો કોણે બનાવ્યો હશે? ટેકરી ઉપરથી જ આ બાજુ આવી શકાય તેવો ટૂંકો રસ્તો થાય

તો સારું." દાદા તો ટોમની વાતો સાંભળી આશ્ચર્ય પામ્યા. દાદાએ ખૂબ ધીરજથી ટોમને કહ્યું, "બેટા ટોમ, તારા કહેવા પ્રમાણે આ રસ્તો ખૂબ જ લાંબો છે. પણ યાદ રાખ ઘણી વાર લાંબો રસ્તો જ ટૂંકો બને છે." આટલું કહીને દાદાજી તો ખેતરમાં ચાલી ગયા. નાના ટોમને તો કંઈ જ સમજ પડી નહીં. તે વિચારે ચઢ્યો, શા માટે દાદાજી એવું બોલ્યા હશે?

બપોરે ટોમને સરસ ભોજન મળ્યું. પછી તે આરામ કરવા ઢોર બાંધવાના વાડામાં ગયો. ત્યાં બેઠો બેઠો વિચાર જ કરતો હતો ને અચાનક તેની નજર ઘાસની ગંજી પર પડી. ટોમને થયું લાવને જાતે જ અનુભવ કરી લઉં. તેથી પ્રથમ તો તે ગંજીની આજુબાજુ ચાલ્યો અને તે ૬૦ ડગલાં થયાં પછી ગંજી ઉપર થઈને બીજી બાજુ પર ગયો. તે માત્ર ૪૦ પગલાં થયાં. હવે તો તેને દાદાજીની વાત સાવ ખોટી લાગી. તેને ખાતરી થઈ કે મેં જે અનુભવ્યું તે જ ખરું છે. થોડી વારે દાદીમાએ ટોમને બોલાવ્યો. બપોરની ચ્હા આપી. અને કહ્યું "ટોમ જલદી કર, તારી મમ્મી ચિન્તા કરશે. લે આ ખેતરમાંથી થોડાં ગાજર, મૂળા અને ભાજી લાવી છું તે પણ ઘેર લઈ જજે." ટોમ તો થેલીમાં બધું મૂકીને, દાદા, દાદીને આવજો કહીને પાછો ઘેર જવા નીકળ્યો.

પરંતુ ટોમ તો દઢ નિશ્ચયથી જ પાછો ફર્યો હતો. ગમે તે થાય, આજે તો હું ટેકરી ઉપર થઈને જ ટૂંકા રસ્તે ઘેર જઈશ. તાપ ઘણો હતો, છતાં ટેકરી ચઢવા લાગ્યો. બાજુમાંથી ઝાડ પરથી એક લાકડી તોડી તેનો ટેકો લઈ ઉપર જવા લાગ્યો. થોડેક ઉપર ગયો ત્યાં જ થાકી ગયો અને પરસેવે રેબઝેબ થયો હતો.

હવે ટેકરી ચઢવાની તેની ઝડપ ઓછી થઈ ગઈ હતી. જેમ તેમ કરીને તે ટેકરીની ટોચે પહોંચ્યો. અને થાક ખાવા બેસી ગયો. સામી બાજુએ તળેટીમાં તેનું ઘર દેખાતું હતું. ટોમને પોતાની મૂર્ખાઈ પર ગુસ્સો આવ્યો. પણ હવે શું કરી શકે? તેને થયું કે આટલી વારમાં હું ક્યારનો મારા ઘેર પહોંચી ગયો હોત! ટોમ વિચારવા લાગ્યો જો કોઈ મને ઊંચકીને ઘેર લઈ જાય તો કેવું સારું! હવે તે ટેકરી પરથી ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યો. એક વાર તેનો પગ લપસ્યો પણ બચી ગયો. ઘણે મોડે ઘેર પહોંચ્યો.

વહાલાં બાળકો, ટોમની માફક તમને પણ સાહસ કરવાનું મન થાય પણ ઘણી વાર સાહસ તો જોખમ ભરેલું હોય છે. વગર વિચાર્યે સાહસ કરવું નહીં, માબાપ કે દાદા દાદી ઘણી વાર સલાહ આપે છે. તેઓ અનુભવી છે માટે તેમની સલાહ માનજો. બાઈબલ પણ જણાવે છે –

“મારા દીકરા, તારા બાપની શિખામણ સાંભળ, અને તારી માનું શિક્ષણ તજીશ મા.”

# હર્ષદની ઘડિયાળ

નિશાળ છૂટ્યા પછી હર્ષદ અને સંદીપ ઘેર જતા હતા. હર્ષદે પૂછ્યું, "સંદીપ, જો ને તારી ઘડિયાળ બરાબર ચાલતી નથી. શાથી એમ હશે?" "કદાચ પડી ગઈ હશે." સંદીપ બોલ્યો. હર્ષદ કહે, "ના દોસ્ત, ઘડિયાળ તો હું જીવની પેઠે સાચવું છું, મારાથી પડી તો નથી ગઈ." "તો પછી જૂની થઈ ગઈ હશે માટે બરાબર ચાલતી નહિ હોય." સંદીપે ખુલાસો કર્યો. હર્ષદે કહ્યું, "અરે ઘડિયાળ ખરીદ્યાને તો હજી એક જ વર્ષ થયું છે, તો કેવી રીતે જૂની કહેવાય!" એટલામાં જ તેઓ એક વૃદ્ધ ઘડિયાળીની દુકાન આગળ આવ્યા. આ ઘડિયાળી પ્રમાણિક ખ્રિસ્તી માણસ હતો. સંદીપે કહ્યું, "હર્ષદ, ચાલ જરા ઘડિયાળ બતાવીએ, તેમાં કંઈક ખરાબી હશે તો રીપેરિંગ થશે."

બંને મિત્રો ઘડિયાળીની દુકાનમાં ગયા. વૃદ્ધ ઘડિયાળીના વાળ ધોળા થઈ ગયા હતા. તેમની એક આંખ બિલકુલ કામ આપતી ન હતી. એ જ આંખ પર તે લીલા રંગનું કપડું બાંધી રાખતા. ઘણા લોકો તેમના વિષે કહેતા "બે આંખે સૂઝે તેથી વધારે તેમને એક આંખે સૂઝે છે."

તેમણે તરત જ એક આંખે સૂક્ષ્મદર્શક કાચ રાખી ઘડિયાળ ખોલી. તેની અંદરની યાંત્રિક કારીગરી જોવા લાગ્યા. થોડીવારે સંદીપે પૂછ્યું, "કાકા શું તેમાં કોઈ તાર તૂટી ગયો છે?" વૃદ્ધ ઘડિયાળીએ કહ્યું, "ના બેટા, કંઈ જ તૂટ્યું નથી." હર્ષદે પૂછ્યું, "તો પછી કાકા ઘડિયાળ કેમ બરાબર ચાલતી નથી?" ઘડિયાળીએ કહ્યું, "જુઓ, તેમાં એક ઝીણી રેતીની કણ પેસી ગઈ છે. અને તેથી અંદરનાં ચક્રો બરાબર ફરી શકતાં નથી." સંદીપ કહે, "અરે એમાં તે શું? એટલી નાની સરખી રજકણથી ઘડિયાળ કંઈ અટકી જાય ?"

વૃદ્ધ ઘડિયાળીએ પોતાની એક આંખે જ બંને મિત્રો તરફ જોઈને કહ્યું, "તમને આ ધૂળની બારીક રજકણ નજીવી લાગે છે! પણ બારીક રજકણથી ઘડિયાળને ઘણું નુકસાન થયું છે. બારીક હોવાથી કોઈને તેની ખબર પડે નહિ." ઘડિયાળમાંથી રજકણ દૂર કરીને ઘડિયાળ ચાલુ કરી પાછી આપી. ત્યારે બંને મિત્રોના આનંદનો પાર રહ્યો નહિ.

વહાલાં બાળકો, જીવનમાં નજીવી દેખાતી ભૂલ ઘણીવાર ભયંકર પરિણામ લાવે છે. જે પાપ નાનું છે, તે જીવનની પ્રગતિ અટકાવી શકે છે. બાળપણમાં પડેલી કુટેવો, ગુસ્સો અપશબ્દો બોલવા, ચાડી ચુગલી, જુઠું બોલવું, સ્વાર્થવૃત્તિ, લોભ, કપટ, અદેખાઈ, અભિમાન, જેવી વાતો જીવનને ખરાબ કરે છે. શેતાન આપણા જીવનનો બગાડ કરવા ફરે છે. પ્રભુનું બળ માગી નજીવી દેખાતી બાબતો દૂર કરીને નિયમિત બાઈબલ વાંચો ને પ્રાર્થના કરો. પાપનો ત્યાગ કરો.

# તેડું

શિયાળાનો સમય હતો અને બરફ પડવાની શરૂઆત થઈ ગઈ હતી. એક વિધવા મા પોતાના દીકરાનો હાથ પકડી તે દિવસે પ્રાર્થનાસભામાં જઈ રહ્યાં હતાં એ જુવાન દીકરાનું નામ હતું એડમંડ હીધ. એડમંડને પ્રાર્થના સભામાં જવાની જરાય ઇચ્છા ન હતી. પરંતુ તેની મા લપસણા બરફમાં પડી ન જાય માટે માનો હાથ પકડીને તેને જવું પડ્યું. તે પ્રાર્થનાસભામાં જે વિષય પર ચર્ચા ને પ્રાર્થના થઈ તે વિષય આ હતો કે, "જે જ્ઞાની છે તે આત્માઓ બચાવે છે." ત્યાં હાજર રહેલાં ભાઈબહેનો પોતાના વિચારો ને પ્રાર્થના વિનંતીઓની આપલે કરતાં હતાં. તેમાં મિસ હાર્ટ નામનાં બહેને કહ્યું કે એક વાર એક નાના છોકરાને મેં એમ કહેતાં સાંભળ્યો કે પ્રભુ ઈસુને બધાં ઓળખે તો કેવું સારું! આ સાંભળી ઘણા દિવસો સુધી મને એમ જ થયા કર્યું ને મેં પ્રાર્થનામાં પ્રભુ આગળ કબૂલાત પણ કરી કે મેં બીજાઓની આગળ તારણનો સંદેશો લઈ જવા માટે કાંઈ જ કર્યું નથી.

એડમંડ હીધ એ સભામાં બેઠો બેઠો આ બધું સાંભળતો હતો. ને તેના હૃદયમાં પણ પ્રભુના આત્માએ કાર્ય કર્યું. તે પ્રભુ

પર પ્રેમ રાખતો હતો. વિશ્વાસી જુવાન હતો પરંતુ તેનો પ્રેમ ઠંડો પડી ગયો હતો. તે પ્રભુ માટે વપરાવા આળસુ બની ગયો હતો ને આથી જ્યારે પણ કંઈ સાક્ષીરૂપ બનવાની તક મળતી ત્યારે બહાનાં કાઢનાર બની ગયો હતો. પરંતુ આજે તો પ્રભુએ તેને બરાબર પકડ્યો, ને તેની સાથે વાત કરી. એડમંડે ત્યાં ને ત્યાં જ પ્રભુની પ્રાર્થના કરીને નવેસરથી પોતાનું જીવન પ્રભુને સોંપ્યું. એટલું જ નહિ પણ સુવાર્તાની સેવા કરવા માટે જે પડકાર તેને મળ્યો તે પણ તેણે સ્વીકાર્યો ને ઈશ્વરના તેડાને આધીન થયો.

હવે આ એડમંડ તો તેના કાકા જેઓ વકીલ હતા તેમની ઓફિસમાં કલાર્કનું કામ કરતો હતો. એડમંડના કાકાના એક ભાગીદાર હતા તેમનું નામ મિસ્ટર ઊવિન હતું. આ મિસ્ટર ઊવિન તે ઈશ્વરને ઓળખનાર માણસ હતો. તેમણે એડમંડને ઓફિસમાં કામ કરતો જોયો. તેને જોતાં જ તેમને એવી ખાતરી થઈ કે આ જુવાનમાં ખૂબ બધાં તાલંતો છે. આથી મિસ્ટર ઊવિને એક દિવસે એડમંડને કહ્યું કે જો કલેટન નામના ગામમાં મિસ્ટર મેસન કરીને એક ખેડૂત રહે છે. તેમને આ પત્ર આપવાનો છે. તું તેમને આટલો પત્ર આપી ન આવે? પણ જોજે કલેટન તો સાવ ગામડું છે ને ત્યાંના લોકો સાવ અભણ છે ત્યાં નથી એકેય નિશાળ કે નથી એકેય દેવળ.

એડમંડ તો બીજે દિવસે કલેટન જવા ઉપડ્યો. તે દિવસે તડકો પણ સારો એવો હતો. એડમંડ ગામમાં પહોંચ્યો ત્યારે જ્યાં ત્યાં નાનાં ઝૂંપડાં જ દેખાય. તેમાં વળી બે નાની સરખી દુકાન હતી. ને ધૂળિયા રસ્તામાં થોડાં મેલાંઘેલાં અર્ધાં નાગાં એવાં નાનાં

છોકરાં રમતાં હતાં. એડમંડે તેમને પૂછ્યું કે મિસ્ટર મેસનનું ઘર ક્યાં છે? તો એક છોકરું કહે મને એક પૈસો આપો તો જ હું તમને બતાવું. ત્યારે બીજો છોકરો કહે છે હું તમને વગર પૈસે બતાવીશ! તમે જે રસ્તે આવ્યા તે જ રસ્તે પાછા જાવ. પણ તેટલામાં તો એક ઘરડાં માજી મિસિસ જેકસન એક નાના ઘરમાંથી બહાર નીકળ્યાં ને પેલા છોકરાઓના એવા અસભ્ય વર્તનને લીધે તેની માફી માગવા લાગ્યાં ને કહેવા લાગ્યાં કે હું તને રસ્તો બતાવું. એડમંડને મિસ્ટર મેસનના ઘરે લઈ ગયાં પણ જતાં જતાં રસ્તામાં કહેવા લાગ્યાં કે આ છોકરાઓ ગરીબ છે ને તેમને ભણવાની તક મળી નથી કે વિવેક વગેરે કોઈએ શીખવ્યું નથી. તેથી આવું અસભ્ય વર્તન કરે છે.

મિસ્ટર મેસનના ઘેરથી પાછા ફરતાં ફરી પાછો એડમંડ મિસિસ જેકસનને મળ્યો ને તેમની આગળ પોતાનો વિચાર રજૂ કર્યો કે આ ગામમાં પ્રભુનું કામ થાય તે માટે હું પ્રભુની ઇચ્છા શોધી રહ્યો છું ને દોરવણી માગું છું.

થોડા દિવસો પછી મિસ્ટર મેસને પોતાના ઘરનો થોડો ભાગ તેને વાપરવા આપ્યો. એડમંડનાં મા તેના દીકરાને મળેલા તેડાથી ખૂબ ખુશ થઈ ગયાં. ને તેમણે બત્તીઓ, પાટલીઓ અને ટેબલો બેસવા માટે આપ્યાં ને મંગળવારે ને શુક્રવારે રાત્રિશાળા શરૂ કરવામાં આવી. ઉપરાંત રવિવારે શાસ્ત્રાભ્યાસનો વર્ગ પણ શરૂ કરવામાં આવ્યો. શરૂઆતમાં તો ખૂબ મુશ્કેલીઓ પડી ને ઘણી વાર એડમંડ નિરાશ પણ થઈ જતો. પણ તેને મળેલા તેડાને તે યાદ કરતો ને પાછો ઉત્સાહી બની જતો.

એક દિવસ અચાનક પોતાનો વર્ગ છોડી પાસેના ખંડમાંથી વહેતા ઝરણામાંથી પાણી પીવા જતો હતો ત્યારે બહાર પણ કેટલાંક મોટી ઉંમરના માણસો ઊભા રહીને તેનું સાંભળતાં હતાં તે તેણે જોયું. તેથી મોટી ઉંમરના માણસો માટે પણ કંઈક કરવું જોઈએ એવો બોજ મળ્યો; ને આથી તેણે તેઓ માટે પણ પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. ઉનાળો શરૂ થયો એટલે દર રવિવારે સાંજે ખુલ્લા મેદાનમાં બધાંએ ભેગાં મળવાનું નક્કી કર્યું.

સર્વ લોકો એડમંડને ખૂબ ચાહવા લાગ્યા ને 'આપણો સદ્‌ગૃહસ્થ' એવા હુલામણા નામથી તેઓ બધાં તેને ઓળખવા લાગ્યાં. ગામનાં સૌ તેના આવવાની રાહ જોઈને બેસી રહેતાં ને તે આવે કે તરત કોઈ એની સાઇકલ સાફ કરી આપતું, તો કોઈ તેને માટે માછલી પકડી લાવી આપતું, તો બહેનો તેને માટે ચા બનાવી પિવડાવતી, તો કોઈ વળી તેને માટે ફળો લાવતું. આમ દિવસે દિવસે એડમંડ તે ગામમાં ખૂબ લોકપ્રિય બની ગયો. એથી વિશેષ તો એ ગામના ત્રણ માણસોએ પ્રભુનો સ્વીકાર કર્યો ને બીજાં કેટલાંય પ્રભુની ઓળખ પામ્યાં. આ જાણી એડમંડના આનંદનો પાર રહ્યો નહીં.

વહાલાં બાળકો, શું તમે તમારા સાથીદારોને પ્રભુ ઈસુના પ્રેમના અનુભવમાં દોરી લાવશો?

# જૂનાં જોડાં

**પ**શ્ચિમ જર્મનીમાં લડાઈ ચાલી રહી હતી ને તે દરમિયાન ઘણાં માણસો ઘરબાર વગરનાં થઈ ગયાં હતાં. ઘણાં માબાપોએ પોતાના બાળકો ગુમાવ્યાં હતાં ને અનાથ બની ગયાં હતાં. લડાઈ બંધ થઈ ત્યારે તો દેશમાં ખૂબ પ્રશ્નો વધી ગયા હતા. સામાજિક, આર્થિક, રાજકીય પરિસ્થિતિમાંથી લોકો ધીમે ધીમે શાંતિના સમયો તરફ આવી રહ્યા હતા. ને અરસપરસ એકબીજાને મદદના હાથ લંબાવી પોતાના દેશ પ્રત્યેની નિષ્ઠાવાન ફરજ બજાવી રહ્યા હતા.

એ દિવસોમાં મિસ્ટર એન્ડ મિસિસ હન્ક નામના પતિ પત્નીને માબાપ વિહોણું એક નાનું બાળક મળી આવ્યું. આ બાળકનાં કપડાં સાવ ચિંથરેહાલ થઈ ગયેલાં ને તેના પગમાં જે જોડાં હતાં તે તો વળી સાવ મેલાં ને ફાટેલાં હતાં. તે બાળક જાણે ઘણા દિવસથી ભૂખ્યો ને માંદો હોય એવો દેખાતો હતો. પેલા પતિ-પત્નીને એ બાળકને જોઈને ખૂબ દયા આવી. તેઓ તેની પાસે ગયાં ને તેને નામ વગેરે પૂછ્વા લાગ્યાં. પણ પેલો છોકરો તો કઈ ભાષા બોલતો હતો તે તેમને કંઈ સમજણ જ પડી નહિ.

પછી તેમણે તેને વિશે ઘણી તપાસ કરાવડાવી, પણ પત્તો લાગ્યો નહિ. આથી પોલીસમાં બધી નોંધ કરાવી. આખરે તેમણે તે બાળકને દત્તક લઈ લેવાનો નિર્ણય કર્યો ને તેઓ તે નાના છોકરાને પોતાના ઘરે લઈ આવ્યાં.

ઘરે લાવી તેમણે તે બાળકને નહવડાવ્યો. બીજાં નવાં કપડાં પહેરાવ્યાં ને તેને મિસિસ હન્કે પોતાના ખોળામાં બેસાડ્યો ને બન્ને જણે ખૂબ પ્રેમથી તેને ખવડાવ્યું. તેને માટે દવા લાવીને પીવડાવી. ધીમે ધીમે કરતાં તે છોકરો તંદુરસ્ત અને મજબૂત બનવા માંડ્યો. હવે તો તે મિસ્ટર એન્ડ મિસિસ હન્કને પપ્પા મમ્મી કહીને બોલાવતો ને તેઓ પણ તેને પોતાના દીકરા જેવા જ વહાલથી રાખતાં ને તેની કાળજી કરતાં. તે છોકરાને તેમણે સેન નામ આપ્યું. ને સેન તો હવે રોજ રોજ મોટો થવા લાગ્યો.

હવે તો સેન ૧૨ વર્ષનો થયો હતો. સમજણો થયો હતો એક દિવસ એક મોટા ઉપદેશક પશ્ચિમ જર્મનીમાં સુવાર્તિક સભાઓ ચલાવવા આવ્યા ત્યારે મિસ્ટર એન્ડ મિસિસ હન્કે તેમને પોતાના ઘરે એક રાત રહેવા માટે આમંત્રણ આપ્યું. તેથી ઉપદેશક તેમના ઘરે રહેવા આવ્યા; રાતનું વાળુ કરી રહ્યા પછી જ્યારે ચારેય જણ બેઠક ખંડમાં બેઠા બેઠા વાતો કરતાં હતાં ત્યારે પેલા ઉપદેશકને મિસ્ટર હન્ક તેમણે કેવી રીતે સેનને દત્તક લીધો તે વાત માંડીને કહેવા લાગ્યા. ને પછી અંદરથી એક ખોખું લઈ આવ્યા જેમાં તેમણે સેનનાં ફાટેલાં તૂટેલાં જૂનાં જોડાં સાચવી રાખ્યાં હતાં. તે બતાવી તેઓ પેલા ઉપદેશકને કહેવા લાગ્યાં કે જુઓ આવી હાલતમાં અમે તેને લઈ આવેલાં. ઉપદેશક તે ખૂબ ધ્યાનથી સાંભળતા હતાં.

પરંતુ જ્યારે તેમની નજર સેન પર પડી તો તેઓને લાગ્યું કે એ સેનને બહુ ગમ્યું નથી. તેનું મોં પડી ગયું હતું ને તે ઉદાસ દેખાતો હતો. મિસ્ટર હન્કે તો પોતાની વાત ચાલુ જ રાખી ને કહેવા લાગ્યા કે જ્યારે જ્યારે સેન અમારો હુકમ નથી માનતો કે આડો થાય છે કે જીદ કરે છે ત્યારે ત્યારે આ જોડાં હું તેને કાઢીને બતાવું છું કે જો તું કેવો હતો ને અમે તારા માટે કેટલું બધું કર્યું છે? આ જોઈ ઉપદેશક સમજી ગયા કે વારે વારે આ રીતે ભૂતકાળને યાદ કરાવવાથી તો નાના સેનને ખૂબ શરમ લાગતી હતી ને તેને ખૂબ મનદુઃખ પણ થતું હતું.

વહાલાં બાળકો, ઈશ્વરે તો આપણા પર એથી પણ વિશેષ દયા કરી છે. દાઉદ ભક્ત પણ પોતાના અનુભવોથી, હૃદયના ઊંડાણમાંથી બોલી ઊઠ્યો કે, "પૂર્વ જેટલું પશ્ચિમથી દૂર છે તેટલાં આપણાં ઉલ્લંઘન ઈશ્વરે આપણાથી દૂર કર્યાં છે."

ગી. શા. ૧૦૩ : ૧૨.

# ચાન અને પાલી

**ચા**ન અને પાલી નામે એક કૂકડો અને કૂકડી એક ખેડૂતના ખેતરમાં મજાથી રહેતાં હતાં. ખેડૂતનાં ઘણાં મરઘાંઓમાં આ સારી જાતનાં હતાં.

એક સવારે પાલીએ ચાનને કહ્યું કે "સ્વામી, ગઈ કાલે રાતે તમે ઊંઘમાં રડતા હતા. બીકથી ધ્રૂજી રહ્યા હતા; તો તમને શું થઈ ગયું હતું?"

ચાને જવાબ આપ્યો, "પાલી તને શું કહું, મને તો રાત્રે બહુ જ ખરાબ સ્વપ્ન આવ્યું, હજુ પણ યાદ કરું છું ને મને ડર લાગે છે."

પાલીએ પૂછ્યું પણ મને તો બતાવો કે કેવું સ્વપ્ન આવ્યું. ચાને કહ્યું સાંભળ. હું ખેતરમાં ફરતો હતો, ત્યારે, મને કૂતરા જેવું પ્રાણી દેખાયું, તે મને પકડીને મારી નાખવાનો પ્રયત્ન કરતું હતું. તેની તગતગતી આંખો, લપકારા મારતી લાલ જીભ હતી. તેનો રંગ જરા લાલ જેવો હતો. આ યાદ કરું છું, અને મને ધ્રૂજારી

આવી જાય છે. આથી આવા સ્વપ્નને લીધે ઊંઘમાં જ ધ્રૂજી ગયો હતો.

પાલી કહે, જાવ તમે સાવ બીકણ છો. બહાદુર થઈને માત્ર સ્વપ્નથી જ ડરી જાય તે જાણી મને શરમ લાગે છે. કદાચ, તમે વધારે પડતું ખાઈ લીધું હશે માટે જ આવાં સ્વપ્ન આવે છે. તમને ખબર છે, ડાહ્યા માણસો તો સ્વપ્નોની કંઈ જ દરકાર કરતા નથી. ચાલો થોડી દવા પી લો. દવા તો મળે તેમ નથી માટે થોડું લીલું ઘાસ ખાઈ લો તેથી સારા થઈ જશો. સ્વપ્નથી ગભરાઈ જવું તે તો કાયરનું કામ છે.

ચાન કહે તારી શિખામણને માટે આભાર, પણ તેથી કંઈ મારા મનનું સમાધાન થયું નથી. પુરાણી વાતોમાં લખ્યું છે કે સ્વપ્નો સાચાં પડે છે, ને ભવિષ્યમાં થનાર વાતોનાં એંધાણીરૂપ છે. સ્વપ્નોમાં ગૂઢ અર્થ સમાયેલો છે. કેમ પાલી, તને ખબર નથી, પેલી વાર્તા, ફારૂન રાજા અને યૂસફની, જેમાં ફારૂનનું સ્વપ્ન, સાત નબળી ગાયો અને સાત તગડી ગાયો. પછી યૂસફ તેનો ખુલાસો કરે છે અને જે સાચો પડે છે. આથી જ મને લાગે છે કે સ્વપ્ન સાચાં પડે છે.

પાલી બોલી તમે તો સાવ જ બીકણ છો. આવી નકામી વાતો વાગોળ્યા કરો છો. છોડી દો આ વાતો. પણ ચાન તો કહે ના ના હું એમ ભૂલવાનો નથી. મને લાગે છે કે મારા પર કોઈ આફત આવી પડશે જ. મને દવાથી કોઈ જ ફાયદો નથી. મારે દવા નથી લેવી. ચાલો હવે આ પ્રકરણ બંધ કરો. હું કંઈ બીકણ

નથી, અને બીકણ છું તેવું બતાવીશ પણ નહિ. આપણે બંને જેટલો સમય સાથે રહીએ તેટલો સમય, આનંદથી પસાર કરીએ.

હવે મળસકું થવા આવ્યું હતું. અને તેથી મરઘો અને મરઘી, ખેતરમાં ફરવા લાગ્યાં, ને દાણા ખાવા માંડ્યાં. થોડી જ વારમાં, એક શિયાળ, કોબીચની વાડીમાંથી, ખેતરમાં આવ્યું. ચાને તો જોરથી ડોક ઊંચી કરીને સાદ પાડ્યો કૂકડે... કૂક.... અને સવારના કુમળા પ્રકાશને આવકાર્યો. પાલી પણ તેની પાછળ કલક કલક બોલવા માંડી.

ચાન કહે, પાલી, પેલા સૂરજદાદા તો ધીમે ધીમે ઉપર આવી રહ્યા છે. પક્ષીઓ પણ કેવાં સુંદર ગીતો ગાઈ રહ્યાં છે. પેલાં ફૂલો કેવા રંગબેરંગી શોભે છે. અરે જો તો પેલી કોબીચની વાડી પાસે તો એક સુંદર ફુદું ઊડે છે, હું તેને પકડીને ખાઈશ.

પણ ત્યાં તો કોબીચમાં સંતાઈને ઊભેલો શિયાળ, ચાનને મળી જાય છે. ચાન તો બીકથી કૂદવા લાગે છે. જોર જોરથી, કૂકડે કૂક બોલે છે. શિયાળ કહે, સાહેબ, તમે મારાથી બ્હીશો નહિ. શિયાળ કહે, હું તો તમે કેટલું સરસ બોલો છો, તે જ સાંભળતો હતો. તમારો અવાજ કેટલો સરસ છે. જાણે દૂતોના જેવો જ અવાજ છે. અરે, તમારા જેવું સુંદર કોઈ જ ગીત ગાઈ શકે જ નહિ. હા, માત્ર એક જ. તમારા પિતાજી હતા. જે મારા શેઠ હતા, અને તે જ આટલું સરસ ગાતા હતા. તમારા પિતાજી ઘણીવાર અમારી મુલાકાતે આવતા હતા. ત્યારે મારી પત્ની અને બાળકો તેમનું

સ્વાગત કરતાં હતાં. ખૂબ જ પ્રેમથી અમારી સંગત થતી હતી.

તમારા પિતા ડોક લાંબી કરીને, આંખો બંધ રાખીને ગીત ગાતા હતા, બસ તમે પણ મને એક જ વાર ગાઈ બતાવો ને બસ. આટલું સાંભળીને ચાન ભાઈ તો ફૂલીને ફાળકો થઈ ગયા. અને કહેવા લાગ્યા, મારા પિતાજી જેટલું સારું હું ગીત ગાઈ શકતો નથી, છતાં પ્રયત્ન કરું છું. શિયાળની ચાલમાં તે ફસાય છે. ચાને જેવી ડોક લાંબી કરી, ગીત શરૂ કર્યું અને શિયાળે તેને ડોકથી જ પકડી લીધો અને જંગલ તરફ નાસવા માંડ્યું. બધાં જ મરઘા અને મરઘીઓ જોર જોરથી બોલવા લાગ્યાં. ખેડૂત તેને છોડાવવાને દોડ્યો. પણ શિયાળ તો જંગલમાં નાસી છૂટ્યું. ચાને પણ યુક્તિ અજમાવી, અને શિયાળને કહે, સાહેબ, આમ તો મને કોઈ જ પકડી શકે તેમ ન હતું, ઘણીવાર હું બચી ગયો છું. માત્ર તમે જ ચાલાકીથી મને પકડી લીધો. હા, શિયાળોની જમાતમાં તમારા જેવો કોઈ જ ચાલાક અને ઝડપી નથી. શિયાળભાઈ તો આ સાંભળીને, ફૂલાઈ ગયા, અને મોં ઉઘાડીને બોલ્યા હા, મારા જેવું કોઈ જ નથી. મોં ખુલ્યું ને તરત જ ચાનભાઈ ઊડીને બાજુના ઝાડ ઉપર બેસી ગયા.

બિચારું શિયાળ ઘણુંય સમજાવે, અરે ચાનભાઈ મારે કંઈ તમને મારી નાખવા ન હતા. મારો ઈરાદો કંઈ ખરાબ ન હતો. નીચે ઊતરો અને તમે તો અમારા મહેમાન છો. ચાન કહે હવે હું તારી ચાલમાં ફસાવાનો નથી. હવે હું મૂર્ખ બનવા માગતો

નથી. જ્યાં સુધી તું ખસીશ નહિ, ત્યાં સુધી હું અહીં જ બેસી રહીશ. તારી ખુશામતથી હું ફૂલાઈ જવાનો નથી.

વહાલાં બાળકો, નવા વર્ષમાં આ એક વાત યાદ રાખજો. અભિમાની ના થશો. ખોટી ખુશામત કરનારાથી ચેતીને રહેજો. અભિમાની થવું એક પાપ છે. અભિમાન હંમેશાં નાશ લાવે છે. "અભિમાનનું પરિણામ નાશ છે."

# ખાણિયાઓની નાતાલ

**અ**મેરિકાના એક ખાણિયાઓના ગામમાં એલેક સ્ટુઅર્ટ નામનો માણસ રહેતો હતો. નદી કિનારે આવેલી નાની ઓરડીમાં તે તેની પત્ની મેરી ને તેનાં બે બાળકો ટોટી અને બેની સાથે રહેતો હતો. બે વર્ષ પહેલાં જ ભૂગર્ભ પાઈપલાઈનમાં કામ કરતી વખતે કાંઈ ધડાકો થયો. તેમાં એલેક માર્યો ગયો. ને તેની જુવાન પત્ની ને બાળકોને કોઈ પણ બીજા આવકના સાધન વગર અત્યંત ગરીબાઈમાં મૂકતો ગયો. તેથી મેરી ને તેનાં બાળકો તેમની નજીકના બીજા એક ખાણિયાઓના ગામમાં રહેવા આવી ગયાં હતાં.

અહીં તે ખાણમાં કામ કરતા માણસોનાં કપડાં ધોવાનું કામ કરી માંડ તેનું ને તેનાં બાળકોનું ગુજરાન ચલાવતી.

નાતાલની પૂર્વ સંધ્યાએ તેની ઓરડી પાસેથી જેક ડેવસન નામનો એક પ્રતિષ્ઠિત માણસ પસાર થઈ રહ્યો હતો. અચાનક તેણે નાની દીકરી ટોટીના શબ્દો સાંભળ્યા; ‘‘મમ્મી, પપ્પા ગુજરી ગયા તે પહેલાં તો આપણે નાતાલ આનંદથી ઉજવતાં હતાં.

ખરું ને!" આ શબ્દો સાંભળતાં જ જેક આતુરતાથી તે નાની ઓરડીની બારી પાસે થંભી ગયો.

મેરીએ દીકરીને સમજાવતાં કહ્યું, 'બેટા, તારા પપ્પા ખાણમાં કામે જતા હતા ને સારું કમાતા હતા તેથી તમને જે જે જોઈએ તે તે લાવી આપતા હતા. વળી નાતાલ પણ આપણે સારી રીતે ઊજવી શકતાં હતાં. પણ દીકરી હવે તો આપણે ખૂબ ગરીબ થઈ ગયાં છીએ. જો કે હું મજૂરી કરું છું તોપણ માંડ માંડ આપણું પૂરું થાય છે.' પણ આ સાંભળી જેકના મનમાં ખૂબ દુઃખ થતું હતું.

ટોટી કહે મમ્મી, ગઈ નાતાલે તો આપણે આપણા ઘરે મોજું લટકાવેલું. મા કહે હા બેટા, પણ નાતાલબાપાને તો ગરીબોની બહુ પડી નથી. પણ તમે બંને સારાં બાળકો છો, એટલે એક એક ચોકલેટ તમારે માટે તેમાં મૂકેલી. બિચારી ટોટી કહે મમ્મી, શું હજુ યે આપણે ગરીબ છીએ? મા કહે, હા બેટા. ગયા વર્ષ કરતાં પણ આ વર્ષે તો આપણી સ્થિતિ વધારે ખરાબ છે ને તેથી આ વર્ષે તો નાતાલબાપા આપણને યાદ પણ નહિ કરે. એમ કહી માએ, મોટો નિસાસો નાખ્યો. બહાર ઊભેલા જેકની આંખમાં પણ આ સાંભળી આંસુ આવી ગયાં.

દીકરીએ તો કહ્યા જ કર્યું કે મમ્મી જે થાય તે હું તો અમારા બંનેનાં મોજાં લટકાવીશ જ, કદાચ ગઈ વખતે જેમ નાતાલબાપાએ અમને ચોકલેટ આપેલી તેમ આ વખતે પણ આપે, મા કહે બેટા, મોજું લટકાવવાનો કોઈ અર્થ નથી. આ વખતે તો આપણ ગરીબને ઘેર નાતાલબાપા આવશે પણ નહિ. એમ કહી માએ પોતાના પાકીટમાં જોવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તો એક રાતીપાઈ પણ

હતી નહિ. માની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં, પણ તે પહેલાં તો ટોટી મોજાં શોધવા માટે ક્યારની યે આમતેમ ટપ ટપ દોડતી હતી. તેની પગલીઓનો અવાજ જેકને બહાર સંભળાતો હતો. જેકે ધીમે રહીને જોયું તો ટોટીએ બે મોજાં શોધીને પોતે જ લટકાવ્યાં. એટલામાં માએ કહ્યું કે ચાલો બેટા, હવે આપણે સૂઈ જઈએ. તેથી સૂતા પહેલાં માએ બંને બાળકોને કૌટુંબિક પ્રાર્થના કરવા માટે બોલાવ્યાં. નાની ટોટી હાથ જોડીને પ્રાર્થનામાં કહેવા લાગી, વહાલા ઈસુબાપ, નાતાલબાપાને કહેજો કે પૈસાદાર બાળકોની માફક અમે પણ તેમના પર, પ્રેમ કરીએ છીએ. આમીન.

ત્યાર પછી બંને બાળકો સૂઈ ગયાં. પણ જેકે ધીમે રહીને બારીમાંથી જોયું તો મેરી નાના તાપણા આગળ બેસીને પોતાની બે હથેલીઓમાં મોં છુપાવીને રડતી હતી ને તેના માથા ઉપર બે ગંદા એવાં મોજાં લટકતાં હતાં.

હવે જેકથી રહેવાયું નહિ, તે બહુ પ્રેમાળ ને ઉદાર દિલનો લાગણીવાળો માણસ હતો. તે ત્યાંથી સીધો તે ગામમાં એક જાણીતી હોટેલમાં ગયો.

જેક તો બધાં માણસો માટે એક સારી પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે જાણીતો જ હતો. તેથી તે હોટેલના મુખ્ય હોલમાં ગયો. જ્યાં ખૂબ બધાં માણસો નાતાલની સાંજની મજા માણી રહ્યાં હતાં. તે એક ખુરશી પર ઊભો રહ્યો ને બધાંને શાંત રહેવા જણાવ્યું. પેલી નાની ઓરડી પાસેથી પસાર થતાં તેણે જે સાંભળ્યું હતું ને જોયું હતું તે તેણે બધા લોકોને કહ્યું. વળી એલેક એ આપણા જેવો જ ખાણમાં કામ કરનાર માણસ હતો. પરંતુ પોતાની

ફરજ બજાવતાં તે માર્યો ગયો ને અત્યારે તેની પત્ની ને બાળકો આ દશામાં આવી પડ્યાં છે. તો આપણે તેમને મદદ કરવી જોઈએ ને!

તેથી જેકે પોતાના ખિસ્સામાંથી મેરીના ઘર આગળથી મળેલું એવું એક ફાટેલું મોજું બહાર કાઢ્યું ને કહ્યું કે હું આમાં ૨૫ ડોલર મૂકું છું ને તમે પણ તમારાથી જે બને તે મદદ કરી શકો છો. એક પછી એક બધાંએ તેમાં સોના અને ચાંદીના સિક્કાઓ નાખવા માંડ્યા ને, જોતજોતામાં તો આ હોટેલમાંથી તેની નજીકના ઘરોમાં ને ત્યાર બાદ આખા ગામમાં આ વાત ફેલાઈ ગઈને લોકોએ જેક પર કહેવડાવ્યું કે મહેરબાની કરીને ઘોડાગાડી લઈને આવો ને અમારાં ઘરોએથી પણ મેરી ને તેનાં બાળકો માટે નાતાલની ભેટ લઈ જાવ. તેથી નાની ટોટીનું ફાટેલું મોજું લઈને અને મોટી એક કંતાનની થેલી લઈને આખી રાત જેક ઘરે ઘરે ફર્યો ને જોતજોતામાં તો ૮૦૦૦ ડોલરના સોનાચાંદીના સિક્કાથી બેગ ભરાઈ ગઈ. તે ઉપરાંત ઘોડાગાડીમાં રમકડાં, કપડાં અને ખાવાની સ્વાદિષ્ટ વાનગીઓના ડબ્બા પેલી વિધવાબાઈ ને તેનાં બે અનાથ બાળકો માટે આપ્યાં. આ બધું લઈ મળસકું થાય તે પહેલાં જેક ખૂબ ચૂપકીદીથી મેરીની નાની ખોલકી આગળ આવ્યો ને ખોલકીના બારણામાં જ પ્રથમ રોકડ રકમની થેલી ને ત્યાર પછી રમકડાં ને કપડાં ને ખાવાની ચીજવસ્તુઓના ડબ્બા ખૂબ વ્યવસ્થિત ને સરસ રીતે ગોઠવી દીધા. ને એક મોટા ડબ્બા પર કોલસાથી લખ્યું કે, "આ ગામમાં નાતાલબાપા કંઈ હંમેશાં ગરીબોને ભૂલી જતા નથી."

નાતાલની પ્રભાતે મેરી તો આ બધું જોઈ અવાક્ જ બની ગઈ. થેલા ભરી ભરીને લોટ, ફળફળાદિના ડબ્બા, બિસ્કીટ વગેરે જોઈને બધાં ખૂબ જ આનંદમાં આવી ગયાં અને ઈશ્વરપિતાનો આભાર માન્યો.

જેક થોડે દૂર એક ઝાડને ઓથે ઊભો ઊભો મેરીને તેનાં બાળકોને જોતો હતો ને તેઓનો આનંદ જોઈને તેની આંખમાં પણ હર્ષનાં આંસુ આવી ગયાં.

વહાલાં બાળકો, આપણો પ્રભુ ગરીબોનો પ્રભુ છે તે માટે જ તો તેણે ગંદી ગભાણમાં જન્મ લીધો. આપણે ગરીબો પ્રત્યે પ્રેમ રાખી તેઓને મદદરૂપ થવા પ્રયત્ન કરીએ.

# કુશળ શિલ્પકાર

ઈટાલીના એક કેથેડ્રલના પાછળના ચોકમાં ઘણાં વર્ષો પૂર્વે એક ખૂબ જ મોટી આરસના પથ્થરમાંથી કાઢેલી પણ કઢંગી એવી એક મૂર્તિનો નમૂનો મૂકી રાખવામાં આવ્યો હતો.આ મૂર્તિ એ જગામાં લગભગ સો કરતાં પણ વધારે વર્ષોથી તે જ સ્થળે પડી રહેલી હતી. ઘણા કારીગરો તેને જોઈ ગયા હતો, પરંતુ બધાનું એમ જ કહેવું હતું કે આમાં તો હવે કાંઈ જ રહ્યું નથી. આ તો સુધારી શકાય તેવી જ નથી, માટે ભલે ને આવી ને આવી જ પડી રહી.

પરંતુ ૧૫૦૧ની સાલમાં એક જુવાન કારીગર ફરતો ફરતો તે કેથેડ્રલની મુલાકાતે આવી પહોંચ્યો. તેનું નામ માઈકલ એન્જેલો હતું. આ જુવાન શિલ્પકારને કોઈએ પૂછ્યું કે ભાઈ, આ મોટી જબરદસ્ત રાક્ષસ જેવી મૂર્તિમાંથી કંઈ સારું બનાવી શકાય કે કેમ? આ પ્રશ્નના જવાબમાં કંઈ પણ બોલ્યા વગર તેણે તો એ વિશાળકાય મૂર્તિની ઊંચાઈ, તેની પહોળાઈ વગેરે માપવા માંડી ને પછી જૂના જમાનાના એ કારીગરોએ શી ભૂલ કરી હતી તે બધી પણ તેણે શોધી કાઢી. પછી તેના મનમાં વિચાર આવ્યો કે આ આકૃતિમાંથી

તો બાઈબલમાંના પેલા ભરવાડના છોકરા દાઉદનું સરસ પાત્ર તૈયાર થઈ શકે!

એટલે તેણે તરત પેલા ભાઈને કહ્યું કે હું આને સમારીશ ને તેમાંથી કંઈ સારું કરવાનો પ્રયત્ન કરીશ. બીજા જ દિવસથી તેણે તે કામ હાથ પર લીધું ને ત્રણ વર્ષ સુધી લાગલગાટ તે એ મૂર્તિની મરામત કરવામાં લાગી ગયો. ૧૮ ફૂટ ઊંચી ને ૯ ટન વજનની એ શિલ્પકૃતિને ત્રણ વર્ષ બાદ તેણે અજાયબ જેવું રૂપ આપી દીધું.

પોતાનું કામ પૂરું થયા પછી એક દિવસ તેના એક વિદ્યાર્થીને તે આ શિલ્પકૃતિ બતાવવા લઈ આવ્યો. તેનો શિષ્ય તો અદ્ભુત શિલ્પકૃતિને જોઈને અજાયબ જ થઈ ગયો ને કહેવા લાગ્યો કે ગુરુજી, આ કૃતિ જે તમે બનાવી છે તે આબેહૂબ ભરવાડના છોકરાની પ્રતિમા છે. પરંતુ તેમાં એક જ ઊણપ લાગે છે ને તે તો તેનામાં વાચા નથી.

એક નકામી ભંગાર થઈ ગયેલી મૂર્તિમાંથી માઈકલ એન્જેલોએ એક અજાયબ શિલ્પકૃતિ બનાવી કાઢી કે જે નમૂનેદાર કૃતિ તરીકે ખ્યાતનામ થઈ ગઈ.

વહાલાં બાળકો, આપણાં જીવનો પણ પાપને લીધે નકામાં થઈ ગયાં છે. શેતાનથી આપણાં જીવનોનો નાશ કરી દેવામાં આવ્યો છે. આપણાં જીવનોને કઢંગા બનાવી દેવામાં આવ્યાં છે. હવે આપણાં જીવનો કોઈનાથી પણ સુધારી શકાય તેમ નથી. માત્ર ઈશ્વરની કૃપાથી જ આપણાં જીવનોનું પરિવર્તન થઈ શકે છે. એફેસી ૨:૮-૧૦.

# જીનવાલજીન

ફ્રાન્સ દેશના એક મોટા શહેરમાં એક ખૂબ ધાર્મિક ઈશ્વરભક્ત બિશપસાહેબ રહેતા હતા. તે ખૂબ દયાળુ ને પ્રેમાળ હતા. તેઓ હંમેશાં પોતાની પાસે જે પૈસા કે પગાર મળતો તે મોટા ભાગે ગરીબો અને જરૂરિયાતોવાળા અનાથ અને નિરાધાર લોકો માટે વાપરતા. અને હંમેશાં કહેતા કે એ જ મારા ઘરનો ખર્ચ છે. તેઓ પોતાનો સમય પણ ગરીબોની સેવા કરવામાં જ મોટા ભાગે વિતાવતા અને કહેતા કે એ જ મને મળેલા સમયનો સદઉપયોગ છે. તેમના ઘરના દરવાજા તેઓ હંમેશાં ખુલ્લા રાખતા અને તેમના ઘરે આવનાર દરેકને હંમેશાં એ જ શબ્દોથી આવકારતા કે, "અંદર ચાલ્યા આવો." આ સાથે તેઓ ખૂબ પ્રાર્થનાપરાયણ માણસ હતા ને તેથી તેમનો દેખાવ પણ દેવદૂતના જેવો દેખાતો. તેમના મુખ પર પવિત્ર આત્માની હાજરીનો પ્રકાશ હંમેશાં પ્રકાશતો. અને તેમની હાજરી માત્ર જ લોકોને પુષ્કળ દિલાસો અને આશ્વાસન પમાડતી.

એ અરસામાં એવું બન્યું કે ફ્રાન્સના એક પ્રખ્યાત અને રીઢા

ગુનેગારને ૧૮ વર્ષની સખત કેદની શિક્ષા પછી તોલોનના કેદખાનામાંથી મુક્તિ મળી. અને તે કેદખાનામાંથી છૂટી પોતાના ઘર તરફ જઈ રહ્યો હતો. આ કેદીનું નામ જીનવાલજીન હતું. પોતાના ઘર તરફ જતાં તે આ બિશપ સાહેબના ગામમાંથી પસાર થઈ રહ્યો હતો. શિયાળાની સખત ઠંડીની એ ઋતુ હતી ને કડકડતી ઠંડી પડતી હતી. સાંજ પડવા આવી હતી ને તેને કકડીને ભૂખ લાગી હતી. જીનવાલજીન ચાલી ચાલીને થાકથી ને ભૂખથી લોથપોથ થઈ ગયો હતો.

આખા ગામમાં તે આમતેમ ઘણું ફર્યો પણ કોઈએ તેને આશરો આપ્યો નહિ. લાચારીથી એક ખંડિયેર જેવી કોટડીમાં આશરો લેવા તે ગયો. પણ તે તો કૂતરાઓનું નિવાસસ્થાન હતું. તેથી કૂતરાઓએ પણ તેને આવકાર આપ્યો નહિ. અને એવા ભયંકર અવાજોથી ભસવા માંડ્યું કે ત્યાંથી પણ તેને નીકળવું પડ્યું.

આખરે તેણે વિચાર કર્યો કે મારે માટે તો માત્ર કેદખાનામાં જ જગા છે. અને તે સિવાય બીજે ક્યાંય મારે પગ મૂકવાની જગા નથી. એવો વિચાર કરીને, તે ગામના કેદખાનાના દરવાજે જઈ ઊભો રહ્યો, અને જેલરને કરગરીને કહેવા લાગ્યો કે, ભાઈ આજની રાત મને કેદખાનામાં રહેવા દો. પણ પેલો જેલર ગુસ્સે થઈ ગયો અને કહેવા લાગ્યો કે આ તે કંઈ ધર્મશાળા છે? આ તો કેદખાનું છે. તમે ગુનો કરો ને પોલીસ તમને પકડે પછી જ આમાં તમારાથી રહેવાય.

કેટલો લાચાર માણસ! આજે તેની લાચાર સ્થિતિમાં જ્યાં

સુધી તે ગુનો ના કરે ત્યાં સુધી કેદખાનું પણ તેને આશરો આપી શકતું નથી! આખરે બિચારો વાલજીન પોતાની મનની લાગણીઓ દબાવતો ને મહાપરાણે મન મનાવતો પાછો ત્યાંથી ચાલી નીકળ્યો. ને અનાયાસે બિશપસાહેબના ઘરના દરવાજા આગળ આવી દરવાજો ખખડાવ્યો.

અંદરથી અવાજ આવ્યો, "અંદર આવો." વાલજીન તો એકદમ અંદર ગયો ને બિશપસાહેબને પોતાની બધી વાત કહી. બિશપસાહેબ તો આવા માણસોને મદદ કરવા માટે હંમેશાં તૈયાર જ હતા. તેથી તેમણે તેને નહાવા માટે ગરમ પાણી આપ્યું, બીજાં કપડાં આપ્યાં અને તેને પોતાની સાથે ટેબલ પર બેસાડી ગરમ ગરમ ભોજન પીરસ્યું. પછી બાજુનો એક ઓરડો તૈયાર કરાવી ત્યાં તેને સૂવા માટેની વ્યવસ્થા આપી. અત્યાર સુધી તો વાલજીને તુચ્છકાર અને ધિક્કાર જ અનુભવેલો. કેદમાં ગાળો સિવાય બીજું કશું સાંભળ્યું ન હતું. પરંતુ અહીં બિશપસાહેબે જે પ્રેમથી તેને આવકાર્યો તેને લીધે તેને ખૂબ શાંતિ વળી ને આશ્ચર્યચકિત થઈ કહેવા લાગ્યો કે, "સાહેબ, હું તો કેવળ એક કેદી છું. અને જો આપ મારી સઘળી વર્તણૂકથી માહિતગાર હોત, તો કદી મારી સાથે આવી રીતે માનપૂર્વક તમે વાતચીત ના કરત." પણ બિશપસાહેબે કહ્યું ભાઈ, હું તમને ઓળખું છું ને તમારા વિશે બધું જાણું છું પણ તમે મારા ભાઈ છો.

વાલજીનને જે ઓરડામાં રાખવામાં આવ્યો હતો, ત્યાં એક ચાંદીની દીવી હતી. રાત્રે તો વાલજીન ખૂબ થાકેલો હોઈ ઘસઘસાટ ઊંઘી ગયો. પરંતુ વહેલી સવાર પડતાં તેને પૂરતો આરામ મળ્યો

હોઈ સ્વસ્થ ચિત્તે તે જાગી ઊઠ્યો ને રાત્રે તેણે બિશપસાહેબના જમવાના ઓરડામાં જે ચાંદીનાં વાસણો જોયેલાં તે તેને યાદ આવ્યાં, ને તેની મૂળ લોભી ને ચોરી કરવાની વૃત્તિ જાગૃત થઈ. તેના મનમાં ખૂબ ગડમથલ ચાલી કે બિશપસાહેબે મારા પર ખૂબ પ્રેમ બતાવ્યો છે ને હું તેમના ઘરમાં ચોરી કરું? પરંતુ આખરે તો તે ચોર જ ને. તેથી તેની દુષ્ટ ઈચ્છાને જ તે આખરે વશ થઈ ગયો ને ધીમે પગલે અંદર જઈ જોયું તો બિશપસાહેબ ઘસઘસાટ ઊંઘતા હતા. તેથી ચૂપકીદીથી પેલાં વાસણો લઈ ઘરમાંથી પલાયન થઈ ગયો. પરંતુ આ રીઢા ગુનાગારને કોણ ના ઓળખે?

તેથી ગામના ચોકીદારે તરત જ તેને ઓળખી કાઢ્યો ને તેની પાસેના પોટલામાં જોયું તો ચાંદીનાં વાસણો. જીને પોલીસને સાચેસાચી વાત જણાવી, તેથી પોલીસ વહેલી સવારમાં જીનને પકડી બિશપસાહેબના ઘરે આવી. બિશપ સાહેબે જીનને જોઈને કહ્યું કે, "મિત્ર, સારું થયું તમે આવ્યા. તમે તમારી ચાંદીની બે દીવી લેવાનું ભૂલી ગયેલા તે પણ ચાંદીની જ છે ને તેથી ઓછામાં ઓછા ૨૦૦ રૂપિયામાં તે પણ તમે વેચી શકશો."

પોલીસ ઓફિસર તો આ જોઈ આભો જ બની ગયો ને કહેવા લાગ્યો કે તેણે અમને કહ્યું હતું કે મને આ વસ્તુઓ પેલા વૃદ્ધ પાદરીસાહેબે આપી છે પણ અમે માન્યું નહીં. ત્યારે બિશપસાહેબ કહેવા લાગ્યા કે તમે તેની વાત કેમ માની નહીં? ને શા માટે મારી પાસે તેને પાછો લાવ્યા? આ સાંભળી પોલીસે જીનને છોડી મૂક્યો. પણ બિચારો જીન ક્યાં જાય? બિશપસાહેબના વર્તનથી જીનવાલજીન એટલો બધો શરમાઈ ગયો હતો ને નમ્ર બની ગયો

હતો કે તે તો ત્યાંથી એક ડગલું પણ આગળ વધી શક્યો નહિ તેના હોંશકોશ ઊડી ગયા ને તેની આંખો ખુલ્લી હોવા છતાં તે જોઈ શકતો ન હતો. બિશપસાહેબે ખૂબ પ્રેમથી તેને કહ્યું "મિત્ર, લો આ બધી તમારી જ વસ્તુઓ છે. ખુશીથી તમે લઈ જાઓ પણ ફરીથી જ્યારે પાછા આવો ત્યારે વાડ પર થઈને ના આવતા. પરંતુ મુખ્ય દરવાજે થઈને જ આવજો. કારણ કે મારા ઘરનાં બારણાં હંમેશાં ખુલ્લાં જ રહે છે તે કદી હું બંધ કરતો નથી."

વહાલાં બાળકો, કદાચ તમારામાંથી કોઈને પણ આવી કુટેવ હોઈ શકે પરંતુ પ્રભુ ઈસુ તમારા પર ખૂબ પ્રેમ કરે છે ને તેથી તમને એ કુટેવમાંથી છોડાવવાને માટે, તમને તમારી ભૂલો માફ કરવાને માટે ને નવું જીવન આપવાને માટે આપણો પ્રભુ તૈયાર છે. "કેમ કે દેવે જગત પર એટલી બધી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે."

# બે મિત્રો

યુરોપ દેશના એક ગામમાં બે મિત્રો રહેતા હતા. એક જુવાન માણસ હતો ને બીજો તેનાથી થોડી મોટી ઉંમરનો. આમ જો કે બંને વચ્ચે ઉંમરનો ઘણો તફાવત હોવા છતાં બંને ખૂબ ગાઢ મિત્રો હતા. તેમના સ્વભાવમાં ખૂબ મળતાપણું હતું. બંને ખૂબ સાહસિક વૃત્તિના હતા. તેઓ સાથે માછલી પકડવા, શિકાર કરવા અને ક્રિકેટ રમવા જતા ને આમ તેઓ જે કાંઈ કરતા તેમાં બંને દોસ્તો સાથે જ હોય.

આ બંનેમાંથી પેલો જે ઉંમરવાન માણસ હતો તેને વાંચવાનો ખૂબ શોખ. એટલે તેણે તેની લાઈબ્રેરીમાં ખૂબ પુસ્તકો ભેગાં કર્યાં હતાં. એક દિવસ તેના હાથમાં ભૂગોળને લગતું એક પુસ્તક આવ્યું ને તેમાં દક્ષિણ આફ્રિકામાં આવેલી સોનાની ખાણો વિશે વાંચવામાં આવ્યું. આ વાંચીને તેને અનેક વિચારો આવવા લાગ્યા. સાંજે જ્યારે તેનો જુવાન મિત્ર તેની પાસે આવ્યો ત્યારે તેણે તેને પેલી સોનાની ખાણો વિશે વાત કરી.

પછી બંને મિત્રો સોનું મેળવવાના વિચારો કરવા લાગ્યા. આમ પણ સાહસ કરવાનો તેમનો સ્વભાવ તો હતો જ, ને તેમાંય

વળી આ બાબત તેમને જાણવા મળી એટલે પાછા બંને જણા દક્ષિણ આફ્રિકા જઈ સોનું મેળવવા માટે ને ધનવાન બની જવા માટે સ્વપ્ન સેવવા લાગ્યા.

બંને મિત્રોએ નક્કી કરી લીધું કે આપણે ત્યાં જવું. એટલે પૂરતી તૈયારી કરી તેને લગતા નકશા વગેરે લીધાં. વિવિધ દવાઓ, ખોરાક અને બીજી જરૂરિયાતોની ચીજો લીધી ને બંને મિત્રો લાંબી દરિયાઈ સફર કરીને દક્ષિણ આફ્રિકા પહોંચ્યા. આફ્રિકાનાં વિકટ જંગલો ને જંગલી લોકો તેમ જ હિંસક પ્રાણીઓ આ બધાંનો સામનો કરી આખરે સોનાની ખાણનો પત્તો તેઓ મેળવી શક્યા ને પોતાથી લેવાય તેટલું સોનું તેઓએ એકઠું કર્યું ને પછી પાછા પોતાના દેશ તરફ જવા નીકળ્યા. બંને જણ ખૂબ ખુશખુશાલ હતા, કે હવે તો આપણે બંને આ સોનું વેચી ખૂબ પૈસા મેળવીશું, ને ધનવાન થઈ જઈશું. હવે પછીની જિંદગી એશઆરામથી ભોગવીશું. આમ વિચાર કરતાં કરતાં તેઓની મુસાફરી હવે પૂરી પણ થવા આવી ને હવે તો પોતાના દેશની ખૂબ નજીક આવી ગયા.

પરંતુ એક દિવસ એવું બન્યું કે પેલા જુવાન માણસને થયું કે આ બધું જ સોનું જો મને મળી જાય તો કેવું સારું? એવા ભૂંડા વિચારને લીધે તે એક રાતે ઊઠ્યો ને પેલો તેનો મિત્ર સૂઈ રહ્યો હતો તેને તેણે મારી નાખ્યો ને અંધારામાં ઊઠી બહાર પુષ્કળ બરફ પડતો હતો તે બરફના ઢગલા નીચે તેને સંતાડી દીધો. પછી બીજે દિવસે સવારે ત્યાંથી આગળ મુસાફરી શરૂ કરી પણ બરફનું તોફાન તો વધારે ને વધારે વધવા જ માંડ્યું. આથી બીજી જગ્યાએ તેને રોકાવું પડ્યું. તે જગા જો કે સલામત હતી. ત્યાં બીક કે ગભરાટ જેવું કાંઈ ન હતું. પરંતુ તેનું અંતઃકરણ દૂષિત હતું તેથી તેને ખૂબ બીક લાગવા

માંડી. પવનના સુસવાટા ને બરફના તોફાનના અવાજમાંથી જાણે એને કોઈ પૂછી રહ્યું હતું કે મારું સોનું તેં લઈ લીધું છે. મારો ભાગ તેં પડાવી લીધો છે ને આમ સતત બીક ને ભયને લીધે એ જુવાન પણ ગાંડા જેવો બની ગયો.

વહાલાં બાળકો, કેવો કરુણ અંજામ! બાઈબલમાં આખાન નામના માણસે પણ આવું જ લોભનું પાપ કર્યું ને તેનાથી તેનો ને તેના આખા કુટુંબનો નાશ થયો. યહોવા દેવે મૂસાને જે આજ્ઞાઓ આપી તેમાં દશમી ને છેલ્લી આજ્ઞા લોભ ન કરવા વિશે આપવામાં આવી. નીતિવચનો ૨૧:૨૬માં પણ પ્રભુનું વચન લોભ ન કરવા સંબંધી ચેતવણી આપે છે. અતિ લોભ તે પાપનું મૂળ છે. જેમાંથી જૂઠું બોલવું, ચોરી કરવી, છેતરપિંડી કરવી વગેરે પાપો ઉદ્‌ભવે છે. માટે આપણે નાનાં છીએ ત્યારથી જ સંતોષી જીવન જીવતાં શીખીએ.

# ના'વાનો કુંડ

ઈ. સ. ૧૮૫૯ની સાલની આ વાત છે. દક્ષિણ ભારતના બેઝવાડા નામના ગામની બાજુમાં એક ના'વાનો કુંડ આવેલો છે. આ કુંડ વિશે એમ કહેવાય છે કે જે કોઈ તેમાં ના'ય તેના રોગ દૂર થાય છે ને સાથે સાથે તેને મોક્ષ એટલે કે પાપમાંથી મુક્તિ મળે છે. તારણ મળે છે. આવી માન્યતાને કારણે હજારો લોકો આ જગ્યામાં સ્નાન કરવા આવે છે.

એક દિવસ આ કુંડમાં ના'વા ને પુણ્ય મેળવવા, તારણ પ્રાપ્ત કરવા ચાર માણસો ત્યાં આવ્યા. આ ચારમાંથી ત્રણ માણસો પાણીમાં ઊતરીને ખૂબ શ્રદ્ધાથી ના'વા લાગ્યા. પરંતુ ચોથો માણસ એ કુંડની બહાર જ ઊભો રહીને પેલા ત્રણ જણને જોયા કરતો હતો ને તેના મનમાં વિચારવા લાગ્યો કે આ પાણીમાં ના'વાથી તે વળી કેવી રીતે મોક્ષ મળે? આમ તેના મનમાં ખૂબ ગડમથલ ચાલી રહી હતી.

એટલામાં એક હિંદુ માણસ એ કુંડ પાસે આવીને ઊભા રહ્યા. તે પેલા ચોથા માણસને કહે કે ભાઈ તમે ઘણે દૂરથી આ કુંડમાં ના'વા આવ્યા હશો. તો પછી તમારા આ ત્રણ સાથીદારો સાથે તમે

પણ કેમ કુંડમાં ના'વા ઊતરતા નથી? તરત જ પેલા ભાઈ કહે મને તો આ પાણીમાં વિશ્વાસ નથી.

હું તો મારા આ મિત્રોના કહેવાથી જ અહીં જોવા આવ્યો છું. આ તો ખાલી લોકોના વહેમ છે વહેમ. કંઈ આ પાણી તે તારણ આપી શકે? મારે તો ઈશ્વરને જ મેળવવા છે.

આ વાત સાંભળી પેલા હિંદુ માણસ દૂર એક ટેકરી પર આવેલા ઘરને બતાવી કહે કે જુઓ પેલું મકાંન દેખાય છે ને તે બંગલામાં જાઓ. જો તમે ખરેખર ઈશ્વરની શોધ કરતા હો તો તે બંગલામાં એક સાહેબ રહે છે અને તે તમને જીવતા ઈશ્વરની વાત કહેશે. આ વાત સાંભળી તે ચારેયે ખૂબ આશા સહિત તે બંગલા તરફ ચાલવા માંડ્યું.

હવે એ બંગલામાં તો સી. એમ. એસ. મિશનના એક મિશનરી મિ. ડાર્લિંગ રહેતા હતા. તેઓ આઠ વર્ષથી આ જગામાં રહીને પ્રભુની સુવાર્તામાં કામ કરતા હતા ને ઉપદેશ આપતા હતા. પરંતુ આઠ આઠ વર્ષ સુધી કાર્ય કર્યા છતાં તેમને કોઈ જ ફળ મળ્યું ન હતું. તેથી તેઓ ખૂબ નિરાશ થઈ ગયા હતા. આજે સવારે પણ તેઓએ એ જ કુંડ પાસે જઈને ઉપદેશ કર્યો હતો ને છતાં ખૂબ નિરાશ અને હતાશ થઈ તેઓ પાછા પોતાને બંગલે આવી ઘૂંટણે પડીને આંસુઓ સાથે પ્રાર્થના કરી રહ્યા હતા કે પ્રભુ હવે મારે શું કરવું? શું મારા કામની નિષ્ફળતા કબૂલ કરી મારે હવે આ કામ છોડી દઈ પાછા મારા દેશ જતાં રહેવું? આમ તેઓ બહુ ભગ્ન હૃદયે ઈશ્વર આગળ પોતાનું મન ઠાલવી રહ્યા હતા.

ત્યાં તો તેમના બારણા પર ટકોરા સંભળાયા. પ્રાર્થના પૂરી

કરી તેઓ દરવાજો ઉઘાડવા ગયા તો બારણા આગળ ૪ માણસો આવીને ઊભા હતા. આ ચાર માણસોએ કહ્યું કે સાહેબ અમે આપની પાસે ઈશ્વર વિષે શિખવા આવ્યા છીએ. ડાર્લિંગ સાહેબે ખૂબ માયાળુપણે તેમની સાથે વાત કરી ને તેમને પોતાના ઘરમાં બોલાવી તેમને ઈસુ ખ્રિસ્ત વિષેના સુસમાચાર જણાવ્યા અને ઈશ્વર વિશે ખૂબ ધીરજથી બધું સમજાવ્યું. પ્રભુના પવિત્ર આત્માએ આ ચારે જણના હૃદયોમાં કાર્ય કર્યું ને તેઓ ચારેયે ડાર્લિંગ સાહેબ પાસે બાપ્તિસ્મા લીધું ને ખ્રિસ્તી થયા. ત્યાર પછી તેઓ પોતાને ગામ ગયા ને ત્યાં તેમના ગામના લોકોમાં સુવાર્તા પ્રગટ કરવા લાગ્યા. આથી તેમના ગામના ૨૦૦ બીજા માણસો ખ્રિસ્તી થયા અને એ રીતે ડોર્નાકલ નામના એ ગામમાં ખ્રિસ્તી મંડળીની સ્થાપના થઈ ને અત્યારે ત્યાં ૨,૦૦,૦૦૦થી પણ વધારે ખ્રિસ્તીઓની મંડળી છે.

વહાલાં બાળકો, પ્રભુનું વચન કહે છે કે "તારું અન્ન પાણી પર નાખ કેમ કે ઘણા દિવસો પછી તે તને પાછું મળશે" સભાશિક્ષક ૧૧:૧. પ્રભુને માટે કરેલું તમારું નાનું શું કાર્ય પણ નિરર્થક નથી. ઈશ્વર તેમાંથી સો ગણાં ફળ ઉત્પન્ન કરી શકે છે. તમારી નિશાળો ને કોલેજો હવે શરૂ થશે ત્યારે તમે તમારી સાથે અભ્યાસ કરતાં તમારાં અખ્રિસ્તી મિત્રોને પ્રભુ ઈસુ વિશે જણાવજો. પ્રભુ તેના પવિત્ર આત્મા દ્વારા તેમનાં હૃદયોમાં જરૂરથી કાર્ય કરશે.

# અવેજ

યુનાઈટેડ સ્ટેટ્સમાં આંતરવિગ્રહ ચાલી રહ્યો હતો ને ખૂનખાર યુદ્ધ ચાલતું હતું. ત્યારે સરકાર તરફથી દેશના તમામ જુવાનો ને પુરુષોને ફરજિયાત લશ્કરમાં ભરતી થવા માટે ફરજ પાડવામાં આવતી હતી.

ત્યાં બ્લેક નામનો એક જુવાન ખેડૂત રહેતો હતો. તેની પત્ની થોડા જ સમય પહેલાં મૃત્યુ પામી હતી તેથી તેનાં નાનાં નાનાં ત્રણ બાળકોની જવાબદારી તેને શિરે હતી. બાળકોના ઉછેરની જવાબદારી, તેમના અભ્યાસની જવાબદારી એ સર્વ આ બ્લેક ખૂબ પ્રેમ ને ધીરજથી ઉઠાવી રહ્યો હતો. ને બાળકોને જરા પણ મનદુઃખ ન થાય, માની ખોટ ન સાલે એ રીતે તે તેમની દેખભાળ રાખતો હતો.

એવામાં દેશમાં કટોકટી ઊભી થઈ ને એકાએક એક દિવસ બ્લેકને ત્યાંની સરકારની છાપવાળું એક પરબીડિયું આવ્યું. બ્લેકે તે ઉઘાડીને વાંચ્યું તો તેમાં સરકાર તરફથી હુકમ આપવામાં આવેલો કે ફલાણા ફલાણા દિવસે નજીકના લશ્કરી થાણામાં સૈનિક તરીકે જોડાવા માટે હાજર થાઓ.

બિચારો બ્લેક તો તેને આવો કાગળ મળવાથી સાવ ભાંગી પડ્યો ને તેનાં નાનાં નાનાં કુમળાં બાળકોને જોતાં તેની આંખોમાં આંસુ આવી ગયાં. તેને ખૂબ ચિંતા થવા લાગી કે અરે... હવે આ મારાં નાનાં બાળકોને કોણ જોશે. તેમનું ભરણપોષણ કોણ સંભાળશે? આ બધા વિચારોને લીધે તે ખૂબ નિરાશ થઈ ગયો.

તેના ઘરની બાજુમાં ચાર્લી નામનો માણસ રહેતો હતો. તે ઘણાં વર્ષોથી બ્લેકના ઘરની બાજુમાં રહેતો હોઈ તેઓ બંને ખૂબ સારા પડોશીઓ હતા. વળી સારા મિત્રો પણ હતા. બ્લેકે ચાર્લીને તેના ઉપર આવેલા કાગળ સંબંધી વાત કરી. ચાર્લી પણ બ્લેકની વાત સાંભળી ખૂબ દુઃખી થઈ ગયો.

એમ કરતાં કરતાં દિવસો પસાર થવા લાગ્યા. હવે તો ઘર ને બાળકોને છોડીને લડાઈમાં જવાનો દિવસ પણ આવી પહોંચ્યો. તે જે દિવસે લડાઈમાં જવા નીકળવાનો હતો તેના આગલે દિવસે ચાર્લી બ્લેકની પાસે આવ્યો ને બોલ્યો કે, બ્લેક, તારાં નાનાં નાનાં બાળકોને સાચવે તેવું કોઈ જ નથી. વળી તેનું ભરણપોષણ કરનાર પણ કોઈ જ નથી. તેથી મને લાગે છે કે તારા કુટુંબને, આ તારાં નાનાં બાળકોને તારી ખૂબ જરૂર છે તેથી મેં ગઈ કાલે રાત્રે જ એવો નિશ્ચય કર્યો છે કે તારે બદલે હું લડાઈમાં જઈશ."

આ સાંભળી બ્લેક તો અવાક્ જ બની ગયો. તેની આંખમાં આંસુ આવી ગયાં ને થોડી ક્ષણો તો કાંઈ બોલી જ શક્યો નહિ. તેણે એકદમ ચાર્લીનો હાથ પકડી લીધો ને આભારની લાગણીથી તેનું માથું નમી ગયું.

ચાર્લી તો બીજે દિવસે લશ્કરી છાવણીમાં હાજર થઈ ગયો ને

તેને યુદ્ધ મેદાનમાં આગલી હરોળમાં રહી પોતાની ફરજ બજાવવાનો આદેશ મળ્યો. તે પોતાની ફરજ ખૂબ વિશ્વાસુપણે બજાવવા લાગ્યો. પણ યુદ્ધના મોરચે ચાર્લીને ગોળી વાગી ને તે ત્યાં જ રણમેદાનમાં માર્યો ગયો. ચાર્લીના મૃત્યુના સમાચાર જ્યારે બ્લેકે સાંભળ્યાં, ત્યારે તે પોતાના ઘોડા પર બેસીને યુદ્ધના સ્થળે પહોંચી ગયો. ને ત્યાં પડેલા ઘવાયેલા સૈનિકોમાંથી ચાર્લીના મૃતદેહને તેણે શોધી કાઢ્યો ને તેને લઈ આવી તેણે તેના શરીરને નજીકના કબરસ્તાનમાં દાટી તેના પર કબર ચણાવી.

આ કબર ઉપર મૂકવા માટે તે એક આરસની તકતી લઈ આવ્યો ને તેના પર તેણે પોતે છીણી લઈને રડતાં રડતાં આ શબ્દો કોતર્યા કે, "તે મારા માટે મરી ગયો." આ શબ્દો બરાબર કોતરાયા પણ ન હતા. પરંતુ ચાર્લીની કબર પર એ આરસની તકતી બ્લેકે મૂકીને અવારનવાર તે ત્યાં જતો ને ચાર્લીની કબર આગળ ઊભો રહી તેણે કરેલા સ્વાર્પણને યાદ કરતો.

વહાલાં બાળકો, પ્રભુ ઈસુ કાલવરીના વધસ્તંભ ઉપર તમારે ને મારે માટે મરી ગયા. કે જેથી આપણે પાપની ભયંકર શિક્ષામાંથી બચી જઈએ ને માફી મેળવીએ અને નવું જીવન પ્રાપ્ત કરીએ. વાંચો યશાયાહ ૫૩:૪-૫. માટે વહાલાંઓ આવો, આપણે તેના વધસ્તંભ આગળ જઈ આપણાં પાપો કબૂલ કરીએ ને આજે જ માફી પામી લઈએ.

# ઊંઘણશી ઓક

એક મોટું જંગલ હતું. ખૂબ જ ગાઢ જંગલ. તેમાં કેટલાંય, જાત જાતનાં વૃક્ષો ઊગ્યાં હતાં. જંગલી વૃક્ષો, વેલાઓથી જંગલ લીલુંછમ દેખાય. તેમાં અમુક વૃક્ષો તો ખૂબ જ ઉપયોગી હતાં. બાવળનાં વૃક્ષ, તે લાકડાં બાળવાના કામનાં આવતાં. ગામમાંથી કઠિયારા આવે, અને ઉપયોગી વૃક્ષો કાપીને લઈ જાય. જંગલી વેલાઓ ખૂબ વધી ગયા હતા. દોરડા જેવા જાડા જાડા થયેલા વેલાઓ નકામા હતા. અને કેટલાંક જંગલી વૃક્ષો પણ નકામાં હતાં.

આ જંગલની વચ્ચે જ એક જૂનુ પુરાણું ઓકનું જબરદસ્ત મોટું વૃક્ષ હતું. અને આ ઓકનું ઝાડ તો એવું ફાલેલું કે ના પૂછો વાત! તેની ડાળીઓ ચારે બાજુ ફેલાઈ હતી. એનો ઘેરાવો એવો કે ના પૂછો વાત! ઓકના આ મોટા ઝાડ ઉપર અસંખ્ય પક્ષીઓ માળો કરીને રહેતાં હતાં. પરંતુ ઓકનું વૃક્ષ તેને એક ખરાબ ટેવ પડી હતી. એ તો એ જ કે ઊંઘ્યા કરવાની ટેવ. ઊંઘે ઊંઘે અને ઊંઘ્યા જ કરે. ઓકનું વૃક્ષ, રાતે અને દિવસે બસ ઊંઘ્યા જ કરે. તેની ડાળીઓ ઉપર પક્ષીઓ ગીત ગાય, કલરવ કરે, આ બધું ઓકને ગમે જ નહીં. તેના

થડમાં રહેતી ખિસકોલીઓ તેને બહુ ગમે. આ ખિસકોલીઓ રાતે ઊંઘી જાય અને સવારે તો જંગલમાં ખાવાનું શોધવા ચાલી જાય. તેથી દિવસે તેને ઊંઘવાનું મળે ને રાતે પણ તેને ઊંઘવાનું મળે.

એક દિવસે ઘણાં પક્ષીઓની સાથે ઘુવડ પણ ત્યાં રહેવા આવ્યું. ઘુવડ દિવસે ઊંઘી ગયું. પણ રાત પડી એટલે ઘુવડભાઈએ તો બોલવાનું શરૂ કર્યું. ઓકના વૃક્ષને તો ઊંઘમાં ખલેલ પડી એટલે કંટાળી ગયું. કેવી મજાની રાત છે ! બધાં નિરાંતે ઊંઘે છે, ત્યારે આ શી ગરબડ માંડી છે ? ઘુવડ તું ઊંઘતું નથી અને બીજાને ઊંઘવા દેતું નથી. આમ ને આમ ત્રણ ચાર દિવસ પસાર થયા. છેવટે ઓકથી રહેવાયું જ નહીં. તેણે પોતાનાં મિત્રો ખિસકોલીઓને બોલાવી તેમની આગળ રડવા લાગ્યું. જુઓ, આ કોઈ નવું પક્ષી આવ્યું છે. તે મને જરાય જંપવા દેતું નથી. ગરબડ જ કર્યા કરે છે. મારી ઊંઘ ઊડી જાય છે. જુઓ આટલા દિવસની ઊંઘ બગડી એટલે હું તો માંદું જ પડી ગયું. મને મદદ કરો, કોઈ રસ્તો શોધી આપો. હવે આ ઘુવડભાઈના ઘોંઘાટથી મને છોડાવો. મને તો ઊંઘની જરૂર છે.

ઓકની વાત સાંભળીને ખિસકોલીઓ દુઃખી થઈ. બધી જ ખિસકોલીઓએ ભેગી થઈને વિચાર કર્યો. રસ્તો કેમ કરીને કાઢીશું? પછી થોડી વાતો કરીને ખિસકોલીઓ દોડવા લાગી. બાજુમાં જ પાઈન વૃક્ષ હતું. તેમાંથી નાનાં નાનાં કાંટાળાં પાંદડાં તોડી લાવ્યા, ઓક વૃક્ષ ઉપર બધે જ લગાડી દીધાં. હવે, ઓકભાઈને ઊંઘવામાં ખલેલ નહીં પડે.

પછી રાત્રે ઘુવડ પાછું આવ્યું. બિચારું જ્યાં બેસે ત્યાં બધે જ કાંટા વાગે. આખરે નિરાશ થઈને ઊડી ગયું. પછી પાછું આવ્યું જ

નહિ. હવે ઓકના ઝાડને નિરાંત વળી. રાત્રે ને દિવસે પાછું ઊંઘવા લાગ્યું.

વહાલાં બાળકો, તમને પણ આવી કોઈ ખરાબ ટેવ છે? ઊંઘવાની અને આળસુ બનવાની? બાઈબલ તે માટે ચેતવણી આપે છે. આળસુ કંગાલ અવસ્થાંનાં આવી પડશે. નીતિવચનો ૬:૯-૧૧ "હે આળસુ તું ક્યાં સુધી સૂઈ રહેશે?..... એમ કરવાથી તારી કંગાલાવસ્થા હથિયારબંધ માણસની પેઠે આવી પડશે."

પણ જે ઉદ્યમી છે, મહેનતુ છે, તેની ઉન્નતી થશે. નીતિવચનો ૧૦:૪ "પણ ઉદ્યોગીનો હાથ તેને ધનવાન બનાવે છે." બાળકો, ઊંઘ અને આળસ છોડી, મહેનતુ બનો.

# વિજેતા

**એ**ક બગીચામાં ત્રણ પક્ષીઓ રહેતાં હતાં. એક રોબિન, એક ચકલી અને એક બુલબુલ. એક દિવસ ત્રણે જણાં ભેગાં મળીને એકબીજા સાથે દલીલો કરવા લાગ્યાં કે કોણ સૌથી સરસ ગાઈ શકે! રોબિન કહે, 'આ બુલબુલ તો બહુ બોલ બોલ કરે છે.' ત્યારે ચકલી કહે 'પણ રોબિન તું તો સવારથી ઊઠે છે ત્યારથી ટીક ટીક જ કર્યા કરે છે.' ત્યારે પેલું બુલબુલ કહે 'અને ચકલી તું તો આખો દિવસ ચીં ચીં ચીં જ કર્યા કરે છે તેથી તારી ગરબડમાં અમને તો અમારી પોતાની વાત પણ સંભળાતી નથી.'

આમ ચર્ચા કરતાં કરતાં ત્રણે જણ કહે સારું ચાલો, આપણે ઘુવડ પાસે જઈએ અને તે જે કહે તે ખરું. તેથી સાંજે ત્રણે જણાં ગીચ ઝાડી-જ્યાં ઘુવડ રહેતું હતું ત્યાં ગયાં ને ઘુવડને પૂછે કે અમારા ત્રણેમાંથી કોણ સારું ગાઈ શકે છે તમે જ કહો!

ઘુવડ કહે 'ભાઈ, તમે બધાં એક વાર મારી આગળ ગાઓ પછી કહી શકાય ને વળી બીજાં પણ ઘણાં પક્ષીઓ છે કે જે સરસ

ગાઈ શકે છે. માટે એમ કરો કે આપણે એક દિવસ સાંજે બધાં પક્ષીઓને આમંત્રણ આપીને બોલાવીએ ને સંગીત સ્પર્ધા રાખીએ.'

તેથી ઘુવડે તો બધી જ વ્યવસ્થા કરી ને જંગલને છેડે એક ખુલ્લા મેદાન જેવા ખેતરમાં બધાં પક્ષીઓને ભેગાં કર્યાં. સાંજ પડી એટલે બધાં પક્ષીઓ આવ્યાં ને નિર્ણાયક તરીકે ઘુવડભાઈ એક પડી ગયેલા ઝાડના થડ પર વટબંધ ગોઠવાઈ ગયા ને ધીરગંભીર થઈ બધાં પક્ષીઓની સામે એક નજર નાખી જાણે તેમની નોંધ લઈ લીધી.

સંગીત સ્પર્ધાની શરૂઆતમાં બધાં પક્ષીઓને નિર્ણાયકે નામ દઈને આવકાર્યાં ને પછી વારાફરતી આગળ આવી પોતાનું ગીત રજૂ કરવા જણાવ્યું.

સૌ પ્રથમ રોબિનનું નામ બોલવામાં આવ્યું. એટલે રોબિન તો ઊડીને ઘુવડની બાજુમાં જઈને ઊભું અને ડોક આમતેમ હલાવી બધાં પક્ષીઓ સામે જોઈ બને તેટલું સરસ રીતે ગાવા લાગ્યું. તેનું ગીત પૂરું થયું એટલે ઘુવડ તેની આંખો ઊંચીનીચી કરી ડોક હલાવી કહે બહુ સરસ, બહુ સરસ. પણ હજુ થોડો સારો પ્રયત્ન કરી શકાય એટલે રોબિન તો પોતાની જગ્યાએ જઈ બેસી ગયું.

પછી આવ્યો બુલબુલનો વારો. બુલબુલ તો થોડું ગાઈ વચ્ચે જ અટકી ગયું. એટલે ઘુવડ તો તેની સામે એકીટસે જોઈ કહે તું તો ગાતું નથી પણ સીટીઓ જ મારે છે. એમ કહી તેને વચ્ચે જ બંધ કરી બેસાડી દીધું.

ઘુવડ કહે ચાલો, આના પછી કોનો વારો છે ? હા પેલી દેવચકલીનો. સારું શરૂ કરો જોઈએ તમે કેવું ગાઓ છો ? દેવચકલીએ તો સરસ ગાયું. ઘુવડ કહે આટલું નાનું પક્ષી આવું જોરથી ગાય ! ગજબ કહેવાય.

પછી કાગડાનો વારો આવ્યો. તેનો અવાજ સાંભળી ઘુવડ કહે બસ કર ભાઈ હવે બસ કર. પણ કાગડો તો કા કા કા  કા કર્યા જ કરે. એટલે ઘુવડે જાતે આવીને તેને પાછો પોતાની જગ્યાએ બેસાડી દીધો.

પછી ચકલીનો વારો આવ્યો, હોલીનો વારો આવ્યો, કબૂતરનો વારો આવ્યો, પોપટનો વારો આવ્યો, મોરનો વારો આવ્યો. પણ કોઈનાથી ઘુવડને તો સંતોષ થયો નહિ, છેલ્લે કોયલનો વારો આવ્યો.

ઘુવડ કહે કોયલબહેન 'તમારો રંગ તો બહુ કાળો છે પણ જોઈએ હવે તમારો રાગ કેવોક છે.'

એટલે કોયલ તો ઊડીને આંબાના ઝાડના પાંદડામાં છુપાઈને બેઠી, ને પછી કૂઊઊ કૂઊઊઊ કરી ગાવા લાગી, ને તેનો અવાજ સાંભળી બધાં પક્ષીઓ ને ઘુવડ પણ ડોલવા લાગ્યું. તેના મીઠા અવાજનો પડઘો આખા જંગલમાં પડવા લાગ્યો ને આખું વાતાવરણ જાણે મધુર બની ગયું. બધાં પક્ષીઓ પણ તે સાંભળી ખુશ થઈ ગયાં ને એક સાથે બોલવા લાગ્યાં, 'કોયલ જીતી ગઈ. કોયલ જીતી ગઈ.'

ઘુવડ પણ કહેવા લાગ્યું કે ખરેખર કોયલ જ સૌથી સરસ ગાઈ શકે છે. તે દિવસથી રોબિન, ચકલી અને બુલબુલની લડાઈ બંધ થઈ ગઈ ને પાછાં બધાં પોત-પોતાના માળાઓમાં પહોંચી ગયાં.

વહાલાં બાળકો, આપણ દરેકને ઈશ્વરે જુદાં જુદાં કૃપાદાનો આપેલાં છે ને તેથી દાનને માટે આપણે અભિમાન ન કરતાં, નમ્રતાથી તે વડે પ્રભુની સેવા કરીએ. વળી પાઉલ જે કહે છે તે હંમેશાં યાદ રાખીએ "કે પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કંઈ ન કરો, દરેકે નમ્ર ભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા." ફિલીપી. ૨:૩.

# સંત પેટ્રીક

ઈ. સ. ૩૪૭ની સાલની આ વાત છે. સ્કોટલેન્ડ દેશના દરિયાકિનારાના એક ગામમાં પેટ્રીક નામનો એક છોકરો રહેતો હતો. તેનાં માતાપિતા પ્રભુની બીક રાખનારા વિશ્વાસી વ્યક્તિઓ હોઈ, તેઓ પેટ્રીકને નાનપણથી જ બાઈબલની વાર્તાઓ શીખવતાં. પેટ્રીકની મા તેને દશ આજ્ઞાઓ શીખવતી. પ્રભુની પ્રાર્થના શીખવતી. સોનેરી વાક્યો મોઢે કરાવતી. આમ નાનપણથી જ પેટ્રીકને ઈશ્વરનાં વચનોનું શિક્ષણ આપવામાં આવ્યું હતું, ને જીવતાં ઈશ્વરનો ભય રાખતાં શીખવવામાં આવ્યું હતું.

પેટ્રીક ૧૬ વર્ષનો થયો ત્યારે અચાનક એક દિવસ દરિયાઈ ચાંચિયાઓ તેને પકડી ગયા ને દૂર એક અજાણ્યા ટાપુ પર લઈ ગયા. આ ચાંચિયાઓ તો એ અજાણ્યા ટાપુના રહેવાસીઓ હતા, ને તેઓ ઝાડ, નદી, પર્વત એ બધાંને દેવ માનીને પૂજા કરતા હતા. તેથી તેઓએ ત્યાં પોતાના દેશમાં પહોંચી, આનંદ ને ખુશાલી મનાવવા પોતાના દેવની પૂજા કરવાની શરૂઆત કરી ને પેટ્રીકને પણ તેઓની જેમ જ પૂજા કરવા કહ્યું.

પણ પેટ્રીકને તો તેની માએ દશ આજ્ઞાઓ બાઈબલમાંથી શીખવેલી તે તેને યાદ હતી કે મૂર્તિને પગે લાગવું નહિ. તેથી તે તો એક બાજુએ ખૂણામાં બેસી રહ્યો પણ તેણે મૂર્તિપૂજા કરી નહિ. આમ ને આમ તે અજાણ્યા ટાપુ પર છ-છ વર્ષો વીતી ગયાં. એક દિવસ પેટ્રીકને સારી તક મળી ગઈ ને તે ત્યાંથી નાસી છૂટ્યો ને પાછો સ્કોટલેન્ડ તેનાં માતાપિતાની પાસે આવતો રહ્યો. તે સહીસલામત પાછો આવ્યો તેથી તેનાં માતાપિતાએ ઈશ્વરનો ખૂબ આભાર માન્યો.

પરંતુ પેલા મૂર્તિપૂજા કરતા ટાપુવાસી લોકોને જોઈને પેટ્રીકના હૃદયમાં એક જાતનો અજંપો ને અશાંતિ પેદા થઈ હતી. પ્રભુના પવિત્ર આત્માએ પેટ્રીકને બેચેન બનાવ્યો હતો, ને તે ટાપુવાસી લોકો પાસે સુવાર્તા લઈ જવાનો બોજ તેને પવિત્ર આત્મા દ્વારા મળ્યો હતો. તેથી તેણે તેનાં માતાપિતા સાથે વાત કરીને પોતે પાછો તે અજાણ્યા ટાપુ પર પેલા જ ચાંચિયાઓ પાસે જઈને તેઓને પ્રભુ ઈસુ વિશે કહેવા માગે છે તેમ જણાવ્યું, પણ માતાપિતાને લાગ્યું કે જો પેટ્રીક પાછો ત્યાં જશે તો જરૂર પેલા ચાંચિયાઓ તેને મારી જ નાખશે. તેથી તે ત્યાં ના જાય માટે માતા-પિતાએ ઘણા પ્રયત્નો કર્યા. પરંતુ પેટ્રીક તો ઈશ્વરના તેડાને નકારી શક્યો નહિ ને તે તો પાછો તે અજાણ્યા ટાપુ પર ગયો ને ત્યાં પ્રભુ ઈસુ વિશે સુવાર્તા પ્રગટ કરવા લાગ્યો ને પ્રભુનો આત્મા તેની સાથે હતો.

તે પ્રભુ ઈસુ વિશે ચાંચિયાઓને કહેતો હતો તેમાંથી સૌ પ્રથમ તે આદિવાસી પ્રજાના રાજાનો ભાઈ જ પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઓળખ પામ્યો ને ખ્રિસ્તી થયો. ને ત્યાર પછી ધીમે ધીમે તે આખા ટાપુ પરના બધા જ લોકો પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવા લાગ્યા ને ખ્રિસ્તીઓ કહેવાયા ને એટલું જ નહિ, ખરા વિશ્વાસીઓ બન્યા.

આ અજાણ્યો ટાપુ તે જ આયર્લેન્ડ દેશ કે જ્યાંથી ત્યાર પછી આખી દુનિયામાં અને ગુજરાતમાં પણ પુષ્કળ મિશનેરીઓ સુવાર્તાનો સંદેશો લઈને આવ્યા. આજે પણ દર વર્ષે માર્ચ મહિનાની ૧૭મી તારીખ તે સંત પેટ્રીકના દિવસ તરીકે ઊજવવામાં આવે છે.

વહાલાં બાળકો, પ્રભુ ઈસુએ પોતે આપણને સર્વને આજ્ઞા આપી છે કે 'તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો, ને બાપ, પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ' (માથ્થી ૨૮:૧૮-૨૦). તમે નાનાં છો ત્યારે તમારાં માતાપિતા, તમારી સન્ડેસ્કૂલના શિક્ષકો બાઈબલનું જે શિક્ષણ તમને આપે છે તે તમારા જીવનમાં ઉતારજો કે જ્યારે તમે મોટાં થાઓ ત્યારે તમે પણ સંત પેટ્રીકના જેવા મહાન મિશનેરી ને આત્માઓ જીતનારા બની શકો.

# મરણનો દૂત

**એ**ક સુખી કુટુંબ હતું. અને શહેરના ખૂબ જ સુંદર વિસ્તારમાં તેઓ વસવાટ કરતાં હતાં. છોકરાનું નામ બિરાજ હતું. બિરાજ દેખાવે સુંદર હતો. શાળામાં તેનો અભ્યાસ પૂરો કરી કોલેજમાં આવ્યો. કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતો હતો ત્યારે, તે ભયંકર માંદગીમાં પટકાયો. માંદગીના કારણે તેને ખૂબ જ બીક લાગતી. નિરાશ થતો. તેને સતત ચિંતા થાય કે હું મરી જવાનો છું. અને એક દિવસે ખરેખર તેને લાગ્યું કે મરણનો દૂત તેની પાસે આવી ગયો છે. જાણે તેને કહેવા લાગ્યો. બિરાજ, ચાલ , હવે તારે મારી સાથે આવવાનું છે.

બિરાજ ખૂબ જ દુઃખી થઈ ગયો. હવે આ દુનિયા, મા-બાપ, મિત્રો, ભાઈ-બહેનો, બધાંને મૂકીને સદા માટે જવાનું બિરાજ માટે ખૂબ મુશ્કેલ હતું. તેણે તો હિંમતથી મરણના દૂતને કહ્યું, હમણાં હું આવી શકીશ નહીં, હાલ તો હું જુવાન છું, મને જગતમાં મોજ મજા કરી લેવા દો, પછી જરૂર તારી સાથે આવીશ. પણ મને આગળથી ખબર આપીને જ આવજે.

મરણનો દૂત બોલ્યો, યાદ રાખજે કે હું પાછો તને લેવા માટે આવીશ.

થોડા જ વખતમાં બિરાજ સાજો થયો. તેણે હવે તો વેપાર શરૂ કર્યો. ખૂબ ખૂબ પૈસા કમાયો, સુંદર ઘર બનાવ્યું, લગ્ન થયું. ઈશ્વરે બાળકોરૂપી આશીર્વાદ પણ આપ્યો. બિરાજ પાસે અઢળક પૈસા હતા આથી તે એશઆરામથી જીવન જીવવા લાગ્યો, ઈશ્વરને પણ ભૂલી ગયો. દેવળમાં જવું, ઈશ્વરનું ભજન કરવું, પ્રાર્થના કરવી, બધું જ ભૂલી ગયો. પણ તેની પત્ની દેવનો ભય રાખનારી સ્ત્રી હતી. તે બાળકોને લઈને દેવળમાં જતી, નિયમિત પ્રાર્થના કરતી, બાળકોને પણ ઈશ્વરની બીકમાં ઉછેરતી હતી. બીજી બાજુ બિરાજ તો અનેક કુટેવોનાં પડ્યો હતો. અને દૂષણોને કારણે તેની તંદુરસ્તી ખરાબ થવા લાગી. બિરાજની ઉંમર વધતાં તેની તબિયત વારે વારે બગડતી ચાલી. હવે તે વૃદ્ધ દેખાવા લાગ્યો.

એક દિવસની વાત છે. બિરાજ ખુરશીમાં બેઠો બેઠો, બગીચામાં ફૂલઝાડ જોતો હતો. અચાનક પેલો મરણનો દૂત આવ્યો, ને તેના ખભા ઉપર હાથ મૂક્યા. મરણનો દૂત બોલ્યો, કેમ બિરાજભાઈ, હવે તો તૈયાર છે ને! આજે તો હું તને લઈને જ જઈશ. બિરાજ રડવા જેવો થઈ ગયો. અને બિરાજ કહે મેં તને નહોતું કહ્યું કે તું મને લેવા આવે તો આગળથી કહીને આવજે. મરણના દૂતે તેને કહ્યું "ચાલ મારી સાથે તારા ઘરમાં અરીસા આગળ ઊભો રહે."

બિરાજ લાકડીના ટેકે ટેકે તેના ઘરમાં જઈ અરીસા આગળ ઊભો રહ્યો. પછી મરણનો દૂત કહે, બિરાજ, પહેલાં તારા વાળ કાળા હતા, હવે કેવા છે ? બિરાજ બોલ્યો સાવ જ ધોળા. પછી મરણનો દૂત

એક ફોટો બતાવીને કહે, બિરાજ, જો પેલો ફોટો, તું હસે છે તો તારા દાંત કેવા સરસ દેખાય છે. બોલ હવે તારા મોઢામાં કેટલા દાંત છે ? બિરાજ કહે નથી. મરણનો દૂત કહે છે, ક્યાં ગયા તારા દાંત? બિરાજ બોલ્યો, ''પડી ગયા.'' મરણનો દૂત કહે, જો પહેલાં તો તું ટટ્ટાર ઊભો રહેતો હતો, ને ઝડપથી ચાલતો હતો, અને હવે તો તારે આ લાકડીને ટેકે ટેકે ચાલવું પડે છે. તું વાંકો વળી ગયો છે. હવે તું પહેલાંની જેમ જ બરાબર સાંભળી શક્તો નથી.

બિરાજ આ બધું જ તને ચેતવણી રૂપે મોકલવામાં આવ્યું હતું. આથી વધારે મોટી ચેતવણી તને આપવાની જરૂર ન હતી. માટે આજે તો તારે મારી સાથે આવવું જ પડશે. મરણનો દૂત બિરાજને લઈ ગયો. બિરાજ મરણ પામ્યો.

વહાલાં બાળકો, વર્ષ પૂરું થયું છે, અને નવી સાલ શરૂ થઈ છે. પ્રભુનું વચન યાદ રાખો. ''હાલ જ માન્ય કાળ છે, હાલ જ તારણનો દિવસ છે.'' માટે નિર્ણય મુલતવી ન રાખીએ. પણ પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકારો. ખબર નથી, મરણ ક્યારે આવશે. આજે અથવા કાલે, કે વર્ષો પછી. પરંતુ પ્રભુને મળવા આપણે તૈયાર રહીએ.

# મહાન બલિદાન

ઘણાં વર્ષો પૂર્વે ઇંગ્લેંડમાં ઓલિવર ક્રોમવેલ કરીને એક લશ્કરી અધિકારી રાજ્ય કરતો હતો. તેના રાજ્યકાળ દરમિયાન તેણે એક નિયમ કર્યો હતો કે જો કોઈ વ્યક્તિ માફ ન કરી શકાય તેવા ગુનામાં પકડાય તો તેને મરણદંડની સજા થતી. આ મરણદંડની સજા પામેલા ગુનેગારોને એક નક્કી કરેલા સ્થળે લઈ જવામાં આવતો ને જે સમય ઓલિવરે તેને માટે ઠરાવ્યો હોય તે જ સમયે ઇંગ્લેંડના સેંટ મેરી નામના દેવળનો ઘંટ કરુણ અવાજે વગાડવામાં આવતો ને ઘંટ વાગે પછી જ તે નક્કી કરેલા સમયે ગુનેગારને ગોળી મારીને મારી નાખવામાં આવતો.

એક વાર એવું બન્યું કે લશ્કરનો એક સૈનિક આ રીતે એક મોટા ગુનામાં પકડાયો ને તેને મરણદંડની સજા ફરમાવવામાં આવી હતી. હવે જે દિવસે તેને મરણદંડ ફરમાવવામાં આવ્યો હતો તે જ દિવસે તો તેનું લગ્ન એક યુવતી સાથે થવાનું હતું.

જોતજોતામાં દિવસો પસાર થઈ ગયા. ને તે દિવસ આવી પહોંચ્યો. પેલી યુવતીને પણ ખબર પડી ગઈ કે જેની સાથે તેનાં

લગ્ન થવાનાં છે તેને તો તેમના લગ્નના દિવસે જ મરણદંડની સજા થઈ છે, પણ એને છોડાવવો કેવી રીતે? ને તેનું સાંભળે પણ કોણ? તે છોકરીને એક વિચાર આવ્યો. એક પણ સેકન્ડ બગાડ્યા વગર તે તો સીધી જ મરણદંડનો સમય થાય તે પહેલાં સેંટ મેરી ચર્ચ પર પહોંચી ગઈ ને સડસડાટ તેની સીડી ચઢી જ્યાં તેનો ઘંટ હતો ત્યાં જઈ ઘંટના લોલકને સજ્જડ રીતે બાઝી પડી.

સમય થયો એટલે આખા શહેરના લોકો ઘંટ વાગવાની રાહ જોવા માંડ્યા. ગુનેગારને મરણદંડની જગા પર, મોં પર બુરખો ઓઢાડી, તેની છાતી પર બંદૂકની અણી ધરી, મારનારાઓ ઊભા હતા, ને ઘંટ વાગવાની રાહ જોતા હતા. ઘંટ વગાડનાર આવ્યો ને સાંજના ૬ વાગ્યે બરાબર ઘંટ વગાડવાનું શરૂ કર્યું. પણ આ શું? ઘંટ વગાડનારો તો ઘંટનું દોરડું જોર જોરથી ખેંચવા લાગ્યો પણ ઘંટ વાગે જ નહિ. ૬ વાગ્યા ને ૧ મિનિટ થઈ, ૨ મિનિટ થઈ, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ મિનિટ થઈ પણ ઘંટ તો ના જ વાગ્યો. ઘંટ વગાડનાર પોતાની ફરજ પૂરી કરીને ચાલ્યો ગયો. ઓલિવર ક્રોમવેલ તથા તેના શહેરના બધા લોકોને ખૂબ નવાઈ લાગી. પેલા મારનારાઓને પણ ખૂબ નવાઈ લાગી. હવે તો સમય વીતી ગયો માટે મૃત્યુની સજા થઈ શકે નહિ.

એટલામાં તો લોહી દદડતી હાલતમાં લથડિયાં ખાતી એક યુવતી ઓલિવર ક્રોમવેલ પાસે આવી પહોંચી ને તે પોતાના હાથ તેની આગળ જોડીને બતાવવા લાગી. ઘંટના લોલકનાં અથડાવાથી તેના હાથ અને માથામાં ભારે ઇજા થઈ હતી ને તેમાંથી પુષ્કળ લોહી વહી રહ્યું હતું.

ઓલિવર ક્રોમવેલ સમજી ગયા ને માત્ર એટલું જ બોલ્યા કે જા, તે જુવાનને હું માફ કરું છું.

વહાલાં બાળકો, આપણે પણ પાપી બાળકો છીએ. પરંતુ પ્રભુ ઈસુએ આપણે માટે વધસ્તંભનું મરણ સહન કર્યું (યશાયા : ૫૩) કે જેથી આપણાં પાપ માફ કરવામાં આવે ને આપણને અનંતજીવન મળે.

# ઈરાનનો શહેનશાહ

કેટલાંક વર્ષો પૂર્વે ઈરાન દેશમાં એક શહેનશાહ રાજ્ય કરતો હતો. તે બહુ ભલો રાજા હતો. તેની પ્રજાની તે ખૂબ સારી રીતે સંભાળ રાખતો. તેના રાજ્યમાં જેઓ દુઃખી અને ગરીબ હોય તેઓની મુશ્કેલીઓ જાણવા ઘણીવાર રાત્રે તે વેશપલટો કરીને ફરતો. છાનોમાનો શહેરના ગરીબ અને સામાન્ય વર્ગના લોકોના વિસ્તારમાં જઈ તેઓની સાથે હળતો મળતો. તેઓની વાતચીત ને ખાસ તો તેમની મુશ્કેલીઓ જાણી તે પોતે તેમને મદદ કરતો.

ઘણી વાર તો દિવસે પણ આ રીતે વેશપલટો કરી ગરીબ લોકોનાં ઝૂંપડાંઓ સુધી તે પહોંચી જતો. તેઓ સાથે વાતચીતમાં એટલો બધો ઊંડો ઊતરતો કે તેમનાં અંગત જીવનો ને જરૂરિયાતો વિશે જાણ્યા પછી પોતે તેમને રાજા તરીકે મદદ કરતો. તેમની મુશ્કેલીઓ દૂર કરતો.

એક દિવસ તો તે સાવ ગરીબ મજૂરી કરનાર માણસના જેવો બની, જાહેર જે સ્નાનાગાર હતું ત્યાં ગયો. ત્યાં ઘણા મજૂરો ને ઘરબાર વગરના ગરીબ લોકો નહાવા ધોવા આવતા. શહેનશાહ

પણ ગરીબ મજૂરી કરીને થાકીને આવેલો એવો, એક મજૂર નળ નીચે બેસીને નહાતો હતો, તેની બાજુના નળ નીચે જઈને નહાવા બેસી ગયો. નહાતાં નહાતાં બાજુના નળ નીચે બેઠેલા પેલા મજૂર સાથે વાતો કરવા લાગ્યો. નાહી લીધા પછી તે બંને મજૂરો સાથે ખાવા બેઠા. શહેનશાહ પાસે તો કાંઈ ખાવાનું ન હતું. તેથી પેલા મજૂર પાસે લૂખ્ખો રોટલો હતો તે, તે બંનેએ ખાધો પછી બંને છૂટા પડ્યા.

આમ રોજ તેઓ બંને એ સ્નાનાગારે મળતા, સુખ-દુઃખની વાતો કરતા, સાથે બેસી જે કાંઈ હોય તે જમતા, ને પછી છૂટા પડતા. આમ લગભગ અઠવાડિયા સુધી નિયમિત રીતે શહેનશાહ મજૂર જેવો બની રોજ પેલા ગરીબ મજૂરને મળવા આવતા. એક દિવસ તો તે પોતાના રાજપોષાકમાં શહેનશાહ તરીકે જ પેલા મજૂરને એ સ્નાનાગારે મળવા આવ્યા, તે મજૂરને મળીને પોતાની ઓળખાણ આપી.

શહેનશાહને જોઈને પેલો મજૂર તો સ્તબ્ધ જ થઈ ગયો શહેનશાહ કહે મિત્ર, હું જ તે મજૂર હતો કે જે રોજ તને આ જગ્યાએ મળતો હતો. બોલ, તારે શું જોઈએ છે ? પેલો મજૂર તો બિચારો એકીટસે શહેનશાહ સામે તાકી રહ્યો. શહેનશાહને એમ કે જરૂર હમણાં આ ગરીબ માણસ ભારે કિંમતની ભેટ સોગાદની માગણી કરશે કાં તો ખૂબ બધા હીરા, મોતી કે પૈસા માગશે.

પરંતુ પેલો મજૂર તો બિચારો સ્તબ્ધ જ થઈ ગયેલો. તે તો ધીમે રહીને ખૂબ અદબથી બોલ્યો, નામદાર, મારે તમારી પાસે કશું ના જોઈએ. પણ તમે તમારો રાજમહેલ છોડી તથા રાજગાદી છોડી

મારા જેવા એક ગરીબ મજૂર સાથે બેઠા, મારા જેવાના મિત્ર બન્યા, મારા હૈયાની વરાળ ને મારાં સુખદુઃખ તમે સાંભળ્યાં ને મારો લૂખ્ખો રોટલો પણ તમે ચાખ્યો. આટલા દિવસો તમે જે મિત્રતા મારી સાથે રાખી છે તે જ તમે હંમેશા ચાલુ રાખો એટલું જ બસ મારે જોઈએ છે.

આ સાંભળી શહેનશાહને ખૂબ નવાઈ લાગી ને ત્યાર પછી તે પેલા મજૂરના ખાસ અંગત મિત્ર બની ગયા.

વહાલાં બાળકો, પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણા જેવા અધમ માનવીઓ માટે બાપની ગોદ ને સ્વર્ગનો વૈભવ છોડી આ પૃથ્વી પર આવ્યા અને આપણ પાપીઓની વચમાં આવીને રહ્યા ને માત્ર આપણા મિત્ર જ નહિ પરંતુ તે તો આપણા તારણહાર બન્યા.

# સાચી મિત્રતા

ઘણાં વર્ષો પૂર્વે સિસિલી નામના બેટ પર આવેલા સિરેકુઝ શહેરમાં એક આપખુદ રાજા રાજ્ય કરતો હતો. તેના જુલમથી તેની પ્રજા ત્રાસી ગઈ હતી. પરંતુ "દરિયામાં રહેવું અને મગર સાથે વેર થાય" વળી "બિલાડીની કોટે કયો ઉંદર ઘંટડી બાંધી શકે?" એવા વિચારોથી લોકમાંથી કોઈ પણ રાજાની વિરુદ્ધ કાંઈ કરી શકતું નહિ. આખરે રાજાના જુલમથી કંટાળેલા અને જીવ પર આવેલા એક ડેમન નામના જુવાને રાજા પર તેની ક્રૂરતા માટે ફરિયાદ માંડી! આથી રાજાએ ગુસ્સે થઈને ડેમનને મોતની સજા ફરમાવી. ડેમને પોતાનું મૃત્યુ થાય તે પહેલાં પોતાની પત્ની અને બાળકોને મળવા જવા માટે રાજા પાસે કાલાવાલા કરી રજા માંગી, પરંતુ એ બહાને તે નાસી જવા માંગતો હશે એમ સમજીને રાજાએ તેને રજા આપી નહિ.

ડેમનને પિથીઆસ નામે એક મિત્ર હતો. તે પોતાના મિત્ર પર આ રીતે આવી પડેલા સંકટથી બહુ દિલગીર થયો. તેણે રાજા પાસે જઈ વિનંતી કરી. ડેમનને છ કલાકની રજા આપવા મહેરબાની કરો ને તેને બદલે હું કેદમાં રહીશ, અને જો ઠરાવેલા સમય સુધીમાં તે

હાજર નહિ થાય તો તેને બદલે હું મરીશ. આ કબૂલાતથી રાજાએ ડેમનને રજા આપી ને પિથીઆસને કેદમાં પૂર્યો.

પિથીઆસ કેદખાનામાં હતો. તેને ડેમને ચાર કલાકમાં પાછો આવીશ એમ કહ્યું. પણ ઠરાવેલા સમયમાં તે પાછો આવી શક્યો નહિ. તેને જેમ જેમ મોડું થતું ગયું તેમ તેમ લોકોને શંકા આવવા લાગી અને તેઓ ડેમનને ધિક્કારવા લાગ્યા. પરંતુ પિથીઆસની સ્થિતિ તો જુદી જ હતી, તે બિલકુલ ગભરાયો નહિ પણ અંતઃકરણથી તે એવું ઇચ્છતો હતો કે ડેમન ના આવે તો સારું, એ માટે કે મિત્રસેવા સંપૂર્ણ રીતે બજાવવાને તેને પ્રસંગ મળે. હવે છઠ્ઠો કલાક પણ પૂરો થવા આવ્યો તોપણ ડેમન તો આવ્યો નહી. પોતાના મિત્રનો પ્રાણ પોતાના પ્રાણના જોખમે બચાવવા માટે પિથીઆસ ઘણો જ આતુર હતો. ઠરાવેલો સમય પૂરો થવા આવ્યો એટલે રાજા છેલ્લી પળે તેનું મૃત્યુ જોવા વધસ્થાને આવ્યો.

સંપૂર્ણ શાંતિભરી વીરતાથી અને ઊભરાતા આનંદથી પિથીઆસ પોતાના મિત્ર માટે મરવા તૈયાર થયો. તેને જોવા મળેલા લોકોના ટોળાને ખૂબ આનંદથી તેણે કહ્યું કે, "મારો મિત્ર અકસ્માતને લીધે કે માંદગીને લીધે જ આવી શક્યો નહિ હોય."

પિથીઆસ ફાંસીના માંચડા પર ચઢ્યો હતો તેવામાં તેણે જોયું તો દૂરથી પૂરપાટ દોડતે ઘોડે પોતાનો મિત્ર ડેમન વધસ્થાન તરફ આવતો હતો. ઠરાવેલા સમયની છેલ્લી પળે હાજર થઈ ડેમન પોતાના મિત્રને ભેટી પડ્યો. તેણે જણાવ્યું કે મારો ઘોડો મારી નંખાયેલો હોવાથી બીજો મેળવતા વાર થઈ અને તેથી મને વિલંબ થયો. વિલંબ માટે તેણે પોતાના મિત્રની ક્ષમા માંગી. પિથીઆસ પોતાના

મિત્રને માટે પોતે મરે તેને માટે રાજાને તથા ડેમનને સમજાવવા લાગ્યો. મિત્ર પ્રેમથી આશ્ચર્ય પામતા રાજાએ ડેમનનો અપરાધ માફ કર્યો, એટલું જ નહિ પણ પોતે તેમનો મિત્ર બની સુધરી ગયો. આથી પ્રજાનું પણ બહુ હિત થયું.

"પોતાના મિત્રને માટે જીવ આપવો તે કરતાં મોટો પ્રેમ બીજા કોઈનો નથી." ખ્રિસ્તે દુશ્મનો માટે પોતાનો પ્રાણ આપ્યો. પિથીઆસ તેમ જ આખી દુનિયાના પ્રેમ કરતાં તેનો પ્રેમ સર્વોત્તમ છે.

9BGV2